# વેદાન્ત વિચાર

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] (ઠુ[illegible])

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અમદાવાદ

[illegible]

---

( [illegible] )

[illegible]

કિંમત [illegible]

[illegible]

[illegible]

# VEDANT VICHARA

## AND

# PARCHURAN PRABODH

BY

A VEDANTI

LALLUBHAI PRABHASHANKER.

Rayakwal Brahmin Inhabitant of Baroda originally and then Ahmedabad.

At present Sidhpur.

Second edition, revised and enlarged.

AHMEDABAD.

Printed at The "JOLLY PRINTING WORKS."



Samvat 1959. A. D. 1903.

Price one Rupee and five annas British.

# વેદાન્ત વિચાર.

અને

## પરચરણ પ્રબોધ.

(કેટલાક વધારા ઘટારા સાથે સારા સુધારા સહીત)


રચી પ્રસિદ્ધ કરનાર.

વેદાન્તી.

**લલ્લુભાઈ પ્રભાશંકર (કુબેરથંકર.)**

રાયકવાળ બ્રાહ્મણ.

મુળ રહેવાશી શહેર વડોદરા. પછી અમદાવાદ.

હાલ વરતી શ્રી સીદ્ધપુર ક્ષેત્ર—કડીપ્રાંત.

જીલ્લે વડોદરા.





અમદાવાદ.

"ધી ડેલી પ્રીન્ટીંગ વર્કસ"





બીજી આવૃતી

કીંમત રૂ. ૧—૫—૦.

એક રૂપીઓ પાંચ આના કલદાર.

સંવત ૧૯૫૯. સને ૧૯૦૨.

## સદર પુસ્તક રચવામાં મદદ કરનારનાં મુબારક નામોની યાદી અનુક્રમવાર ઉપદેશક

મે૦ આત્મારામ મોરેશ્વર, છત્રે બી. એ. પ્રોફેસર સંસ્કૃત એન્ટ વર્ના-
કયુલર લેંગવેજીસ વડોદરા હાઇસ્કુલ.

બ્રહ્મચારી પરમાનંદજી મહારાજ ક્ષેત્ર સિદ્ધપુર.

પરમહંસ પરીવ્રાજકાચાર્ય માધવતીર્થ ગુરૂનારાયણ તીર્થ સપ્રીધર

ભરૂચનિવાસી સ્વામી અદ્વૈતાનંદજી.

ખંભાતનીવાસી સ્વામીચીદ્ઘનાનંદજી.

ઉપર બતાવેલા મહાત્માઓને ગુરૂપદને ઘટે તેટલાં માનપૂર્વક અભિવંદન કરૂં છું.

## વખતો વખત નકલો તથા કાગળ પત્ર વિગેરે લખવામાં તથા પરચુરણ કામમાં મદદ કરનારનાં મુબારક નામોની યાદી અનુક્રમવાર.

ચી. શંભુપ્રસાદ લલ્લુભાઈ વડોદરા. હાલ અમદાવાદ. હજીરા પોળ.

રા. રા. ચંચલ ઉર્ફે કેસવલાલ મગનલાલ, સીદ્ધપુર.

ઉપર બતાવેલા ગૃહસ્થોને તેમની લીધેલી તસદીને માટે સાબાશી આપું છું.

## પ્રુફશીટસ તપાસવા તથા કાગળ પત્રો લખવા વિગેરેમાં મદદ કરનારનાં મુબારક નામોની યાદી અનુક્રમવાર.

રા. રા. મણીભાઇ પીતાંબર ભટ્ટ. અમદાવાદ.

ઉપર બતાવેલા સદ્‌ગૃહસ્થનો અંતઃકરણ પૂર્વક પ્રેમ પૂર્વક આભાર માનું છું.

## કેટલીક કહેવતો તથા બેહેતો કવિત સંપાદન કરી આપવામાં મદદ કરનારનાં મુબારક નામોની યાદી અનુક્રમવાર.

મરહુમ દેશાઇ અવનીધર પ્રલ્હાદજી પાટણ વાળા.

મહંત જેઠાભારથી સીદ્ધપુરવાળા આંખની દવાના નેટીવ ડાક્તર સીદ્ધપુર.

ઉપર બતાવેલા બંને સખસો એક સરખા ઇષ્ટ મિત્ર હોવાથી તેમણે લીધેલા શ્રમ માટે અનુક્રમવાર પ્રેમ પૂર્વક આભાર માનુ છું.

**જે જે સદ્‌ગૃહસ્થોએ પુસ્તક પ્રથમ પસંદ કરિ પબ્લીક માટે છપાવી પ્રસીદ્ધ કરવા અભીપ્રાયો. વ. સર્ટીફીકેટો આપેલાં તેમનાં મુબારક નામોની યાદી અનુ ક્રમવાર.**

શ્રી ગોકુલેંદુ જયદેવ લાલજી મહારાજ. મુ વિરમગામ.
નામદાર દીવાન બહાદુર મણીભાઇ જશભાઇ. મુ. વડોદરા.
મે. રા. બા. વિનાયકરાવ મહાદેવ પડીત નાયબ દિવાન સાહેબ વડોદરા.
મેં મરહુમ મણીલાલ નભુભાઇ દ્વિવેદી બી. એ.
મે. ગોવર્ધનરામ માધવરામ ત્રીપાઠી બી. એ. એલ એલ. બી. સરસ્વતીચંદ્રના કર્તા.
રા. રા. હર્ષદરાય સુંદરરાય રાજકવી પાલીટાણા.
મે. મોતીલાલ પુર્ષોતમદાસ સિદ્ધપુર એંગ્લોવર્નાક્યુલર સ્કુલનાહેડમા૦ સાહેબ.
મે. રા. સા. ભગવાનલાલ પ્રાણલાલ. નાયબ દીવાન સા. જાંબુવાસ્ટેટ.
મે. રા. સા. ક્રીષ્ણલાલ ઓચ્છવલાલ હેડકલાર્ક કલેકટર સાહેબની ઓફીસ અમદાવાદ.
મે. રા. સા. નારાયણરાવ ભાસ્કરરાવ એજ્યુકેશનલ ઇંસ્પેકટર સાહેબ કડીપ્રાંત રાજ્ય વડોદરા.
વેદાંતી. હરગોવીંદ મુલેશ્વર પંડીત સીદ્ધપુરકર.
મે. માધુભાઈ રણછોડદાસ સંકચાવાળા અમદાવાદ.
મેં રા. બા. પ્રહ્લાદજી સેવકરામ સુબાસાહેબ કડીપ્રાંત રાજ્ય વડોદરા.
મે. રા. રા. લક્ષ્મણસીંહ વરવાજી યાદવ સૃષ્ટીસૌદર્ય પુસ્તકના કર્તા મુ. ઇડર (મહીકાંઠા)
પરમહંસ પરિવ્રાજકાચાર્ય માધવતીર્થ ગુરૂ નારાયણતીર્થ સીદ્ધપુર.
શ્રી હનુમાનદાસ એક બંગાલી બાબુ તથા પાંચસો રૂપિયાના અધીકારી હાલ જ્ઞાનીની દશા પામી યોગાભ્યાસ આરંભ્યો છે. મુ. આગ્રા.
સ્વામી સરસ્વતી ઉર્ફે બબંસ્વામી પાટણ.
શુકલ હરગોવીંદ વિજ્યેશ્વર ધનપાડી સિધપુર.
મે. રા. સા. વેણીશંકર રેવાશંકર શુકલ મુનસફ સાહેબ સીધપુર.
નેક નામદાર પુણ્ય પવિત્ર લીંમડી ઠાકોર સાહેબ શ્રી જસવંત સીંહજી મહારાજ.
મે. રા. બા. પ્રભાશંકરભાઇ દલપતરામ પટણી દીવાન સાહેબ ભાવનગરસ્ટે.
ખા. બા. જમસેદજી. ન. ઉનવાળા પ્રીન્સીપાલ સાહેબ ભાવનગર કોલેજ.
મે. રા. બા. દુલભજી ધરમસી વેદ, સંસ્કૃત સ્કોલર મુ. રાજકોટ.
મે. સીતારામ નારાયણ પંડીત બેરિસ્ટર. એટ, લૉ મુ. રાજકોટ.
પુજ્ય પાદ શ્રી નથુરામ શર્મા બ્રહ્મનિષ્ઠ મુ. પોરબંદર
બ્રહ્મનીષ્ટ પંડીતજી શ્રીમન્ ભાર્તમાર્તંડ રમાનાથજી ક્ષેત્ર કાશી (બનારસ) હાલ મુ. શ્રી સીધ્ધપુર ક્ષેત્ર.

श्री

# अर्पणपात्रिका.

ॐ तत्सद्ब्रह्मणेनमः

## સવૈયા.

સત્ય સનાતન એક અખંડિત, અંતર્યામી અગોચર મંડન,
સુરજ ચંદર અનેક વિષે, ઝળકી રહ્યો આપ સમસ્ત સુભાવન,
કોઇ કળી ન શકે કલયા મહી, જ્ઞાન સ્વરૂપ દીસે રસમંડન,
તે શુભ દષ્ટ અનુપ સ્વરૂપને, હું અરપું ગણી આનંદ કંદન.

હું' અને 'તું' એ શબ્દ જુદા છે યદ્યપિ વાચક વર્ગને 'તું' રૂપે ઓળખાવવા સુચક રૂપે 'હું' મૂકું છું. અનંત આકાશમાં નીરાકારરૂપે અનંત કોટી બ્રહ્માંડમાં તથા આ પત્રમાં, તેમજ લખનારના, સ્થુળમાં દ્રષ્ટારૂપે જેમ તલમાં તેલ અને કાષ્ટમાં અગ્નિ, રહે છે તેમ આનંદઘન તથા થઈ જેલા ધાની માફક તું છે. હું શું લખું છું તે તું જુએ છે; હું કોણ છું એવો પ્રશ્ન, ભ્રમ, માયિક ચક્રની નહક સ્ફુરણતા જો કે નીકળતો હોય તો-તે પણ જોનાર તું છે. યદ્યપ આ અક્ષર સાક્ષરના પ્રકાશપણામાં તું લખ્યું લખિત પ્રકાશિત ભાસે છે તેથી હું તને વારંવાર અભિનંદન કરૂંછું અને સદા સર્વત્ર તને ઓળખીને શ્રુતિદ્વારાએ શ્રુતજનોને તું ક્યાં છે તે માર્ગ બતાવવાને જે અકીત્રમ આંગળી બતાવી છે, તેના ઉપર પણ તું જુએ છે; તેથી આ લઘુ પુસ્તક તનેજ અર્પણ કરૂંછું કિંવા તું તે હુંજ છું તેથી આ સ્થુળમાંથી નીકળેલા ધ્વનિ વાચક સારતત્વ આ સ્થૂલમાં દ્રષ્ટા રૂપે જે હું બેઠો છું તે પોતેજ પોતાને અર્પે છે.

તથાસ્તુ.

## વિજ્ઞપ્તિ.

પ્રેસની કેટલીક અણધારેલી અડચણોને લીધે પુસ્તકની અંદર
રહેલી ખામીઓ તથા થએલી ચુકો બદલ કૃપાળુ
દરગુજર થવા તથા સુધારી લઇ નભાવી લેવા
વિનંતી છે.

# પ્રસ્તાવના

આ ગ્રંથમાં જે જે હકીકત દાખલ કરેલી છે તે કાંઇ ફકત માન મેળવવા અથવા શ્રેષ્ટપણું બતાવવાના હેતુથી છે એમ કોઈએ પણ સમજવું નહીં. પરંતુ સર્વે મનુષ્યોનો ધર્મ છે, કે સારમાં સાર જે વસ્તુ હોય તે કરવી, એ પ્રમાણે આખા જગતમાં શોધ કરતાં તથા મન શક્તિથી વિચાર કરતાં સાર વસ્તુ ઇશ્વરનું ગ્નાન જણાયું તેથી તે ઉપર મન લગાવી હમેશ મનન થવાને વાસ્તે આ હકીકતનો સમુહ કરેલોછે. આખા જગતમાં જોઇએ છીએ તો કેટલાક લોકો પોતાની આંખમાંનું રહેલું મુસળું નહીં દેખતાં બીજાની આંખમાં તરખલું દેખે છે: અને લાગલાજ સામા માણસની નિંદા કરવા માંડે છે એનું કારણતો એટલુંજ જણાય છે કે માયાના વિકારમાં ગરક થવાથી ખરી વાતની સમજણ તેમને પડતી નથી. ખરેખરોવિચાર કરીએતો દરેક મનુષ્યે વિચાર કરવો જોઇએ કે પોતાના ગામની હકીકત જાણ્યા શીવાય પરગામની હકીકત જાણવી એ બરોબર રીતે બને નહીં કેવી રીતે કે કોઇ માણુસને એમ પુછીએ કે તારૂં તથા તારા બાપનું નામ શું ? તથાં તું કયા શહેરમાં કઇ પોળમાં રહે છે ? ત્યારે જો જવાબ આપે કે મારૂં તથા મારા બાપનું નામ તથા ગામ ઠામ ઠેકાણાની મને ખબર નથી ત્યારે સઘળા લોકો એમજ કહેકની કે આ માણુસ પોતાના ગામની તથા બાપના નામ ઠામની હકીકત જાણતો નથી. તો એને બીજી ઉગ્યા આથમ્યાની શી ખબર હશે ? ઉપર બતાવેલું એ તો એક દ્રષ્ટાંત છે. પરંતુ સિદ્ધાંત એ છે કે, હું તે કોણ ? હું શી રીતે પેદા થયો ? તથા મને પેંદા કરનાર કોણ ? અને મને પેંદા કરવાનું કારણ શું? તથા તે પેંદા કરનાર કેવા હશે? તથા હું ક્યાંથી આવ્યો?ને હવે ક્યાં જવાનોછું? અને જ્યાં જવાનોછું ત્યાં સાથે શી શી સામગ્રી લેઇ જવી જોઇએ વીગેરે વિષે જેના મનમાં વિચાર પણ આવ્યો નથી. એ માણસો કેવા હશે? ઉપરના પોતાના બાપના નામ ગામ ઠામની જેને ખબર નથી તેવા તે માણસો હોવા જોઇએ પછી તેઓ ગમે તેવા હુંશીઆર કાયદા કાનુન જાણવાવાળા તથા [illegible]ની દરીયામાં જોડા પહેરીને ચાલે તેવા કળાવાન હોય તો

પણ એ તેમનાં બધાં પ્રેરકમેં વ્યર્થ છે. માટે આ લઘુગ્રંથ તે હકીકત સર્વે સજ્જનોને જાણવા સારૂ પ્રસિદ્ધ કર્યો છે. હું, કોણ ક્યાંથી આવ્યો? અત્રે મારૂં કર્તવ્ય કર્મ શું છે. હવે જવાનો ક્યાં એ વિગેરે ઉપર બતાવેલી બાબતો જાણવી એ દરેક મનુષ્યનું મુખ્ય કર્તવ્ય કર્મ છે એમ લાગે છે હવે આ જગતમાં ઉત્તમ એટલે શ્રેષ્ટ કામ સર્વ માણસોએ કરવું જોઈએ માટે પ્રશ્ન ઉઠે છે કે ઉત્તમ ક્રિયા કેઈ? તેનો જવાબ એટલોજ કે નિવૃત્ત થવું હવે નિવૃત્ત થવું એટલે શું? તો કે, વાસનાનો લય કરવો તે એવી રીતે કરવો કે તે ફરીથી ઉત્થાન પામે નહી તે એવી રીતે કે નવ તત્વોનો જે વાસના લીંગ દેહ તે વાસનાનો લયકરવો સવાલ કે લીંગ દેહ કહ્યા તેતાં નવ તત્વ તે કીયાં કીયાં? જવાબ કે ચાર અંતઃકરણ ને પાંચ જ્ઞાનેદ્રિયો એ મળીને એ નવ તત્વ થયાં. સવાલ ચાર અંતઃકરણ કીયાં કીયાં જવાબ કે મન બુદ્ધિ, ચિત્ત, ને અહંકાર આ ચાર અંતઃકરણ થયાં, પાંચ તનમાત્રા એટલે શું? ઉત્તર કે ઇંદ્રિયો વગર સાંભળવાનું સ્વાદ જણાવવું ગંધ જાણવાનું રૂપનું અને સ્પર્શનું જ્ઞાન થાય છે તેને પાંચ તન માત્રા કહે છે જ્યારે વાસના લીંગ દેહને નવ તત્વ છે ત્યારે આ સ્થુળ દેહને કેટલાં તત્વ હશે? આ સ્થુળ દેહને વાસના લીંગ વડે કરીને તેર તત્વ છે, માટે આ જગોએ વાસના લીંગ દેહનો સ્થુળ દેહમાં સમાસ કરીને કહેવામાં આવેછે કે, ચોવીસ. પચીશમી, માયા ને છવીસમો પરમાત્મા આ શિવાય દુનિઆમાં બીજી કંઈ વસ્તુ નથી, થોડી બુદ્ધિવાળા લોકો હાલતું ચાલતું શરીર બંધ થઇ જાય છે તેથી એમ માને છે કે એ આત્મા મરી ગયો પણ આત્મા કંઇ મરતો નથી. ભગવત ગીતાના બીજા અધ્યાયમાં શ્રી ભગવાને અર્જુનને કહેલું છે કે જેમ મનુષ્ય જુનાં લુગડાં ઉતારીને નવાં ધારણ કરે છે તેવિ રિતે આત્મા જૂના દેહનો ત્યાગ કરિને નવો દેહ ધારણ કરે છે. વળી એ આત્મા કેવોછે, સસ્ત્રવડે છેદાય શકાતો નથી. દેવતાથી બાળી શકાતો નથી, અને વાયુથી સુકાતો પણ નથી માટે આત્મા તો સદા નિત્ય છે આદી અનાદી છે. જે વસ્તુ ઉત્પન્ન થઇ હોય તેજ લય પામે. આત્માના વિષે એવો કંઇ એક સંબંધ નથી.

અનિર્વાચ્ય.

બ્રહ્મ —— મહાકાશ

જ્ઞાનશુદ્ધ } મેઘ | મેઘાકાશ } સર્વજ્ઞ

માયા | મહેશ

જલ | જલાકાશ

અજ્ઞાનમિશ્ર — અલ્પજ્ઞ

અવિદ્યા | જીવ

મહતત્વ

સાત્વિક અહંકાર

રાજસ અહંકાર

તામસ અહંકાર

પંચમહાભૂત

અંડ

ચતુર્દશ ભૂવન

મનુષ્ય છેલ્લે ચતુર્દશ ભૂવનમાં પ્રાણી ઉત્પન્ન થાયછે. તે વખત તેને જાણવાની ઘણીજ અસંખ્ય બાબતો છે. તેનો પાર આવે તેવો નથી માટે પોતાના આત્માના કલ્યાણાર્થની વાત વીચારવી જોઇયે, આજના સમામાં જે સારા વિદ્વાન ગ્રહસ્થો પોતાના અમૂલ્ય વખતનો લાભ લેવા આતુરતાથી ઉતસુક્ત જણાય છે. તે સર્વે સજ્જનોને માનપૂર્વક નમન કરી આ તત્વ-જ્ઞાન સંબંધનો નાનો ગ્રંથ તેઓ સાહેબની સેવામાં મુકવા રજા માગુછુ. આ નાનો ગ્રંથ તત્વજ્ઞાન સબંધી છે. આ ગ્રંથ જોતાં પહેલા તત્વજ્ઞાન સંબંન્ધે પુર્વના સંબંધમાં કેટલું માન હતું. તથા તે જ્ઞાન કોણે કેવી રીતે કેટલે દરજ્જે પ્રાપ્ત કરેલું તેને માટે ઘણા લોકોના કેવા અભીપ્રાય થએલછે તે પ્રસ્તાવના તરીકે સુચના કરી ગ્રંથ શરૂ કરવો તે વધારે અસરકારક થશે એમ ધારી થોડીક સુચના કરવામાં સદ્ગૃહસ્થોનો વખત લેવા જરૂરછે

તો આશા છે કે સઘળો ગ્રંથ શાંતપણે મનન કરી તથા તે ઉપર પોતાનો જે કંઈ અભિપ્રાય બંધાય તે પ્રમાણે ગુણ ગ્રહણ કરશો. ઇશ્વરની પૂર્ણ કૃપાથી અને જગતના આઘાત પ્રત્યાઘાતના નિયમથી આપણે આર્ય લોકો હાલ આપણા ભરભરાટી ભરેલા રાજ્ય કર્તાઓના આધાર અને સત્તા નીચે સુધરેલી મંડળીના પેંગડામાં પગ મુકવાને અને આપણી પૂર્વની સ્થિતિએ પહોંચવાને પ્રયત્ન કરવા મંડયા છીએ. આપણી જન્મ ભૂમી ભરતખંડ જે સ્વતંત્રતા અને તત્વજ્ઞાનનું ક્ષેત્ર હતું ને જેને પુર્વ પશ્ચિમ તરફના જે તમામ લોકોએ અતિ તેજસ્વી એમ કબુલ કરેલી છે, તે આપણી જન્મભૂમી હાલ સેંકડો વર્ષથી પડતી સ્થિતિમાં રહેલી હવે પૂનઃ ઊંચુ ડોકું કરવા મંડી છે. ને તે ઘણું કરીને અગાઉના કરતાં પણ વધારે સારો યશ પ્રાપ્ત કરે તેમ છે. આપણી આર્ય ભુમીએ કલા કૌશલ્ય શાસ્ત્ર, વિદ્યા, જ્ઞાન અને સુજ્ઞતા સંબંધે સર્વથી ઉંચ છે એમ અનેક જુના ઇતિહાસ કર્તાઓના સંમતથી સિદ્ધ થયું છે, યુરોપખંડમાં મોટામાં મોટી બે પ્રજા છે એક ફ્રાન્સ ને બીજું જર્મની તેમાં હિંદુસ્તાન જેવો પૂર્વને માટે વખાણાયલો છે તેવો જર્મની પશ્ચિમને માટે વખાણાયલો છે. તો આ આબરૂ અને પ્રતિષ્ઠાઓને યોગ્ય થવાને આપણે શું ઇચ્છવું ન જોઇએ ?

૧ જેમ હાલ યુરોપમાં જર્મની જેવી સ્થિતિમાં છે. તેવી એશીયામાં આપણી આર્ય ભુમી હેવી જોઇએ એમ આપણે શું ઇચ્છવું ન જોઇએ? અલબત ઇચ્છવુંજ જોઇએ મોટા મોટા ઇતિહાસ કર્તા જેવા કે દાકતર ડબલ્યુ રોબરસ્ટન, વીગેરે તેઓ હિંદુસ્તાન વિષેના જુના ઇતિહાસ કર્તા પોતાના રિમાર્કમાં લખે છે કે તેઓને તેમજ તમામ લોકોને સર્વ કળા, કૌશલ્યની બાબતો હિંદુસ્તાનમાંથીજ મળેલી છે અને તે ઉઘાડી રીતે જાહેર કરે છે. કે હિંદુસ્તાનના આર્યનીવાસીઓ પુર્વે ફક્ત વધારે સુધરેલા હતા એટલુંજ નહીં પરંતુ વિદ્વતામાં બીજી હરકોઇ પ્રજા કરતાં વધારે ગતિમાં હતા.

૨ યુરોપનો એક સદગૃહસ્થ સર વુલીયમ જોન્સ પોતાના પુસ્તક નંબર ૧ ના પાના ૧૨૦-૧૨૫ અને ૧૨૭ માં લખે છે, કે યુરોપના મોટા વિદ્વાન સદગૃહસ્થો જેવા કે પીથેગોરાસ અને પ્લેટો વિગેરે એઓએ પોતાનાં ગંભીર તર્ક શાસ્ત્ર હિંદુસ્તાનના મહાન્ વિદ્વાનોના સમુદ્રમાંથીજ ઉતારી લીધેલા હશે એમ માન્યા શીવાય ચાલતું નથી, કારણ વેદાંત અને તેની અંદરના દ્રષ્ટાંતોની અનેક સુંદર રચનાઓ વાંચવી તથા સમજી શક

વી ઘણી મુસ્કેલ છે.

૩ એક સદગ્રહસ્થ સર ફ્રેડીકવાન કરીને યુરોપનો વિદ્વાન પોતાના હિંદુસ્તાનની ભાષા અને વિદ્યા તથા તત્વજ્ઞાન સંબંધીના રચેલા ગ્રંથમાં બીજા પુસ્તકમાં ખાતરી કરે છે કે તમામ આશ્ચર્યકારક નવા શોધો જે છે તે મૂખ્ય કરી હિંદુસ્તાનમાં બનેલા છે જે શોધો બતાવે છે કે જુના વખતમાં આપણા આર્ય લોકોની ગતિ ઘણુ દરજજે સારી હતી એમ સ્પષ્ટતાથી કહેવું જોઇએ જુઓ ભારતાદીક પુરાણો વિગેરે કે પૂર્વ દિશા તરફના આપણા આર્ય લોકો ઇશ્વર સંબંધી અગાઉ કેટલું જ્ઞાન ધરાવતા હતા. તેઓના સઘળા ગ્રંથો ઉમદા સ્વચ્છ અને મોટા વિશાલ અભીપ્રાયોથી ભરપુર હતા, અને હાલ પણ છે. શોધકોને સુલભ રીતે મળી આવે છે.

૪ એક વિકટોર જોન ફ્રાન્સનો એક મોટો તત્વવેતા જેણે સન ૧૮૨૮—૨૯ માં પારીસ શહેરમાં સુમારે બે હજાર સદગૃહસ્થોની સભામાં પ્રમાણ સહિત સાબીત કરી આપ્યું કે પુર્વ તરફના કાવ્ય અને તત્વ જ્ઞાનના પુસ્તકો આપણે લક્ષ દઇ વાંચીએ તો માલમ પડે છે કે તે તરફ એટલી તો વિદ્વતા અને વિશાલ સત્ય વિચાર છે કે તેની આગલ તમામ યુરોપની બુધ્ધિ ચાલી શકતી નથી અને તે વિદ્યાને તથા તત્વજ્ઞાનને ઇશ્વરને આપવાં ઘટે તેટલાં માન આપવાં જોઇએ,

૫ ડાકટર મેક્ષમ્યુલર જે હાલ સંસ્કૃત વિદ્યાના પ્રોફેસર ગણાય છે તે સદગૃહસ્થ પોતાના સંસ્કૃતની જુની વીદ્યા સંબંધની નીચેના ઇતિહાસમાં લખેછે. (આર્ય લોકો પોતાના એ તત્તવેત્તા પ્રજા હતી)-આ પ્રમાણે અનેક દાખલાઓ છે આતો પર મૂલકના લોકના અભીપ્રાય પ્રમાણે કહેલા છે તો તે બાબત આપણા જે સ્વદેશીમાંના અભિપ્રાય તો જોઇએ તેટલા મળી આવશે. કાળ અને સ્થળ સંકોચને લીધે આ જગાએ દાખલ કરવા દુરસ્ત ધારતો નથી કારણ મૂળ ગ્રંથ મોટો છે એટલે તે વાંચવા તરફ સજ્જન વાંચનારનું લક્ષ લાગી રહેલ હશે માટે હવે ગ્રંથ છે તે શરૂ કરૂં છું તો વાંચનારનું લક્ષ તે તરફ દોરાવા વીનંતી છે.

# પ્રસ્તાવના બીજી આવૃતિ.

પ્રસ્તાવનામાં જે બાબતો દર્શાવવાની તે બહુ કરીને સર્વે સુજ્ઞ વાંચકોને ગ્રંથ સમગ્ર વાંચી રહેવાપરથી સહજ સમજાઇ આવશે એટલા માટે કેવળ શુષ્ક પરેડ વધારતા એસવું એ મોટું મહત્વનું હોય તેમ નથી પરંતુ સુચનાથી જે કંઇ કહેવું તે આવશ્યક છે આ ઉદ્યોગ અલ્પમતિથી સ્વાનુભવ માટે હોવાથી થોડામાં આટોપેલો છે. તેથી કદાચીત કોઇને સમાધાન થવું જોઇએ તેટલું પુરતું થવા સંપુર્ણ નહી હશે. પણ બીજનો વીસ્તાર તેના વધારનાર ઉપર હોય છે. એટલા માટે સુજ્ઞ વાંચકોએ હસ્વ દીર્ઘ અનુસ્વાર વીગેરે ઉપર લક્ષ લગાવીને ચૂકચાક જણાય તો તે કૃપાકરીને દરગુજર કરિ અર્થ બેસાડવો. ગુણ કિંવા દોષ જાણનારે જાણવા, માત્ર આગ્રહ વિચાર કરીને તદનુસાર નિશ્ચય કરવો એવી વિનંતી છે.

ભાદ્રપદ ૧૯૫૮ કર્તા.

# ॥उत्पत्ति प्रकरण॥

॥श्लोक॥ इच्छावै ब्रह्मणोजाता एकोऽहं बहु रूप भाक्
भवामीति ततस्तस्या मायाया: जन्म भूतम् ॥२॥

અર્થ બ્રહ્મ રૂપ તેનો પ્રકાશ કરનાર સારભૂત ઊંકાર તે ઋગ્વેદ આદી ચારે વેદનું તત્વ, નિત્ય મુક્ત ક્રિયા રહિત છે તે બ્રહ્મ પોતાની માયામાં ચિદાભાસ દ્વારાએ પ્રવેશ કર્યાથી તે માયા અવ્યાકૃત બીજકારણ, અને પુથ્વીનું હતું તે રૂપે એક છું તે અનેક રૂપે થાઉં એવી ઇચ્છા થઇ. તે માયા સત્વ, રાજસને તમામ એવી ત્રીગુણાત્મિકના.

૧ તામસ અહંકારથી શબ્દ ગુણવાળુ આકાશ ઉત્પન્ન થયું તે માયાના એક દેશમાં રહ્યું ને માયાના નવ ભાગ ખાલી રહ્યા, એ રીતે આકાશના એક ભાગમાંથી સ્પર્ષ ગુણ વાળો વાયુ ઉત્પન્ન થયો, ને આકાશના નવ ભાગ ખાલી રહ્યા, ને વાયુના એક ભાગમાંથી રૂપ ગુણ વાળો અગ્નિ ઉત્પન્ન થયો, ને વાયુના નવ ભાગ ખાલી રહ્યા, અને અગ્નીના એક ભાગમાંથી રસ ગુણ વાળુ જળ ઉત્પન્ન થયુ. ને અગ્નિના નવ ભાગ ખાલી રહ્યા અને જળના એક ભાગમાંથી ગંધ ગુણ વાળી પૃથ્વી ઉત્પન્ન થઇ ને જળના નવ ભાગ ખાલી રહ્યા; એ પંચ મહાભૂત, તેમાં આકાશમાં શબ્દ એ એકજ ગુણ રહ્યો છે અને વાયુમાં શબ્દ અને સ્પર્ષ એ બે ગુણ રહ્યા છે. અગ્નિમાં શબ્દ, સ્પર્ષ, અને રૂપએ ત્રણ ગુણ રહ્યા છે, અને જળમાં શબ્દ, સ્પર્ષ, રૂપ, અને રસ એ ચાર ગુણ રહ્યા છે, અને પૃથ્વીમાં શબ્દ, સ્પર્ષ, રૂપ. રસ, અને ગંધ એ પાંચ ગુણ રહ્યા છે એ પંચમહાભુત થકી લિંગ શરીર થયું, તે હિરણ્યગર્ભ, તેને મહત્તત્વ પણ કહિયે, તે થકી પંચ સ્થુળ આકાશાદી ભુત હવાં. તે થકી સર્વે બ્રહ્માંડનો અભિમાની વૈરાટ પુરૂષ થયો ને એ પંચ ભુત છે તે પંચીકૃત થયાં, તે સ્થુળ ભુત છે. તે એક એકના બે બે ભાગ કર્યા, તેમાંથી એક એક ભાગ મુખ્યમાં રાખી બીજા એક એકના ચાર ચાર ભાગ કરી એક એક મુખ્ય ભાગ ભળીને સ્થુળ શરિર થયું છે, તે સમજવાના કોઠા પંચી કરણમાં મળશેજ, સાત્વીક અહંકારથી નવ તત્વ થયાં, તેમાં પાંચ જ્ઞાન ઇંદ્રી, તેમાં ૧ શ્રોત્ર ઇંદ્રી તેકાન. તે આકાશનો ભાગ, તે શબ્દ સાંભળે; તેના દેવ દિગપાળ. ૨ ત્વચા ઇંદ્રિ વાયુનો ભાગ, તે સ્પર્ષ જાણે, દેવવાયુ, ૩ ચક્ષુ ઇંદ્રિ

તેજનો ભાગ તે રૂપ દેખે, દેવ સુર્ય. ૪ રસના ઇંદ્રિ જળનો ભાગ તે રસ ચાખે દેવ વરૂણ ૫ ઘ્રાણ ઇંદ્રિ પૃથ્વીનો ભાગ તે ગંધ લે દેવ અશ્વિનિકુમાર. ચાર અંતઃકરણ તેમાં ૧ મન સંકલ્પ વિકલ્પ કરે, દેવ ચંદ્રમા, ૨ ચિત્ત ચિંત્તવન કરે, દેવ નારાયણ; ૩ બુદ્ધિ નિશ્ચે કરે દેવ બ્રહ્મા; ૪ અહંકાર અભિમાન ધરે, દેવ રૂદ્ર. ૩ રાજસ અહંકારથી દશ તત્વ થયાં તેમાં પાંચ કર્મેન્દ્રિ તેમાં, પાદ ઇંદ્ર, તે આકાશનો ભાગ તે ચલન કરે, દેવ વિષ્ણું ૨ હસ્ત ઇંદ્રિવાયુનો ભાગ તે લેવંડ દેવડ કરે, દેવ ઇંદ્ર ૩ વાક ઇંદ્રિ, તેજનો ભાગ તે બોલે દેવ અગ્નિ. ૪ લિંગ ઇંદ્રિ, જળનો ભાગ, તે સ્ત્રી સંભોગ તથા મુત્ર ત્યાગ કરે દેવ બ્રહ્મ. ગુદા ઇંદ્રિ, પૃથ્વીનો ભાગ, તે મળ ત્યાગ કરે દેવ મૃત્યુ, અને પંચ પ્રાણ તેમાં એક ૧ પ્રાણ હૃદય સ્થાનમાં રહી એકવિશ હજાર ને છસેં શ્વાસો શ્વાસ કરે છે, તે દેવદત્ત કહીએ અપાન ગુદા સ્થાનમાં રહી, મળ ઉત્સર્ગ કરે છે તેને ધનંજય કહીએ. ૩ વ્યાન સર્વાંગ સ્થાનમાં રહી, દેહની સંધી વાળે છે, તેને ત્રકલ કહીએ ૪ સમાનનાભી સ્થાનમાં રહી, અન્ન રસ નાડી દ્વારાએ પ્રવેશ કરે છે તેને કુર્મ કહીએ, ૫ ઉદાન કંઠ સ્થાનમાં રહી અન્નરસ વિભાગ કરે છે, સ્વપ્ન હેડકી દેખાડે છે તેને નાગ કહીએ, એ રીતે ત્રિધા માયામાંથી ઇન્દ્રિઓ થએલી છે તે અધિભુત, અને તેના વિષય તે અધ્યાત્મ, અને દેવતા છે તે આધિદેવ, એ ઇંદ્રિઓની ત્રિપુટી છે.

## સ્થિતિ પ્રકરણ ઇશ વિષ્ણું

પર બ્રહ્મની ઇચ્છા રૂપ મુળ પ્રકૃતિ વડે માયાનાબે રૂપ છે એક વિદ્યામાયા, ને બીજી અવિદ્યા માયા તેમાં,

૧ વિદ્યા માયાથી ઉપર કહેલાં પંચી કરણ ભુતનું કાર્યાં જે ચૌદ ભુવનાત્મક ચૈતન્ય અને તે નિર્વિકાર પ્રણવ પ્રતિપાદ્ય શરિર જે આત્મા તેનું સ્થુળ શરિર છે, તેને પિંડ બ્રહ્માંડ કહીએ છીએ, અને પગ કોસથી ન્યારો અને ત્રણ શરિર અને ત્રણ અવસ્થાનો સાક્ષી સચ્ચિદાનંદ રૂપ ઇશ્વરનો મહાકારણ દેહ તેનું પુર્યષ્ટક શરિર મુર્ધ્ની સ્થાન, તુર્યાવસ્થા, પરાકલા, આનંદાદવભાસ ભોગ, ઇચ્છા શક્તિ શુદ્ધ સત્વગુણ અર્ધમાત્રા, પ્રત્યગાત્માભિમાની, તે સર્વજ્ઞ સર્વ શક્તિમાન, સર્વ વ્યાપક ષડઉર્મી રહીત સર્વ સદ્ગુણ સંપન્ન છે. એ વૈરાટનું મુર્ધ્ની સ્થાન સ્વર્ગલોક છે. નેત્ર સુર્ય પ્રાણ વાયુ નભ આકાશ મુત્રસ્થાન સમુદ્ર, પાદ પૃથ્વી

અને મુખ અસિ છે. તે વૈરાટને અકાર કહીએ; તે ઈશ્વરના કારણ શરિ-રને મકાર કહીએ; અને સુત્રાત્મા સાક્ષી તુર્યા છે, એ રીતે પ્રણવમય કહીએ.

૨ અવિદ્યામાયાથી જીવનાં ત્રણ શરિર

૧ સ્થુળ શરિર, નેત્ર સ્થાન, જાગૃત અવસ્થા, સ્થુળ ભોગ, વૈખરી વાચા, ક્રિયા શક્તિ, રજો ગુણ, અકાર માત્રા, ને વિશ્વાભિમાની, એ અષ્ટ પુર દેહને ઉપર કહેલાં પંચીકૃત વડે થએલાં ચોવિશ તત્વ, તેણે કરી પારબ્ધ કર્મથી ઉત્પન્ન થએલો, તે જીવનું અલ્પજ્ઞ પણું, અ-લ્પ શક્તિ, અવ્યાકૃત ને ષડ ઉરમી યુક્ત, સર્વ ગુણ રહિત, તેમાં તદાકાર છે, તે અકાર કહીએ,

૨ સુક્ષ્મ શરીર, સ્વપ્નાવસ્થા, કંઠ સ્થાન મધ્યંમાવાચા, પ્રવીવિ-ક્ત ભોગ, જ્ઞાન શક્તિ, સત્વગુણ, ઉકાર માત્રા, ને તૈજસાભિમાની. ઉપર કહેલાં એ પંચીકૃત ઓગણીશ તત્વવડે જીવતદાકાર રહે છે તે ઉકાર કહી એ કોઇ સત્તર તત્વ કહે છે તેમાં ચિત્ત, મનમાં, ને અહંકાર બુદ્ધિ ભેગો ગણે છે. કારણ શરીર, હૃદય સ્થાન સુષુપ્તિ અવસ્થાં, પરયતિવાચા, આન-દાવભાસ ભોગ, દ્રવ્ય શક્તિ, તમો ગુણ, મકાર માત્રા, પ્રાજ્ઞાભિમાની ઉપર કહેલાં એ શરીર વટ બીજ તુલ્ય પ્રપંચ રૂપ રહ્યાં છે તે મકાર કહીએ. એ ત્રણે શરીર ઓંકાર પ્રણ વમય છે, તે ઉપર કહેલી પંચી કૃત પૃથ્વીમાંથી ઓષધી અન્ન ઉત્પન્ન થયું. અને તેનું વિર્ય થયું. તથા પુરૂષાકૃતિ શરિર થયું, તે ચિન્હ માત્ર વૈરાટ અને સ્થુળ પંચી કરણનાં સર્વ તત્વ અને શરીર ષટચક્ર સમાધી યોગ, અને સપ્ત ભુમિકા, અને સાત મુક્તપુરી, અને ચૌદલોક સમજવા. સમાધિ યુક્ત પચી કરણમાં છબી દાખલ કરી છે તે જોઇને જે કોઇ શુરવિર ધર્યવાન પુરુ-ષને ભવસાગર ઉલંઘન કરી હરિદર્શન કરવાનો હર્ષ અને વૈરાગ ઉત્પન્ન થાય, તેણે ગુરૂ કૃપાની સમજ લઇએ સમાધિ યોગ કરવો તેમાં સવિ ક-લ્પક સમાધિ, તે દિવ્ય દેહ રાખવો, અને નિર્વિકલ્પક સમાધિનો લક્ષ ચરા ચર એક અદ્વૈત, પરિપુર્ણ ચિદાનંદ પોતેજ છે, અવર કોઇએ નથી એ સહેજ સમાધિ

૩ લય પ્રકરણ ઇંડા ૨૬.

૩ હવે આ બાઇક પંચ ભુતમાંથી અનેક તત્વ થયાં છે, તેના આ-

અજ્ઞાના યોગે કરિ આત્મા સ્વરૂપને ભુલીને તે આ જગતમાં તદાકાર થયો છે. તેથી વિષયાભિલાસ ઘણો રાખે છે, તેથી નાના પ્રકારનાં ઉંચ નિચ શુભાશુભ કર્મ કરે છે, તેથી દેવ મનુષ્ય પશુ આદિ ચોરાશી લક્ષ જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ ઇત્યાદિક ઘણાં દુઃખ ભોગવતો થકો સંસાર ચક્રને વિશે ફરે છે એ રીતે ફરતાં ફરતાં કોઈ જન્માંતરની રતિપુન્ય એકઠું થએ મનુષ્ય શરિરજન્મપામ્યોતેમુમુક્ષુજીવને મોક્ષ પ્રાપ્તિ થવા માટે ચાર સાધન કરેથી મુમુક્ષુ કહીએ. તે મુમુક્ષુને મોક્ષના સાધન રૂપ, જે તત્વ વિવેક તેનો સાર પેહેલું સાધન નિત્યાનિત્ય વસ્તું વિવેક તે શું કે સાચી વસ્તુ એક બ્રહ્મ છે તે વિના સર્વ નામ રૂપ મિથ્યા જાણે. બીજું સાધન વૈરાગ્યતે શું તે આ લોકનાં સુખ તથા પર લોકનાં સુખ તેને વિષે ઇચ્છા નહિ. ત્રીજું સાધન ષટ્સંપ્રતિ તેમાં શમ લક્ષણ તે મનને વશ કરવું દમ લક્ષણ, તે ચક્ષુ આદિ ઇંદ્રિયો વશ કરવી. ત્રીજું તપ લક્ષણ તે વર્ણા શ્રમ ધર્મ વેદોક્ત રીતે પાળવો તીતીક્ષા લક્ષણ તે ટાઢ તડકો એવાં દુઃખ સહન કરવાં. ૫. શ્રદ્ધા લક્ષણ તે ગુરૂ મુખ થકી વેદાંત વાક્ય શ્રવણ કરીને તેને વિષે વિશ્વાસ રાખવો. ૬સમાધાન લક્ષણ તે સર્વ વખત મન સ્થિર રાખવું. હવે સાધન મુમુક્ષુ પણું તે શું કે આ જન્મ મર્ણ રૂપ સંસાર બંધન થકી મારી મુકિત ક્યારે થશે, એવી જે ઇચ્છા રાખે. એ ચાર સાધન સાથેથી મોક્ષ જગતો અધિકારી થાય હવે તત્વ વિવેકનાં લક્ષણ આત્મા તે શું? સ્થુળ, સુક્ષ્મ, કારણ શરિર અને પંચ કોશથી ન્યારો, અને ત્રણ અવસ્થાનો સાક્ષી સચ્ચિદાનંદ રૂપ રહે છે તે, અને સ્થુળ શરિર પંચીકૃત કહેતાં ભેગાં કરેલાં એવાં જે પંચ ભૂત તેણે કરી પ્રારબ્ધ કર્મે ઉત્પન્ન થયું, અને વળી સુખ દુઃખ ભોગવવાનું ઠેકાણું. વળી તેમાં છવિકાર રહ્યા છે તેમાં પહેલો જાય તે વિકાર એ જે મહા મલીન, અપવિત્ર એવું માતાના રૂતુ સમયનું રૂધીર, તેમજ દુષ્ટ બુદ્ધી સહિત અપવિત્ર, અનંભક્ષ કરેલો તે પ્રારબ્ધ કર્મને યોગે, વાસનાત્મક બીજ ચંદ્રમાના કિરણથી અન્નમાં પ્રવેશ કરે છે, ને તે અન્ન પિતાના શરિરમાં સિદ્ધ થએલું તે તેણે ધર્મ મર્યાદા જાણ્યા વિના વિષય બુદ્ધિથી ભોગ કરેલો તેની સંગે મળ્યું તે સમે વિર્યમાં જળનો અંશ ઘણો છે ને રૂધિરમાં પૃથ્વિનો ભાગ ઘણો છે, તે બે મળીને ગર્ભ મધ્યે શરિર ઉત્પન્ન થાય છે. બીજો અસ્તિ વિકાર એ જે. માતાના ઉદરને વિષે મળમુત્ર મુત્ર ભરેલો

આવે છે, તેમાં ઉપે આવે રહે છે. ત્રીજો વર્દ્ધતે વિકાર એ જે તે ગર્ભમાં અંકુર થયો છે. તે માતા નાના પ્રકારનાં અન્નરસ જમે છે તેનો રસ નાભ માર્ગે ગર્ભ મુખમાં પહોંચે છે, તેથી દિન દિન પ્રતિ ગર્ભ વધે છે ચોથો વિપરિણમતે વિકાર એ જે પ્રથમ કોમળ હોય પછી દિન દિન પ્રતિ કઠણ થાય છે. પાંચમો અપક્ષિયતે વિકાર એ જે જોબન અવસ્થામાં શરિર પુષ્ટ હોય, તે વૃદ્ધાવસ્થામાં દિન દિન કુરૂપ અને દુબળું થાય, છઠો નસ્યતિ વિકાર એ જે શરિર અનેક રૂપ અનેક રંગ ને અનેક ક્રિયા કરે છે અને વળી તે નાશ પામી જાય છે એવા છવિકાર ભરેલું સ્થુળ શરિર કહ્યું, અને સુક્ષ્મ શરિર કે જેમાં સુખ દુઃખનો અનુભવ થાય છે. અને કારણ શરિર અનિર્વાચ્ય ને અવિદ્યાથી પેદા થયું. તે સ્થુળ, સુક્ષ્મ, એ બે શરીરનું બીજ રૂપી સચ્ચિદાનંદ આત્માં રૂપ તેનું અજ્ઞાન જે હું બ્રહ્મ નહિ, હું તો અજ્ઞાન જીવ છું. એવું જ્ઞાન પણ વૃત્તિ વિનાનું જડ કાષ્ટ પાષાણ વત્ છે હવે તેની ત્રણ અવસ્થા જાગૃત, સ્વપ્ન, ને સુષુપ્તિ તેમાં ઇંદ્રિયોથી ક્રીયા થાય, તે જાગૃત, અને તેનું અભિમાન આત્મા કરે છે, તે સઘળા કામ મેં કર્યા, ત્યારે તેનું નામ વિશ્વાભિમાની કહીયે, અને સ્વપ્નાવસ્થામાં જેમ જાગૃતાવસ્થામાં અંતઃકરણ વૃત્તિ નેત્રમાં રહે છે, જે ચૈતન સત્તાથી સર્વ કામ વેહેવારનાં કરે છે, તે વૃત્તિ પાછી કંઠમાં હિતા નામની નાડી એક વાળ જેવો વેહેંતે હજારમાં ભાગ થાય એવી ઘણી ઝીણી છે તે અંત કરણની વૃત્તિમાં રહીને જાગૃત અવસ્થાના ભોગને સંભારીને ભોગવે છે તે સુક્ષ્મ શરીર સ્વપ્નાવસ્થાના કારજનું અભિમાન કરે જે આ ક્રિયા હું કરું છું ત્યારે આત્માનું નામ તૈજસ અભિમાની કહીએ અને સુષુપ્તિ અવસ્થા હું કાંઇ જાણતો નથી એ રીતે સ્થુળ સુક્ષ્મ જે વૃત્તિથી સુખ ભોગ થાય છે તેનો ત્યાગ કરીને કેવળ પોતાની મેળે પોતાના સુખનો અનુભવ કરે છે જે આજે મેં તો ઘણો સુખે નિંદ્રા લીધી, એવું જાણવું તેને સુષુપ્તિ અવસ્થા અને કારણ શરીરનું અભિમાનકરે, જે આ જે હું તો સુતો હતો ને મેં કંઇ જાણ્યું નહિ એવું અભિમાન કરે છે માટે આત્માનું નામ પ્રાજ્ઞ પડ્યું. હવે પંચ કોશ, અન્નમય પ્રાણમય, મનોમય, વિજ્ઞાન મય, આનંદ મય તેમાં પહેલો અન્નમય કોશ, અન્નથી પેદા થાય તે અન્ન ખાઇને વૃદ્ધિ પામે અને અંતે અન્ન સ્વરૂપ પૃથ્વીમાં લય થાય તે અન્નમય સ્થુળ શરીરને કહીએ. બીજો પ્રાણમય કોશ, પાંચ પ્રાણ

અને પાંચ કર્મેન્દ્રીઓ મળીને કહીએ ત્રીજો મનોમય કોશ, એક મન અને પાંચ જ્ઞાન ઇંદ્રિઓ એ ૭ મળીને કહીએ ચોથો વિજ્ઞાન મય કોશ, એક બુદ્ધિ, ને પાંચ જ્ઞાન ઇંદ્રિએ એ ૭ મળીને કહીએ પાંચમા આનંદ મય કોશ અજ્ઞાનને નિદ્રા ને કહીએ એ પાંચ કોશ આત્માના આવ્રણ વડે આત્મા સ્વરૂપ ઢંકાણુ છે જેમ તરવાર ઉપર પાંચ મ્યાન ચઢાવીએ ત્યારે તરવાર જણાય નહિ કેવળ મ્યાંન જણાય, એક એક મ્યાન કાઢીએ તો બીજું ત્રીજું ચોથુ પાંચમું એમ જણાય તરવાર ન જણાય ત્યાં સુધી નિર્ભયપદ આવે નહિ ને શત્રુ ભય પામે નહિ એ રીતે પાંચ કોશ સમજીને દુર કર્યા વિના આત્મા જણાય નહિ ને જાણ્યા વિના મુક્તિ થાય નહિ તે આત્મા પંચ કોશમાં તદરૂપ થયો છે તે દેખાડે છે જે કે દુષ્ટ દુબળો જન્મ્યો છે મરૂં છે, કાળો ધોળો છું ઇત્યાદિ અન્ન મય કોશમાં તદકાર છે વળી કહે છે જે ભૂખ્યો છું તરશ્યો છું એ રીતે પ્રાણમય કોશમાં તદકાર છે ને સંકલ્પ વિકલ્પ કરે છે ને મનોમય કોશમાં તદાકાર છે ને હું નિશ્ચય કરૂં છે એ વિજ્ઞાન મય કોશમાં તદાકાર છે ને હું સુખેસુતો હતો એમ કહે છે તે આનંદ મય કોશમાં તદાકારે છે પણ એ ધર્મ આત્મા નથી અજ્ઞાને કરી પોતાનામાંના છે કેમ જે પુષ્ટ થાવું દુબળું થાવું એ તો સ્થુર શરીરનો ધર્મને ક્ષુધાપિપંસા પ્રાણનો ધર્મનેસંકલ્પ વિકલ્પ મનનો ધર્મને નિશ્ચય કરવો તે બુદ્ધિનો ધર્મ નિદ્રા લેવી તે અજ્ઞાનનો ધર્મ તે પોતાનામાં નાંખીએ છ અજ્ઞાન માટે વિવેકથી ભિન્ન સમજવા જે અજ્ઞાન કાળે પણ પંચકોશ પોતાથી ભિન્ન બોલવામાં આવે છે પણ સમજવામાં આવતા નથી શી રીતે તે મારૂં શરીર મારા પ્રાણ, મારૂં મન મારી બુદ્ધિને મારૂં અજ્ઞાન એ રીતે મુખે પોતાનું કહે છે તેનો અર્થ એ જે જેજે વાતમાં મારા પણું આવે તે પોતાથી ભિન્ન જાણવું પંચ કોશ પોતાથી ન્યારા છે એમ જાણવુ ને પોતે આત્મા રૂપ છે એવો નિશ્ચય કરવો. સત્ ચિતને આનંદ રૂપ તે આત્મા, તેમાં સત્ તે ઉત્પતિ કાળ, સ્થિતિ કાળ, ને લય કાળ, અને જાગૃત, સ્વપ્ન ને સુષુપ્તિ; અને પ્રાત:કાળ મધ્યાકાળ, તે સંધ્યાકાળ, એ ત્રણ કાળને વિષે અને રહે છે અને ચિત્ તે સર્વ વસ્તુ ને જાણે છે અને આનંદ તે સદા કાળ સુખ રૂપ છે એ રીતે અનુભવ કર્યાથી આત્માને સચ્ચિદાનંદ જાણવો. જીવને અવિદ્યાનું આવ્રણ છે માટે પોતાથી ઇશ્વર ન્યારો જાણે છે, જેમહું તોજીવ

છું ઇશ્વર નહિ એ અવિદ્યાની ઉપાધી થઇ માટે ઇશ્વરતેજ જીવ કહીયે છીએ નેવિદ્યામાયાની ઉપાધિથી આત્માનું નામ ઇશ્વર કહીએ છીએ. પણ વસ્તુ ગતિયે તો જીવે નથી ને ઇશ્વરે નથી, કેવળએ બ્રહ્મ ચૈતન છે. તેને અવિદ્યા મલિન તમો ગુણ રૂપિ તેનું આવ્રણ થયું તેથી ઘણું અંધારૂ થયું એટલે કંઇ જાણવા પણું રહ્યું નહિ ને કંઇ શકિત પણ રહિ નહિ માટે અલ્પગ્ન અસમર્થ જીવ કહેવાણો. ને જ્યારે શુદ્ધ સત્વ ગુણ રૂપી જે માયા શકિત મહાનિર્મળ છે તેનું આવ્રણ ગયું ત્યારે મહા પ્રકાશ થયો ત્યારે સર્વ ભુત, ભવિષ્યને વર્તમાનની વાત જાણવા માંડી, ને આ બ્રહ્માંડને પાળણ પોષણ કરવાની શકિત થઇ માટે સર્વગ્ન, સર્વ શકિતમાન, મહાસમર્થ ઇશ્વર એવું નામ પડયું તે ઉપાધિ ભેદથી જીવ ઇશ્વર જુદા સમજાય છે ત્યાં સુધી જન્મ્ય મરણ રૂપી સંસાર મટતો નથી માટે જીવ, ઇશ્વરનો ભેદ સમજવા, તત્વમસી. એવુ સ્યામ વેદનું મહા વાકય કહ્યુ કયાં જે જીવતો અહંકારી છે. હું કર્તા. હું ભોકતા છું અલ્પગ્ન છું કોઇ વાતનું ગ્યાન નથી ને કશું સામર્થ્ય નથી ને ઇશ્વર તો અહંકાર રહિત છે. તે સર્વગ્ન કહેતાં સર્વના અંતરની વાત જાણે છે તેનો વિવેક એકે ત્વંપદનો વાચાર્થે કે સ્થુળ શરીરના અભિમાને કરી જીવ પણું છે તે હું તો બ્રાહ્મણ છું ક્ષત્રી છું કુળવંત બળવંત રૂપવંત એવુ જાણે છે. તે લક્ષાર્થ એ જાતિકુળ બાળરૂપનું અભિમાન પડયું મુકીને નિર્વિકલ્પક સમાધિયુકત. હવે ઉપર કહેલો વાચાર્થ મુર્ખ અંગીકાર કરે છે. અને લક્ષાર્થ વિદ્વાન ધારણ કરે છે. તત્પદનો વાચાર્થ ઇશ્વર તો સર્વગ્ન છે જગતની ઉત્પતી સ્થીતીને લય કરે છે મહા સમર્થ છે એવું સમજવું ને લક્ષ દઇ સત્વ ઉપાધી પડી મેલી જે સચ્ચિદાનંદ નિર્વિકલ્પ પુર્ણ બ્રહ્માનંદ આત્મા છે એવું સમજવું અસીપદ જીવ પણાનીને ઇશ્વર પણાની ઉપધિ પડી મેલીને કેવળ ચૈતન તો લેવી. ત્યારે એક ચૈતન્યજ છે. જીવ, ઇશ્વર એવું દ્વૈત નથી. એ બે ને એકતા સમજવા જહતને અજહતને જહતને અજહતને લક્ષણા કરવી. ૧ કોઇકે કહ્યું કે મારો આશ્રમ નદીમાં છે ત્યારે શંકા થઇ કે તે નદીમાં કેમ રહેતો હશે ? ત્યારે લક્ષણા કરી કે નદીને કાંઠે હશે. તેથી વાચાર્થ પડયો મેલ્યો, ને લક્ષારથ થયો તેને જહત લક્ષણા કહેવી. ૨ કોઇએ કહ્યું કે ખેતરમાં માલો પોકારે છે. ત્યારે શંકા પડી કે માલો તો જડ છે ત્યારે લક્ષણા કરી કેમાલા ઉપર કોઇ પુરૂષ હશે તે પોકારે છે તેમાં વાચાર્થ તથા લક્ષાર્થ એ બેનું ગ્રહણ થયું, તેને અજહત લક્ષણા કહેવી. ૩

કોઈ પુરૂષને દુર્બલ અવસ્થામાં દીઠો હોય ને તેને પાછો સમૃધીવાન દીઠો ત્યારે કહીએ છીએ, કે એજ પુરૂષ છે તેમ પુર્વ કાળે, પુર્વાવસ્થા પડી મુકી કેવળ પુરૂષ માત્ર લીધો. તેવાચાર્થનો એક ભાગ પડયો મુકયો; ને એક ભાગ લીધો- તેલક્ષાર્થનો પણ એક ભાગ પડયો મુકયો: ને એક લીધો તેને જહત અજહત લક્ષણ કહેવી એ રીતે તત્પદનો વાચ્યાર્થ સર્વજ્ઞપણું, સર્વ શકતીપણું પડયું મુકયું ને કેવળ ચૈતનતા લેવી. ને તત્પદનો વાચ્યાર્થને અલ્પજ્ઞ અલ્પ શકતીપણું છે તે પડયું મુકીને કેવળ ચૈતનપણું તેનુ નામ અસીપદ. એ વાકાર્થે બોધ થયો ત્યારે ઇશ્વર જીવ એવો ભેદ ટળ્યો માટે એક ભાવાસને તે કડશો બાધ નહિ એ રીતે મહા વાકયનો અર્થ વિચારીને સર્વ ભુત પ્રાણીમાત્રને વિષે જેને બ્રહ્મ ભાવ થયો તે આ પ્રત્યક્ષભાસમાન જગત સર્વ સ્વરૂપ છે બીજું કોઈ નથી એવું સમજી આ પંચકરણવડે સર્વ તત્વો જેવી રીતે એક એકમાંથી ઉદય થયાં છે તેવાંજ પાછાં વિચાર વડે ઉલટીને એક એકમાં લય કરવો એવી રીતે પૃથ્વી છે તેનો લય, જળમાં કરવો અને જળનો લય અગ્નિમાં કરવાં ન અગ્નીનો લય વાયુમાં કરવોને આકાશનો લય મહા આકાશમાં કરવો ને મહત્ત આકાશનો લય ચિદાકાશમાં કરવો એપરમાનંદ વાસુદેવ રૂપ ઓંમકાર હુંજ છું એવું જાણીને વિવેક કરનારૂં જે ચિત તેને ચિતના સાક્ષીને વિષે જેમ પાણીમાં પાણીના પેઠે લય કરવું એવા પુરૂષાર્થવડે કરીને ચિદાત્મામાં લય પામ્યું જે ચિત તેને બહાર સલાવવું નહિ પુર્ણ અચળરૂપની પેઠે પુર્ણાત્મ બ્રહ્મરૂપ નિત્ય શુધ બુધ મુકત સદા બ્રહ્મ રૂપ હુંજ છું. એ પ્રકારે સદા સ્થિતી રહેવી તે સમાધિ મોક્ષાર્થે નિત્ય અભ્યાસ કરવો એ સહેજ સમાધિ અથવા રાજયોગ કહીએ એવી બુધિ જેને થઇ તે જીવન મુકત. તેનાં લક્ષણ કે અજ્ઞાનકાળને વિષે જેનું દેહાભિમાન હતું, જે હું તો બ્રાહ્મણ છું કે શુદ્ર છું કે સ્ત્રી છું એવું દ્રઢ નિશ્ચય હતું. તે રીતે પડયું મેલ્યું જે હું બ્રાહ્મણ નહિ તથા શુદ્ર નહિ તથા સ્ત્રિ નહિ ત્યારે કોણ છું ? હું અસંગ છું સચ્ચિદાનંદ રૂપ છું પ્રકાશ રૂપ છું, સર્વનો અંતરયામી ચિદાકાશરૂપ છું એવો દ્રઢ નિશ્ચય થયો, ને બ્રહ્મને ન્યારા જાણતો હતો. તે હવે બ્રહ્મરૂપ થયો, ને હુંજ બ્રહ્મ છું, એવું જ્ઞાન જેને થયું, તેણે કરીને સર્વ કર્મ બંધ થકી મુકાય છે તે કર્મ ત્રણ જાતના; પ્રારબ્ધ, સંચીત ને ક્રીયમાણ. ૧ પ્રારબ્ધ કર્મ એટલે શરીર ઉ

જન્મ કરીને નાના પ્રકારના સુખ તથા દુખનાં ફળ આપે,તેનો નાશ ભોગવેથી થાય છે જ્ઞાનથી થતો નથી. ૨ સંચીત કર્મ અનંત કોટી જન્મનું બીજ રૂપ છે જે કર્મ પુર્વે પેદા થયું અજ્ઞાનરૂપ તેનો નાશ કોઇ રીતેથતો નહોતો જ્યારે અહંબ્રહ્માસ્મિ કહેતાંજ હુંજ બ્રહ્મ છું એવું જ્ઞાન થયું ત્યારે તેણુ કરીને સંચીત કર્મ નાશ પામી ગયું માટે હવે જન્મ ધરવો નહિ પડે. ૩ તે પણ જ્ઞાને કરીને નાશ પામે છે કેમ જે અગામિ કર્મ ક્રિયમાણ, આત્માજ્ઞાન થયા પછી પુન્ય અથવા પાપ થાય તેનું નામ અગામી કર્મ જ્ઞાની પુરૂષને વળગતું નથી જેમ જળને વિષે કમળ રહે છે પણ જળને ને કમળને સંબંધ નથી ને તેમનાથી અનાયાસ થઇ ગયેલા સતકર્મનું પુણ્ય સ્તુતિ અને સેવા કરનારને આવે છે તે જ્ઞાનીની નિંદા, દ્વેષને દુઃખ કરનારને આવે છે. એ રીતે આત્મજ્ઞાની પુણ્ય પાપ રહિત થઇને સંસાર સાગરને તરે છે ને જીવ તે બ્રહ્માનંદ મુકિતનું સુખ પામે છે એ સમાધિ યુકત યોગી થયો, તેણે શ્રધા ભકિત સહિત જીતેન્દ્રિને જીત ક્રોધ એવો સત્ય પોતાના આત્માને પરમેશ્વર સંગાથે અભેદ દેખે. ભેદ દૃષ્ટિ મહાદુઃખરૂપ છે એવું વેદમાં કહ્યું છે. માટે સદા અભેદ અદ્વૈત નિષ્ટ થવું, એવું જે સદા આનંદ રૂપ આત્માને દેખે છે તે પુરૂષને કાંઈ જાણવા પણ પોતાથી જુદુ રહેતું નથી, ત્યારે શું થાય છે ? જે કરવાનું હતું તે કર્યું ને શ્રુતિ સ્મૃતિ—યુકત મહાજનની આજ્ઞા ભગવત કૃપાથી પાળી, એટલે જીવન મુકત થયો, ને જીવન મુકત તે શું ? દેહ ઇન્દ્રિ ખરી પણ દુઃખ રૂપ વાસના નહિ. હવે કોઇ કાળે દ્વૈત દેખે પણ આત્માથી જુદુના દેખે પરમાત્માને સત્ય દેખે, ને આ દેખાય છે, તે જગતને દિશા ભુલ અથવા આકાશમાં બે ચંદ્ર મીથ્યાં દેખે, તે પણ શરીરના પ્રારબ્ધે છુટે, ને બ્રહ્મરૂપ છે, એ પ્રકારનું વેદ વાકય છે, તે પ્રારબ્ધની અનુવૃતિ કહેતાં સુખ દુઃખ ભોગ દેખવા માત્ર છે. તથાપિ તત્વજ્ઞાની સદા મુકત છે. પ્રારબ્ધ છુટયું તે વખતે જેમ ઘટ ભાગે ને ઘટા કાશ રૂપ છે, એ પ્રકારેજ્ઞાની બ્રહ્મરૂપ છે. એવા બ્રહ્માનંદ પ્રાપ્તિને વાસ્તે આ પંચી કરણ સાર નિરા ભિમાની થઇને ગુરૂ, ઇશ્વર ભકની કરીને ત્રીકાળમાં આ લોક પરલોકનો ભોગ મુકીને સદા અભ્યાસ કરે, તે પરમપદને પામે.

# वेदांतविचार

अने

# परचुरण प्रबोध

---

### મંગળા ચરણ

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ભીમ, ભવ, હું અંભોનિધિસાર હું,
કોટી ઇન્દુ પ્રકાશ, તેજ, ગતિ હું, નક્ષત્ર આધાર હું;
ઉર્વી, પાવક, નીર, વાયુ, નભ, હું, માયા સ્વરૂપે રમુ,
સર્વાત્મા, સર્વેશ, વ્યાપ્ત સઘળે, તેથી હું કોને નમુ ?

# तत्वज्ञान

સર્વ વિદ્યાનું શિખર તત્વજ્ઞાન છે. અનેક શાસ્ત્ર ને કળાથી મનુષ્યનું મન સંસ્કારિ થઇ તે ઉત્તમોત્તમ જ્ઞાન ગ્રહણ કરવા પાત્ર થાય છે તેથી શાસ્ત્ર ને કળાઓ એ સાધન છે અને જ્ઞાન એ સાધ્ય છે અને જ્ઞાનજ સુખદાતા છે.

૧. આપણા ભરતખંડનું એ ઉત્તમ જ્ઞાન આ જગતના યુરોપાદિ ખંડ જે આજે કેટલાંક શાસ્ત્ર અને કળાઓમાં આપણાથી અગ્રેસર છે અને આપણા ઉપર સંસારની સમૃદ્ધિમાં શ્રેષ્ઠતા ભોગવે છે તે જ્યારે છેક અજ્ઞાન અવસ્થામાં હતા ત્યારથી તે આજ સુધી પશ્ચાત પડયું નથી. આપણા લોકનો ઉજ્વલ ઉત્તમ અને અમર યશ આપણા મહાજ્ઞાનિ પુર્વજોએ એવો તો શિખર ઉપર લાવી મૂકયો છે કે તેની તુલના આજે દેશકાલ ઘણા પ્રકારે ફરી જતાં તથા અનેક અસાધારણ અદ્ભુત સાધનો વધતાં પણ હજી કોઇ દેશના લોક બરોબરી કરી શકતા નથી

એમ કહીએ તો ચાલે. યુરોપના કેટલાક અગ્રેસર ગુણજ્ઞ પંડિતો ભરતખંડના તત્વજ્ઞાનીના અલૌકિક ઉત્તમ વિચારો આગળ હજી માનપૂર્વક નમે છે એ વાત કંઇ થોડી અભિમાનદ અને સંતોષકારક નથી પણ આપણા અપ્રિતમ પુર્વજોના અમર યશ પીને દ્રષ્ટિ પાછી વાળતાં આપણી અવસ્થા સામું જુએ છે ત્યાં શું પરિણામ છે કે જ્યાં અભિમાન અને સંતોષ ક્ષણવાર આવ્યાં હતાં ત્યાં અપમાન, ભ્રષ્ટતા, પતિતતા, અને તજ જન્ય ખેદ આવી સર્વ છાઈ નાંખે છે. સમજુઓ જેઓ પરંપરા વિચાર કરી શકે છે તેઓ તો મુર્છીત થઇ જાય છે. આતે કેવી વિષમ અવસ્થા, વેળા વીતતાં કાળે કરેલા પટને દુર કરવાનું તો રહ્યું, પણ પટાન્તરમાં, મહા મુલ્યવાન, સુખદ પદાર્થ છુ એટલું જાણવાનું પણ ભાન નહી એ ઓછી સંતાપકારક વાત નથી; પરંતુ એથી પણ વધારે સંતાપકારક વાત એ છે કે જે વાત ધ્યાનમાં નથી આવતી તે આપણે ધિકારતાં શીખ્યા એટલે તે પંથે જઈ તે પામવાની આશાજ નહીં; એમ થયાથી ગાંડા ઘુમે છે તેમ આપણેજ કપાળે આપણાં અજ્ઞાનદર્શક ચિન્હ ચોડી આપણે વીલે મોંડે વલવલતા અને અવેરા થઇ વલખાં મારવા મંડયા તેથી સર્વે, સમજુઓની દયાને પાત્ર થઈ ગયા. તિરસ્કાર પામ્યા અને છતે ધને રંક થઇ પડયા; પરંતુ સાંક્ષી વિના સિદ્ધ થાય એવા સ્વપ્રકાશી પદાર્થ ઝાઝી વાર છવાયા રહેતા નથી, આપણે વિમુખ અને અંધવતથયા પરંતુ દેખતા લોકોએ તો દુરથી પણ પ્રકાશ વર્ત્યો અને દૂરદર્શક યંત્રવડે જાણે જોતા ન હોય તેમ આપણા પુર્વજોના મહીમા જોયા અને તેના ગુણ ગાઇ આપણા ભ્રષ્ઠ મુજને સચેત કર્યા. કાંતો એમ થયું અથવા તો સૃષ્ટિના આઘાત પ્રત્યાઘાતના નિયમ લાગુ પડયા. ગમે તેમ થયું પણ આપણા દેશનો ઊત્થાનકાળ સમિપ આવ્યો છે એમ સ્પષ્ટ જણાય છે, અને યથેચ્છ ઊન્નતિ થવી એ હવે આપણા અને આપણી પ્રજાના હાથમાં છે, એમ પ્રત્યક્ષ છે. વિદ્યા, વિચાર, અને વિવેકમાં, વધીશું તેમ તેમ સર્વ પ્રકાર

ની ઉન્નતિમાં માનસિક, સંશારિક, અને રાજકીય, તેમજ, ધાર્મીક-
માં વધીશું. એજ સાધનથી આપણો દેશ એક વેળા સર્વોપરી હતો
અને તેજ સાધનથી હવે પાછો નવા દેશ કાલને અનુસરીને તેવા પ્ર-
કારની વધતી ઉન્નતિને પામશે, પણ એ બધું આપણા યોગ્ય પુ-
ર્વજોના, આપણે સુપાત્ર પુત્ર નીવડીશું તોજ. આપણા મહાત્મા પુ-
ર્વજોએ અનેક વિષયો ઉપર વિચાર કરી તેમનું નિરૂપણ કર્યું છે. મા
ર્ગ અને સાધનો અનેક હોય છે પણ સાધ્ય કરવાની વસ્તુઓતો ગણ
ત્રિનીજ હોય છે. સાધ્યનું પણ સાધ્ય તત્ત્વજ્ઞાન છે. દેશ કાળ ફરેથી
માર્ગ અને સાધનોનો સુધારો વધારો થવો જોઇએ તેટલો થયો છે
આપણા પુર્વજોએ જે સાધનો અને જે માર્ગનો ઉપયોગ કરેલો તેમાં
મધ્યકાળમાં (આ પૃથ્વિ ઉપર આપણા સ્થિર રહેવાથી પશ્ચાતગામી
થયા તેથી ) પરદેશી લોકોએ સુધારો વધારો ઘણો કર્યો છે તે સા-
ધનોને સમજી તેનો ઉપયોગ કરવો એ અગત્યનું છે પરંતુ સા-
ધ્યનું જે શિખર અધ્યાત્મજ્ઞાન છે તે સત્ય હોવાથી સર્વોપરી રહે છે
આપણા દેશમાં એ સર્વોપરી જ્ઞાન સંપાદન કરવા ઘણા માર્ગ હતા
એમ જણાય છે. પણ મુખ્ય ષડશાસ્ત્ર અને તેના પણ સંક્ષેપ કરતાં
મુખ્ય ત્રણ વર્ગ થાય છે. ૧ સાંખ્યયોગ ૨ ન્યાયવૈશિક ૩ પુર્વ ઉત્તર
મિમાંસા. જે હાલ બ્રહ્મવિદ્યાનું શિરોમીટું છે. શિવ શક્તિ આદિનાં
અસંખ્ય નામ રૂપના અનેક ગ્રંથો ચાલે છે જેનો મત ભેદ થયાથી અ
ને બહુ કરીને અજ્ઞાન વધ્યાથી સ્વાર્થિ લોકોએ વાડા બાંધી ઘેટા
બકરાં એકઠાં કીધા જેવું છે. તેની સંખ્યા વધી જઇ મુળ વાત લોકો
વીસરી ગયા છે એ ખરૂ છે. પણ વિદ્યાનો પ્રકાશ થયાથી એ અંધ
કારનો અનાચારો નાશ થવાનો છે. અને ભરતખંડના આર્ય લોકોનો
વર્ણાશ્રમવાળો એકજ વેદ ધર્મ છે તે દીપી નીકળવા લાગ્યો છે, તે
નો શિરોભાગ ઉપનિષદો છે. તેમાં જે પુરૂષાર્થ કહ્યા છે તે સર્વોપરી
અને ઉચ્ચ હોવાથી તેને પામવામાં સમર્થ પુરૂષોએ જુદા જુદા માર્ગ
શોધ્યા છે. આજ સુધીમાં અધિક ભાગમાં મહાત્માઓએ તે સ્વીકાર

કરવા ઉપરથી તથા નિશ્ચયપણે પ્રસિદ્ધ થઇ દેશ પરદેશના પંડિતોની કસોટિએ ચડયાથી પણ ખોટા જણાયો નથી એ ઉપરથી અનુમાન કરી જોતાં ઉત્તરમિમાંસાનો મારગ પરમધામ; અગમ ભુમી, અથવા ઉત્તમ સ્થાન પર્યંતનો જણાય છે. મૂલ્ય આપ્યા વિના વસ્તુ મળતી નથી જેમ વસ્તુ ઉચ્ચ તેમ મુલ્ય ભારે, પ્રાણિમાત્ર જન્મથી તે મરણ પર્યંત જે જે સહે છે, કરે છે, ન ઇચ્છે છે, અને સંક્ષેપમાં જેની પ્રાપ્તિ સારૂ પ્રાણી પોતાનું જીવન દુ:ખથી વીંધાઇ ગયા છતાં પણ ધારણ કરી રહે છે તે પદાર્થ સુખ છે, એમ વિચાર કરનાર સર્વ તત્કાલ કહી શકેશે. સુખ જીવનનું પણ જીવન છે. સુખની આશાનો પરિપુર્ણ નાશ થયે મનુષ્યને જીવવું ઝેર જેવું લાગે છે અને દેહનો ત્યાગ કરેછે એવું જે સુખ તેને સંપાદન કરવા પ્રાણિમાત્ર સર્વ પ્રકારે શ્રમ કરે છે પણ એ વિશ્વાકર્ષક વસ્તુ એવી તો ઉચ્ચ છે કે તેની ઝાંખી પણ થોડાને જ થાય છે માત્ર તેની છાયામાંજ આ જગતનાં મનુષ્ય પ્રાણી બાચકા ભરે છે. પણ પાછા હાથ ખાલીના ખાલી દેખે છે કોઈ વીરળ ભાગ્યશાળી મહાત્માઓ મહા પ્રયત્નથી એ માર્ગે જવાને પાત્ર થાય છે. તેનાં અવશ્ય મુખ્ય સાધન—વિદ્યા, વિચાર, વિરાગ, ષડસંપત્તિ અને મુમુક્ષતા છે. વિદ્યા આવ્યાથીજ આપણું અંધત્વ જાય છે. પ્રકાશ જોવાને વિદ્યા આપણને સમર્થ કરે છે એટલે વિચાર કરી ખરા માર્ગ ઉપર વળવાનું બની શકે છે. માર્ગના મુખ આગળ આવતાંજ વિવેક વિચાર સાધન સંપાદન કરવાં અવશ્ય છે તે ચાર સાધન કિયાં કિયાં તેનાં નામ નીચે આપ્યાં છે.

૧. વિવેક ૨. વિરાગ. ૩. શમદમાદિ ષડ સંપત્તિ અને ૪. મુમુક્ષતા.

## વિવેક

વિવેક—આત્મા અવિનાશી એટલે નાશરહિત છે તથા અચળ એટલે ક્રિયા રહિત છે અને જગત આત્માથી પ્રતિકુળ એટલે વિપરીત સ્વભાવવાળું અર્થાત જગત વિનાશી અને ચળ છે એવું જે

જ્ઞાન દ્રઢ થવું તેનું નામ વિવેક અને તે વિવેક સર્વે સાધનનું મુળ છે, કારણ કે પ્રથમ વિવેક હોયતો વિરાગ આદિ લઇને તે ઉત્તર સાધન હોય છે. માટે વિરાગ શમદમાદિ ષડસંપત્તિ અને મુમુક્ષતા એમનો વિવેક એ હેતુ છે અને વિવેક એજ પ્રથમ પાયો તત્વજ્ઞાનનો છે.

## વિરાગ

વિરાગ—બ્રહ્મલોક સુધીના ભોગ તણો પણ ત્યાગ એને વેદ અને જ્ઞાનિ મુનિઓ વિરાગ કહે છે. અને તે તત્વજ્ઞાનનું બીજું સાધન છે.

## શમદમાદિ ષડસંપત્તિ

શમદમાદિ ષડસંપત્તિ—શમ, દમ, વિગેરે ૭ સંપતિઓ મળી ને તત્વજ્ઞાનનો ત્રીજો પાયો બને છે. એ સંપત્તિઓ છ છે. ૧ શમ, ૨ દમ, ૩ શ્રદ્ધા, ૪ સમાધાન, ૫ ઉપરામ, અને ૬ તિતિક્ષા. એ છ સંપતિનાં નામ છે. અને તે તત્વજ્ઞાનનો ત્રીજો પાયો છે.

શમ—એટલે વિષયથી મન રોકવું એને જ્ઞાતા શમ કહે છે.

દમ—એટલે ઇંદ્રિય ગણને રોકવા.

શ્રદ્ધા—એટલે વેદ અને ગુરૂનાં વાક્ય સત્ય છે. એવો જે મનનો વિશ્વાસ તેનું નામ શ્રધા.

સમાધાન—એટલે એકાગ્ર ચિત રહી મનને કોઇપણ પ્રકારનું વિક્ષેપ ન રહે તેને સમાધાન કહે છે.

ઉપરામ—એટલે વિષયને વિષ્ટા સમ જાણી તેનાથી દુર ભાગે તથા તેની ઇચ્છાનો પણ ભંગ કરે તેનું નામ ઉપરામ.

તિતિક્ષા—એટલે તાપ, શિત, ક્ષુધા, તૃષા, સુખદુઃખ એ સહન કરવાનો સ્વૈભાવ પાડવો એનું નામ સાધુ પુરૂષો તિતિક્ષા કહે છે.

## મુમુક્ષતા

મુમુક્ષતા—અત્યંત કલેશ કે જેનું મુળ—કારણ અજ્ઞાન છે, તે સહિતની નિવૃતિ, અને પરમાનંદની, પ્રાપ્તિની ઇચ્છાનું નામ મુમુક્ષતા છે.

ઉપર પ્રમાણે વિવેક, વિરાગ, અને શમદમાદિ ષડસંપતિ અને મુમુક્ષતા, એ ચાર મુખ્ય અને શ્રવણ, મનન, અને નિદિધ્યાસ એ ત્રણ એમ સાત અને તત્પદ ( એટલે ઇશ્વર પદનું ) અને ત્વંપદ એટલે પોતાના પદનું શોધન એ નવ સાધન છે. તેનું અનિર્વાચ્ય પરિણામ તેનું નામ તત્વજ્ઞાન છે.

જીવને બંધ અને ઇશ્વરને મોક્ષ છે. અધીસ્ઠાન, વિષે આ ભાસને ભ્રાંતિથી પ્રતીત થાય છે માટે કેવળ આભાસમાં બંધ મોક્ષ છે તે વિષે પણ, એટલો ભેદ છે કે જે આભાસમાં આવર્ણું છે તેને વિષે બંધ છે જે આભાસના સ્વરૂપનું આવર્ણું નથી તે મુકત છે. ઇશ્વરમાં આવર્ણું નથી માટે ઇશ્વર સદામુકત છે અને જીવ વિષે આવર્ણું છે તેથી તે બદ્ધ છે.—બદ્ધ એટલે બાંધેલો કેમકે જે અવિદ્યાના અંશમાં ચેતનના આભાસને જીવ કહ્યો તે અવિદ્યાનો સ્વભાવ આવર્ણું કરવાનો છે, યદ્યાપિ, અવિદ્યા, અજ્ઞાન, અને માંયા એકજ વસ્તુને કહે છે. તથાપિ શુદ્ધ સત્વગુણની પ્રધાનતાથી માયા કહીએ છીએ. અને મલિન સત્વગુણની પ્રધાનતાથી અજ્ઞાન અથવા અવિદ્યા કહીએ છીએ. રજોગુણ અને તમોગુણથી દબાયલો જે સત્વગુણ છે તેને મલિન સત્વગુણ કહીએ છીએ. વાસ્તે તમો ગુણ અને રજોગુણની અધિકતા હોવાથી આંવિદ્યામાં જે જીવનો આભાસ અંશ તેના સ્વરૂપનું અવિદ્યા આવર્ણું કરે છે. માટે જીવમાં બંધ છે અને ઇશ્વરમાં નથી.

અધિસ્ઠાન ચેતન સહીત, જે માયામાં આભાસ તે ઇશ્વર છે, તેને તત્પદનું વાચ્ય કહીએ છીએ. ( એટલે શકિતથી જણાય તે ) અને કેવળ અધિષ્ઠાન ચેતન તત્પદનું લક્ષ છે, ( લક્ષણથી જણાય તે ) જે ઇશ્વર છે, તેજ જગતની ઉત્પતિ, પાલન અને સંહારણ કરે છે, એમ સંપુર્ણ શાસ્ત્રમાં કહ્યું છે તેનો એવો અભિપ્રાય છે કે ચેતન અંશ તો આકાશની પેઠે અસંગ છે. અને આભાસઅંશ જગતની ઉત્પતિ આદિ કરે છે અને તેનેજ એટલે આભાસને વિષે સર્વજ્ઞતા છે. અને ભકતજન ઉપર જે અનુગ્રહ ( કૃપા ) કરે છે તેપણ કેવળ આભાસ અંસ કરે

અને કંઇ ઐશ્વર્ય છે. તે કેવળ આભાસમાં છે. ચેતન અંશ એક રસ છે તેને વિષે સત્તા, સ્ફુરતી, દેવા વિના, બીજું ઐશ્વર્ય બને નહી. નાના પ્રકારનાં કામ અને કર્મ સહીત જે બુદ્ધિ છે, તેમાં જે ચેતનનું પ્રતિબિંબ છે. તેને વિદ્વાન જ્ઞાની જનો જીવ કહે છે તે કેવળ પ્રતિબંબ મળીને જીવ કહે છે એમ નથી પરંતુ જેમ ઘટાકાશ સહિત આકાશના પ્રતિબિંબને જલાકાશ કહે છે તેમ સબિંબ એટલે બિંબ જે કુટસ્થ તે સહિત ચિદાભાસને જીવ કહે છે. તેથી એ સિદ્ધાંન્ત થાય છે કે બુદ્ધિમાં, જે ચીદાભાસ અને બુદ્ધિનું અધિષ્ઠાન ચેતન, એ બેનુ નામ જીવ કહે છે. પુર્વબિંબ, જે કુટસ્થ, તે કુટસ્થ સહિત આભાસને જીવ કહયો તેથી એવી પ્રતીતિ થાય છે કે, જે બુધ્ધિમાં પ્રતિબિંબ છે તે કુટસ્થનું છે, બહારના બ્રહ્મ ચેતનનું નથી. કેમકે જેતું પ્રતિબિંબ હોય તેને બિંબ કહીએ છીએ તે કુટસ્થ તે બીંબ કહયો, એટલે તેનું પ્રતિબિંબ છે એવી પ્રતિતી થાય છે. જેમ મોહોટા લાલ પુષ્પો ઉપર મુકેલો ધોળો સ્ફટિક અત્યંત ઊજવલ છે તેમ, બુધિ પણ અત્યંત શુધ છે કેમકે બુદ્ધિ સત્વગણનું કાર્ય છે માટે કુટસ્થની ચમકનું નામ પ્રતિબિંબ છે.

અથવા, બ્રહ્મ ચેતનનું પ્રતિબિંબ છે. જેમ મહાકાશનું ઘટના જળમાં પ્રતિબિંબ થાય છે. (ઘડાના) ભિતરના આકાશનું નથી થતું, કેમ કે જેટલી ગંભિરતા જળ વિષે પ્રતિત થાય છે એટલી ગંભિરતા આકાશમાં છે નહીં તે ગંભિરતા આકાશનું પ્રતિબિંબ છે. વાસ્તે તે બહારના (મહા) મહાકાશનું પ્રતિબિંબ છે. કોઇ એમ કહેશે કે વ્યાપક ચેતનનું પ્રતિબિંબ બને નહીં, તે શંકા આકાશના દ્રષ્ટાંતથી દૂર થાય છે, કેમકે આકાશ પણ વ્યાપક છે અને તેનું પ્રતિબિંબ થાય છે તેમ વ્યાપક ચેતનનું પણ પ્રતિબિંબ બને છે વળી જે કહે છે કે રૂપવાન પદાર્થનું રૂપવાન પદાર્થમાં પ્રતિબિંબ થાય છે તે પણ નિયમ નથી. કેમકે રૂપ રહિત શબ્દના રૂપ રહિત આકાશમાં પ્રતિબિંબ થાય છે. તેમ પુર્વે કહી આવ્યા છીએ. એ માટે ચેતનનું પ્રતિબિંબ બને છે. આ રીતે બુધ્ધિમાં આભાસ

અને બુધિનુ અધિસ્ઠાન ચેતન આ બનેનુ નામ એમ કહ્યુ તે જીવ ત્વંપદનુ વાચ્ય કહીએ છીએ અને તેમાંથી ચીદાભાસનુ ત્યાગ કરીને કેવળ જે કુટસ્થ છે. તેને ત્વંપદનુ લક્ષ કહે છે. અને અહં શબ્દનુ વાચ્ય પણ જીવ છે. કેવળ કુટસ્થ લક્ષ છે. યદ્યપિ જીવ નામ ચીદાભાસ, અને કુટસ્થ, એ બનેનુ છે. તથાપી જીવપણાના જે ધર્મ છે. તે બધા આભાસ વિષે છે. પુન્ય અને પાંપ અને પુન્ય પાપનાં ફળ સુખ દુ:ખ અને લોકાંન્તર વિષે ગમન અને આ લોક વિષે આગમન એ આદી લઈને જે બધું તે આભાસસહિત બુધિ કરે છે કુટસ્થ નથી કરતો. કુટસ્થ વિષે કેવળ ભ્રાન્તિથી ભ્રાન્તિ વાળાને પ્રતીત થાય છે તે ભ્રાન્તિથી પ્રતીત પણ બુધિ સહિત આભાસને થાય છે. કુટસ્થને નથી થતુ કેમકે કુટ જે લવારની એરણ એની પેઠે, સ્થ, નામ સ્થિર રહેનાર જે કુટસ્થ તેને નથી થતુ કેમકે કુટ જે લવારની એરણ તેની પેઠે નિરવીકાંર રૂપે સ્થીત હોય તે કુટસ્થ કહીએ છીએ અથવા ઊકુટ એટલે મિથ્યા અને ચીદાભાસ તેમના વિષે અસંગરૂપથી સ્થિત હોય તેને કુટસ્થ કહીએ છીએ માટે કુટસ્થ વિષે ભ્રાન્તિ આદિક બને નહીં. ચીદાભાસમાં બને છે.

## આત્મા વિષે જુદા જુદા મતં

૧ વીરોચન મતવાળા, સ્થુલ શરીરને, આત્મા કહે છે. કેટલાએક વિરોચન મતના, અનુયાયી સ્થુલ શરીરરૂપ અન્નમય કોશનેજ આત્મા કહે છે અને એવી યુકિત પ્રતિપાદન કરે છે કે જેમાં અહંબુધિ થાય છે. તે આત્મા છે. તે અહં બુધિ સ્થુલ શરીરમાં થાય છે. હું મનુષ્ય છું. એવી પ્રતીતિ સરવને થાય છે. અને તે બ્રાહ્મણ હોય તો હું બ્રાહ્મણ છુ એવી પ્રતીતિ થાય છે. તે બ્રાહ્મણપણું તથા મનુષ્યપણું સ્થુલ શરીરમાં જ છે તથા સ્થુલ શરીરજ અહંબુધિનો હોવાથી આત્મા છે. કિંવા જેમાં મુખ્ય પ્રતીતિ થાય તે આત્મા છે. સ્ત્રી, પુત્ર, ધન, પશુ આદિ સ્થુલ શરીરના ઉપકારક હોય તો એમાં પ્રીતી થતી નથી જેની નિમિત્ત અન્ય પદારથમાં પ્રીતી થાય તે સ્થુલ શરીરમાં જ મુખ્ય પ્રીતી થાય છે. માટે

સ્થુલ શરીરજ આત્મા છે તેજ સ્થુલ શરીરનું વસ્ત્રાભુષણ અન્ન જળ અને નાના વિધના ભોજનથી શૃંગાર પોષણ જ પરમ પુરૂષારથ છે એ વો અસુર સ્વામી વિરોચનનો મત છે.

૨. કોઇ સ્થુલ શરીરને નહીં પણ ઇંદ્રિઓનેજ આત્મા કહે છે. એ ને એમ કહે છે કે—સ્થુળ શરીરજ, આત્મા નથી કીંતુ, સ્થુળ શરીરમાં જેના હોવાથી જીવન વહેવાર થાય છે. અને જેના નહીં હોવાથી મરણ વહેવાર થાય છે તે આત્મા સ્થુળ શરીરથી ભીન્ન છે. જીવન મરણ ઇ-ન્દ્રિઓના આધીન છે. જેટલા કાળ સુધી શરીરમાં ઇંદ્રિઓ હોય એટલા કાળ સુધી જીવન છે અને કોઇ ઇંદ્રિ ન હોય ત્યારે મરણ કહીએ છીએ હું દેખું છું, બોલું છું, સાંભળું છું, એ રીતે અહંબુધ્ધિ પણ ઇન્દ્રિઓ માં હોય છે માટે ઇંદ્રિઓજ આત્મા છે.

૩ કોઇ ઇંદ્રિઓને નહીં પણ પ્રાણનેજ આત્મા માને છે.

હીરણ્ય—ગર્ભના, ઊપાસીક પ્રાણને આત્મા કહે છે તેમાં એવી યુક્તિ કહે છે કેઃ—જ્યારે મરણ સમયે મુર્છા થાયે છે ત્યારે તેના સંબંધી પુત્રાદીક, પ્રાણ શેશ હોય તો જીવન છે એમ જાણે છે અને પ્રાણ શેશ નહીં હોય તો મરણ જાણે છે. કીંવા શરીરમાં ઇંદ્રિયો ન હોયતો અંધ શરીર રહે છે. શ્રોત્ર વિના બ્હેર રહે છે. વાક વિના મુંગું રહે છે. એમ જે જે ઇંદ્રિઓ ન હોય તેના વ્યાપાર વિના પણ શરીર સ્થિત રહે છે, પરંતુ પ્રાણ વિના તો શરીર તેજ ક્ષણમાં સ્મશાન સમાન અમંગળ ભયંકર થઇને પડી જાય છે અને હું દેખું છું, સાંભળું છું, એ પ્રતીતિથી પણ ઇંદ્રિઓથી ભિન્નજ આત્મા સિદ્ધ થાય કેમકે તેનું સ્વરૂપ હું દેખું છું શ્રોત્ર શરીર હું સાંભળું છું એવી પ્રતીતિ થાય તો ઇંદ્રિય શાખા સિદ્ધ થાય પણ હું નેત્ર વાળો દેખું છું. એવી પ્રતીતિ થાય છે, માટે ઇંદ્રિયોથી ભિન્ન આત્મા છે વળી સુષુપ્તિમાં સર્વ ઇંદ્રિઓના અભાવ છે તોપણ પ્રાણના અસ્તિત્વપણાને લીધે એટલે પ્રાણ હોવાથી જીવન વહેવાર થાય છે માટે જીવન મરણ એ પણ ઇંદ્રિઓને આધીન નથી કીંતુ સ્થુળ શરીર અને પ્રાણ

એ એનો વિયોગને મરણ કહે છે. માટે જીવન મરણ પ્રાણનેજ આ ધીન છે ને તે પ્રાણજ આત્મા છે.

૪. કોઇ પ્રાણને નહીં પણ મનને આત્મા માને છે.

કોઇ એમ કહે છે કે પ્રાણ જડ છે, માટે ઘટની પેઠે અનાત્મા છે બંધ, મોક્ષ મનને આધીન છે. વિષયમાં આસકત જે મન તે બંધનનો હેતુ છે. વિષય વાસના રહીત જે, મન તે મોક્ષનો હેતુ છે અને મનના સંબંધથીજ ઇંદ્રિય જ્ઞાનના હેતુ છે. મનના સંબંધ વિના ઇંદ્રિયથી જ્ઞાન થતું નથી માટે સર્વ વ્યવહારનો હેતુ મન છે ને તે મન આત્મા છે.

ક્ષણિકવિજ્ઞાન વાદી બૌધ મનને, નહિ, પણ બુદ્ધિને આત્મા માને છે.

ક્ષણિકવિજ્ઞાનવાદી બૌધ એમ કહે છે કે મનનો વહેવાર બુદ્ધિને આધીન છે; કેમકે બુદ્ધિનોજ આકાર મન થાય છે માટે ક્ષણિક વિજ્ઞાનરૂપ બુધ્ધિજ આત્મા છે, મન નથી. એવો તેમનો અભિપ્રાય છે. સંપુર્ણ પદાર્થ વિજ્ઞાનના આકાર છે તે વિજ્ઞાન પ્રકાશરૂપ છે, અને ક્ષણ ક્ષણમાં વિજ્ઞાનનો ઉત્પત્તિ વિનાશ થાય છે. ઉડ વિજ્ઞાનના પુર્વ વિજ્ઞાનના સમાન અન્ય વિજ્ઞાનની ઉત્પત્તિ થએથી પુર્વ વિજ્ઞાનનો નાશ થાય છે. તેમજ તૃતીય વિજ્ઞાનની ઉત્પત્તિ એ દ્વિતિય વિજ્ઞાનનો નાશ અને ચતુર્થ વિજ્ઞાનની ઉત્પત્તિ એ તૃતીય વિજ્ઞાનનો નાશ થાય છે. એ રીતે નદીના પ્રવાહની પેઠે વિજ્ઞાનની ધારા બની રહે છે તે વિજ્ઞાનની ધારા બે પ્રકારની છે. એકતો આલય વિજ્ઞાન ધારા છે. એવી બીજી પ્રવર્તતી વિજ્ઞાન ધારા છે અહં અહં (હું હું) એવી વિજ્ઞાન ધારાને આલય વિજ્ઞાન ધારા કહે છે. તેને બુદ્ધિ કહે છે. આ ઘટ છે, આ શરીર છે, એવી વિજ્ઞાન ધારાને પ્રવર્તતી વિજ્ઞાન ધારા કહે છે. આલય વિજ્ઞાન ધારાથી પ્રવર્તતી વિજ્ઞાન ધારાની ઉત્પત્તિ થાય છે. મનનું સ્વરૂપ પણ પ્રવર્તતી વિજ્ઞાન ધારામાં છે. માટે આલય વિજ્ઞાન ધારારૂપ બુદ્ધિનું મન એ કાર્ય છે તે બુધ્ધિજ આત્મા

છે. આલય વિજ્ઞાન ધારા વિષે પ્રવર્તતી વિજ્ઞાન ધારાના ચિંતવનથી નિર્વિશેષ, ક્ષણિક વિજ્ઞાન ધારાની સ્થિતીજ તેમના મનમાં મોક્ષ છે એ રીતે વિજ્ઞાન વાદી બુધ્ધિનેજ ક્ષણિકરૂપ અને સ્વયંપ્રકાશરૂપ કલ્પના કરીને આત્મા કહે છે.

### ૬. ભટ મત પ્રમાણે બુધ્ધિ નહીં, પણ, આનંદમય કોશ તેજ આત્મા મનાય છે.

પુર્વ મીમાંસાના વાર્તીકકાર ભટ એમ કહે છે કેઃ—વિદ્યુતની પેઠે ક્ષણીકરૂપ આત્મા નથી કીંતુ સ્થિર સ્વરૂપ આત્મા જડસ્વરૂપ અને ચેતનરૂપ છે. તેનો અભીપ્રાય એ છે કે સુષુપ્તિથી જાગીને પુરૂષ એમ કહે છે કે હું જડ થઇને સુતો હતો તેથી આત્મા જડરૂપે છે. અને જાગીને જાગેલાની સ્મૃતિ થાય છે. અજ્ઞાનને સ્મૃતિ થાય નહીં. આત્મ સ્વરૂપથી ભીન્ન સુષુપ્તિમાં જ્ઞાનનાં બીજાં સાધન નથી માટે સુષુપ્તિમાં સ્મૃતિનો હેતુજ્ઞાન છે. તે આત્માનું સ્વરૂપ છે. એ રિતે ખદ્યોતની પેઠે આત્મા પ્રકાશ અને અપ્રકાશરૂપ છે. જ્ઞાનરૂપ છે. માટે પ્રકાશરૂપ અને જડ છે માટે અપ્રકાશરૂપ છે તે પ્રકાશરૂપ અને અપ્રકાશરૂપ આનંદમય કોશ છે. કેમકે સુષુપ્તિમાં ચેતન્યના આભાસ સહીત જે અજ્ઞાન તે અપ્રકાશરૂપ છે માટે ભટના મતમાં આનંદમય કોશજ આત્મા છે.

### ૭ શુન્યવાદી બૌધ્ધ આનંદમય કોશને નહીં પણ શુન્યનેજ પરમતત્વ ( આત્મા ) માને છે.

શુન્યવાદી બૌધ એમ કહે છે કેઃ—આત્મા નિરંશ છે. માટે એકજ આત્મા પ્રકાશરૂપ અને અપ્રકાશરૂપ કહેવો એ યોગ્ય નહિ. અને ખદ્યોતમાં એક અંશ પ્રકાશ રૂપ છે અને બીજે અંશ અપ્રકાશરૂપે છે તેની પેઠે અંશ રહીત આત્મા વિષે ઉભય રૂપનું આરોપણ કરવું એ અસંગત છે. માટે ઉભય રૂપની સિધ્ધિ સારૂ આત્મા અંશ સહીત જ માનવો પડવાનો જે અંશ વાળા પદાર્થ ઘટ પટાદી છે તે ઉત્પત્તિ અને નાશ વાળા હોય છે તેમ આત્મા પણ અંશ સહીત હોવાથી

ઊત્પત્તિ નાશ વાળોજ માનવો પડવાનો જે ઊત્પતિ નાશવાળો પ-દારથ હોય તે ઊત્પતિથી પુર્વે અને નાશથી અનંતર અસત હોય છે જે આદિ તથા અંતમાં અસત હોય તે મધ્યમાં પણ સત હોય નહીં; મધ્યમાં પણ અસતજ હોય છે. માટે આત્મા અસતરૂપ છે તેમ આ-ત્માથી ભિન્ન પણ સંપુર્ણ પદારથ ઊત્પતિ નાશવાળા છે માટે અસત રૂપ એ રીતે આત્મા અને અનાત્મા સમગ્ર વસ્તુ અસત રૂપ હોવાથી શુન્યજ પરમ તત્વ છે એવો શુન્યવાદી માધ્યમીક બૌધનો મત છે.

તુચ્છ; અસત, શુન્ય.

તે પણ અજ્ઞાનરૂપ આનંદમય કોશને પ્રતિપાદન કરે છે કેમકે અજ્ઞાન ત્રણરૂપથીં પ્રતિત થાય છે. અદ્વૈત શાસ્ત્રના સંસ્કાર રહિત જે મુઢ તેમને તો જગતરૂપ પરિણામને પ્રાપ્ત, અજ્ઞાન, શુન્ય પ્રતીત થાય છે પરંતુ અદ્વૈત શાસ્ત્રના અનુસાર યુકિત નિપુણ પંડિતોને તો સત અસતથી વિલક્ષણ અનિર્વચનીયરૂપ અજ્ઞાન અને તેનું કાર્ય જ-ગતપ્રતીત થાય છે. જ્ઞાન નિષ્ઠાને પ્રાપ્ત જે જીવંનમુકત વિદ્વાન, તે મને કાર્યે સહિત અજ્ઞાન તુચ્છરૂપ પ્રતીત થાય છે, તુચ્છ, અસત અને શુન્ય એ ત્રણને શબ્દ એકજ અરથને કહે છે એ રીતે જીવન્નમુકતને તુચ્છરૂપ જે પ્રતીત થાય અજ્ઞાન તેને વિષે મોહિત શુન્યવાદી પરમપુ-રુષારથને ( તત્વ ચેતનને ) નથી જાણતા કિંતુ તુચ્છરુપ આનંદમય કોશનેજ આત્મા કહે છે.

પુર્વ મીમાંસક પ્રભાકર અને નૈયાયિક શુન્યને નહીં પણ આનંદમય કોશને આત્મા માને છે.

અને પુર્વ મીમાંસાનો એક દેશી પ્રભાકર અને નૈયાયિક એમ કહે છે કે આત્મા શુન્યરુપ નથી. કેમકે જે આત્મા શુન્ય રૂપ માને છે તેને તેઓ પુછે છે કે શુન્યરુપનો તેં અનુભવ કર્યો છે? કે નહીં । જો એમ કહે કે શુન્યરૂપનો અનુભવ નથી કર્યો તો શુન્ય છે નહીં એમ સિદ્ધ થયું અને જો કહે કે શુન્યનો અનુભવ કર્યો છે તો જેણે શુન્યનો અનુ ભવ કર્યો છે તે અનુભવ કરનાર આત્મા, શુન્યથી વિલક્ષણ સિદ્ધ

થાય છે. એ રીતે શુન્યથી વિલક્ષણ, આત્મા છે. તેને વિષે મનના સંયોગથી જ્ઞાન થાય છે. તે જ્ઞાન ગુણથી, આત્માને ચેતન કહીએ છીએ પણ સ્વરૂપથી આત્મા જડ છે તેમ ( વળી જન્મ મરણ મળી જેમના મનમાં ) સુખ દુખ ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, આદિક, ગુણ આત્મા વિષે છે. તેમના મનમાં પણ આનંદમય કોશજ આત્મા છે. અને વિજ્ઞાનમય કોશમાં, જે બુધ્ધિ છે તેને આત્માનો જ્ઞાનગુણ કહે છે કેમકે આનંદમય કોશમાં ચેતન ગુઢ ( ગુપ્ત ) તેમ વિવેક હીનને પ્રતીત થાય નહીં, અને પ્રભાકર તથા નૈયાયીક આત્માને સુષુપ્તિમાં જ્ઞાન હીન માનીને સ્વરૂપથી જડ કહે છે માટે (જેમાં) ગુઢ ચેતન છે એવા આનંદમય કોશમાંજ તેમને એટલે ( નૈયાયીકોને ) આત્માંની ભ્રાંતી થાય છે અને આત્મ સ્વરૂપ નિત્ય જ્ઞાનને તે જીવમાં માનતા નથી કીંતુ અનિત્ય જ્ઞાન માને છે તે અનિત્ય જ્ઞાન સિદ્ધાંતીના અંતઃકરણની વૃતિ જેમ બુદ્ધિ, તે રૂપ છે, એ રીતે પ્રભાકરને નૈયાયીકના મતમાં આનંદમય કોશ તેજ આત્મા છે. અને બુદ્ધિ તેનો ગુણ છે. તેમનો મત પણ સમીચીન નથી.

### ઉપરના મતો સંબંધમાં વેદાંતવિચાર.

જ્ઞાનથી, ભિન્ન જે, જડ વસ્તુ ઘટાદિ છે તે અનિત્ય છે, ને આત્મા પણ જ્ઞાન સ્વરૂપ નહીં હોયતો ઘટાદિકની પેઠે જડ હોવાથી અનિત્ય થવાનો. જો આત્મા અનિત્ય હોય તો મોક્ષના અર્થે સાધન નિષ્ફળ થવાનાં. એ રીતે વેદાંતવાકયમાં વિશ્વાસ રહીત અનેક બહિર્મુખો પંચ કોશમાંજ કોઈ પદાર્થને આત્મા માને છે. અને મુખ્ય આત્મસ્વરૂપ સાક્ષીને જાણતા નથી. અન્ન મયાદીકને આત્માના આચ્છાદક હોવાથી, કોશ કહીએ છીએ.

### આત્માનું ખરૂં સ્વરૂપ.

જીવના પંચ કોશ જીવનું યથાર્થ સ્વરૂપ સાક્ષી તેને આચ્છાદન કરે છે. તેમ ઇશ્વરના સમષ્ટી પંચકોશ ઈશ્વરના યથાર્થ સ્વરૂપને આચ્છાદન કરે છે કેમકે ઇશ્વરનું યથારથ સ્વરૂપતો તત્પદનું લક્ષ

છે તેને ત્યાગીને કોઇ તો માયારૂપ આનંદમય કોશ વિશીષ્ટ જે અં-તર્યામિ તતપદનું વાચ્ય તેનેજ ધર્મતત્વ કહે તેથી હિરણ્યગર્ભ વૈશ્વાનર વિષ્ણુ, બ્રહ્મા, શીવ, ગણેશ, દેવ, સુર્ય આદિથી, અગ્નિ કોદાળી, પીંપળો, વાંસ ઈત્યાદિક પર્યંત પદારથનાં પરમાત્માની ભ્રાંતિ માને છે (ને કહે છે કે) યદ્યપિ સર્વ પદારથમાં સુક્ષ્મ ભાગ પરમાત્માથી ભિન્ન નથી તથાપિ તેને (ઊપાધિ સહિત તેનેજ) પરમાત્મા માને છે ને તે તેને ભ્રાં-તિ છે એ રીતે પંચકોશથી આવૃત જે જીવ ઇશ્વરનું પરાત્મસ્વરૂપ તેથી વીમુખ થઇને દેહાદિકમાં આત્માની ભ્રાંતિ કરીને પુન્ય પાપ કરે છે અને અંતર્યામિથી આદિ લઇને વાંસ પર્યંત ઈશ્વિર માનીને આરાધન કરીને સુખ ચાહે છે. જેવી ઉપાધીનું આરાધન કરે છે. તેને અનુ-સારજ તે ફળ થાય છે. કેમકે, કારણ, સુક્ષ્મ અને સ્થળ પ્રપંચ સર્વે ઇશ્વરના અંતરભુત છે. તેમાં ઉપાસનાને અનુસાર ફળ પણ સર્વથી થાય છે પણ બ્રહ્મજ્ઞાન વિના મોક્ષ થતો નથી. જો મોક્ષની ઇચ્છા હોય તો વિવેક વડે જીવ ઈશ્વરના સ્વરૂપને પંચકોશથી પ્રથક કરો.

દ્રષ્ટાંતઃ—જેમ મુંજ અને ઈષીકા (એટલે મુંજ જાતના સરકટના સરીયો) અને પાંદડાં મળી હોય છે તેમને (શરીયા ઉપરના પાંદડાંને) તાકાને (વચ્ચેના શરીયાને પ્રથક કરે છે તેમ વિવેકથી જીવ ઇશ્વરના સ્વરૂપને પંચકોશથી પ્રથક જાણો.) સ્વપ્નાવસ્થામાંજ સ્થુળ દેહનું ભાન થતું નથી પણ આત્માનું ભાન થાય છે. તેમ સુષુપ્તિ અવસ્થામાં સુક્ષ્મ શરીરનું જ્ઞાન થતું નથી પણ સુખરૂપ આત્મા સ્વયંપ્રકાશ રૂપથી ભાવી એટલે પ્રતીત થાય છે. જો સુખનું જ્ઞાન સુષુપ્તિમાં ન હોયતો "હું સુખે સુતો હતો" એવી સ્મૃતિ જાગ્યા પછી જે થાય છે તે ન થવી જોઇએ; પણ તે તો થાય છે, જેમ કોઇ માણસ ઘેર નિંદ્રામાં સુતો હોય છે અને સુષુપ્તિમાં અવસ્થામાં દાખલ થાય છે ત્યાર પછી જાગે છે. ને જાગીને ઉઠીને કહે છે કે આજતો હું સુખે સુતો હતો ને મેં કંઇ ન જાણ્યું માટે સુખનું જ્ઞાન સુષુપ્તિમાં થાય છે. તે સુખ વિષય જન્યતો સુષપ્તિમાં છે, નહીં, કીંતુ આત્મ સ્વરૂપ જે છે તે

આત્મા સ્વયંપ્રકાશ છે માટે સુખરૂપ આત્મા સ્વયંપ્રકાશ રૂપથી સુષુપ્તિમાં ભાસે છે. તથા નિદિધ્યાસનું ફળ નિર્વીકલ્પ સમાધી અવસ્થામાં નિરાવર્ણ એટલે ( અજ્ઞાનકૃત આવર્ણ રહીત ) આત્મા ભાસે છે અને જ્ઞાન એટલે કારણ શરીર અજ્ઞાન નથી ભાસતું. એ રીતે ( સ્થુળ સૂક્ષ્મ અને કારણ ) ત્રણે દોષ વ્યભિચારી છે. એટલે એક અવસ્થાને છોડી બીજી અવસ્થામાં ભાસતા નથી, પણ આત્મા અનુગત છે એટલે સર્વ અવસ્થામાં ભાસે છે. તેથી વ્યાપક પણ છે એવા વિવેકથી ત્રણે શરીરથી આત્મા ન્યારો છે એમ જાણવાનું છે સ્થુળ શરીરનો કોશ અન્નમય છે. કારણ શરીરતો આનંદમય છે અને સુક્ષ્મ શરીરના પ્રાણમય મનોમય, અને વિજ્ઞાનમય એ ત્રણે કોશ છે. માટે ત્રણે શરીરના વિવેકથી પંચકોશનોજ વિવેક થાય છે જેમ જીવનું સ્વરૂપ પંચકોશથી પ્રથક છે એમ ઇશ્વરનું સ્વરૂપ સમષ્ટિ પંચકોશથી પ્રથક છે. અને ઘણા ગ્રંથોમાં અસ્તી, ભાતી, પ્રિયરૂપમા તથા મહાવાકયના અરથ નિરૂપણમાં આત્માનું યથારથસ્વરૂપ પ્રતિપાદન કર્યું છે માટે અહીયાં સંક્ષેપથી જ આત્મવિવેક કહ્યો છે એ રીતે પંચકોશથીજ આત્માને જુદો જાણ્યાથી પણ પુરે કૃત્ય કૃત્ય થવાતું એમ નથી પરંતુ જીવ બ્રહ્મના અભેદના નિશ્ચય વાસ્તે, ફરી પણ વધારે વિચાર કર્તવ્ય રહે છે, માટે કર્તવ્યતાના અભાવરૂપ કૃત્ય કૃત્યતાની સિદ્ધિ સાઉ મેહાવાકયના અરથનું નિદિધ્યાસન રાખવું.

આત્માનું ખરેખરૂં લક્ષમાં લેવાનું સ્વરૂપ.

પંચકોશથી આત્મા જુદો જાણીને પછી તે આત્મા બ્રહ્મ સ્વરૂપ છે એમ જાણો.

આત્માનું પરમારથરૂપ.

ઓંકારની બ્રહ્મરૂપથી પુર્વે જે ઉપાસના કરી છે તે વખતે ઓંકારની માત્રાનો અર્થ એવી રીતે ચિંતન કર્યો છે કે સ્થુલ ઉપાધિ સહીત ચેતન હિરણ્યગર્ભ તેજસ, ઉ, કારનું વાચ્ય છે કારણ ઉપાધિ સહીત ચેતન ઇશ્વર પ્રાજ્ઞ, મ, કારનું વાચ્ય છે એવો અરથ જે. પુર્વે ચિંતન

કર્યું છે તેની પ્રસંગમાં સ્મૃતિ થાય છે અને સત્યગુણ પ્રભાવથી એ
નું વિવેચન થાય છે કે સ્થુળ ઉપાધીએ કરીને ચેતન વિરાટપણું પ્રતી
ત થાય છે. સ્થુળ સમષ્ટિની દૃષ્ટિથી વિરાટપણું છે અને સ્થુળ
વ્યષ્ટિની દૃષ્ટિથી વિશ્વપણું છે અને સમષ્ટિ વ્યષ્ટિ સ્થુળ દૃષ્ટિ વિના વિ
રાટભાવ અને વિશ્વભાવ પ્રતીત થતો નથી. કીંતુ ચેતન માત્રજ પ્રતીત
થાય છે તેમજ સુક્ષ્મ ઉપાધી સહીત હિરણ્યગર્ભ તૈજસચેતન છે, કા
રનું વાચ્ય છે ત્યાં સમષ્ટિ સુક્ષ્મ ઉપાધીની દૃષ્ટિથી ચેતનમાં હિરણ્ય
ગર્ભતા અને વ્યષ્ટિ સુક્ષ્મ ઊપાધિની દૃષ્ટિથી તૈજસતા પ્રતીત થાય છે.
સુક્ષ્મ ઊપાધિની દૃષ્ટિ વિના હિરણ્ય ગર્ભતા અને તૈજસ્તા પ્રતીત થ-
તી નથી તેમ મ, કારનું વાચ્ય થઈ ઇશ્વર પ્રાજ્ઞ (ચેતન) છે ત્યાં સમષ્ટિ
અજ્ઞાન (કારણ)ઉપાધીની દૃષ્ટિથી ચેતનમાં ઇશ્વરતા અને વ્યષ્ટિ, અ
જ્ઞાન ઉપાધીની દૃષ્ટિથી ચેતનમાં પ્રાજ્ઞતા, પ્રતીત થાય છે. અજ્ઞાન ઉ
પાધીની દૃષ્ટિ વિના ઇશ્વરતા અને પ્રાજ્ઞતા, પ્રતીત થાય તે તેને વિષે પ-
રમારથી થતી નથી અર્થાત જે વસ્તુ એટલે વિરાટ, હિરણ્યગર્ભ અને ઇ
શ્વર તથા વિશ્વ તૈજસ અને પ્રાજ્ઞ જેના વિષે એટલે ચેતનના વિષે અ
ન્યની દૃષ્ટિથી પ્રતીત થાય છે તે પરમારથથી ચેતન વિષે નથી, જે જેનું
રૂપ અન્યની દૃષ્ટિ વિના પ્રતિત થાય તે તેનું પરમારથરૂપ હોય છે. જેમ
એક પુરૂષમાં પિતાની દૃષ્ટિથી પુત્રતા અને વડીલની દૃષ્ટિથી પૌત્રતા આ
દિ રૂપ ભાન થાય છે. તે પરમારથથી નથી. પુરૂષનુંજ પિંડજ પરમારથ છે
તેમ સ્થુળ, સુક્ષ્મ, કારણ ઉપાધીની દૃષ્ટિથી જે વિરાટ વિશ્વાદિક રૂપ
ભાન થાય છે તે મિથ્યા છે ચેતન માત્ર સત્ય છે ને ચેતન સર્વ ભેદ રહી
ત છે કેમકે વિરાટ અને વિશ્વના જે ભેદ છે તે બંનેની ઉપાધી તો ય
દ્યપિ સ્થુળ છે તથાપિ સમષ્ટિ ઉપાધી વિરાટની અને વ્યષ્ટિની ઊપાધિ
વિશ્વની એ સમષ્ટિ વ્યષ્ટિ ઉપાધીથી તેમનો ભેદ છે. માટે સ્વરૂપથી ન
થી, તેમ તૈજસનો હિરણ્યગર્ભથી ભેદ પણ સમષ્ટિ વ્યષ્ટિ ઉપાધીથી
છે, સ્વરૂપથી નથી. તેમ ઈશ્વરની પ્રાજ્ઞતાનો ભેદ પણ સમષ્ટિ વ્યષ્ટિ ઉ
પાધીના ભેદથી થાય છે સ્વરૂપથી એ રીતે પ્રાજ્ઞનો ઇશ્વર સાથે અભેદ

અને તૈજસનો હિરણ્યગર્ભ સાથે અભેદ તથા વિશ્વનો વિરાટ સાથે અભેદ છે આ પ્રમાણે સ્થુલ ઉપાધીવાળાનો સુક્ષ્મ ઉપાધીવાળાથી અથવા કારણ ઊપાધીવાળાથી ભેદ નથી. કેમકે સ્થુલ, સુક્ષ્મ. કારણ એઓની ઊપાધી દ્રષ્ટિ ત્યાગથી ચેતન સ્વરૂપમાં કશા પ્રકારનો ભેદ પ્રતિત થતો નથી અને અનાત્મ સાથે પણ ચેતનનો ભેદ નથી કેમકે અનાત્મા દેહાદીક સવિધા કર્મ પ્રતિત થાય છે. પર્માર્થં નથી તેમનો પણ ભેદ બને નહીં એવો સર્વ ભેદ રહીત અસંગ નિર્વીકાર, નિત્યમુકત બ્રહ્મરૂપ આત્મા ઑંકારનો લક્ષ્ય સ્વયંપ્રકાશરૂપ તે ઊપાસકને ભાન થાય છે તેથી હિરણ્ય ગર્ભ લોકવાસીને સંસાર થાય નહીં. ઉપર પ્રમાણે મોક્ષનો ઉત્તમોત્તમ પ્રકારનો અદ્વૈત સત્ચિદાનંદ બ્રહ્મનો સાક્ષાતકારજ છે તે કોઇ પ્રારબ્ધ પ્રતિબંધથી બની શકે નહિ તો પછી નિર્ગુણ, ઉપાસના કરવી તે નિર્ગુણ ઉપાસના જો બની શકે નહીં તો પછી સગુણ ઇશ્વરમાં મન લગાવી તેની ઉપાસના કરવી, તે સગુણ ઉપાસના પણ જો બને નહીં તો નિષ્કામ કર્મ કરી રામ ભજવા, તે નિષ્કામ કર્મ પણ, થઇ શકે નહીં, તો સકામ શુભકર્મ કરવાં, અને અનુક્રમે ઊતરતાં છેલ્લાં, જો, તે સકામ કર્મ પણ થાય નહીં તો પછી થાકીને ગુરૂ કહે છે કે હે શઠ વારંવાર જન્મમરણની મહા દુઃખદાયક ઘટમાળમાં ફર્યાકર. પરંતુ ત્યાં પણ નીચે લખેલા ચાર વિષયોનું બરાબર મનન કરી વર્તન કરજે કે તારૂં કોઇ વખતે પણ કલ્યાણ થવાનો સંભવ આવે ( જે વિષયો જોવાના તે નીચે પ્રમાણે છે; )

૧ સંસાર ૨ ધર્મ ૩ ઇશ્વરનું અસ્તિત્વ ૪ આત્મા.

ઉપૈરના ચાર વિષયો પણ આ લગત છપાવી પ્રસિદ્ધ કરવા યોગ્ય—જણાયાથી આવગત પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તે નિચે પ્રમાણે.

## સંસાર.

આ જગતને સંસાર કહે છે સંસાર એ પ્રમારૂ શીક્ષણનું સ્થા

ન છે. એવેની નાના પ્રકારની કસોટીમાં પસાર થઇ ધર્મ શીક્ષણ પ્રાપ્ત કરી લઇ તે ધર્મ અનંત કાળ સુધી આપણી જોડે જાગ્રત રહે એમ કરવું જોઇએ. અને એટલા માટેજ સરળ મનના સાધુ પુરૂષ આ સંસારને ધર્મ ક્ષેત્ર કહે છે, સજ્જન લોક આ સંસારને અમૃતમય જાણી આનંદ યુક્ત મન વડે પોતાનો કાળ ક્રમણ કરે છે. તેઓ એમ કહે છે કે અમારા હૃદય બંધુએ અમને આ જગતમાં એટલા માટેજ મોકલ્યા છે કે અમે અંતઃકરણ પુર્વક તેનું ઇચ્છિત કાર્ય કરીને અમૂલીક બ્રહ્માનંદની કેણુગી મેળવી સંસારીક, તથા કુટુંબના પાલણ વિગેરેનાં ઇશ્વરનાંજ અર્થ છે. એમ જાણી આનંદથી નિર્વાહ કરીશું ને ડગલે ડગલે ઇશ્વરનું કાર્ય જોઇ આનંદ પામીશું. આવા સાધુ જનોની ઉજ્વળ મુખ શ્રી અવલોકન કરીને "લોભ" એ શબ્દ તો પોતાની મેળેજ દુર નાશી જાય છે તથા દુષ્ટ પ્રવૃત્તિ બાઇતો લાજની મારી અધોમુખ થઇને નાશી જવાને માર્ગ ખોળે છે. ઇશ્વર પ્રિય, જન, આ સંસારની પ્રત્યેક ઘટનાને મંગળમય એમ સમજે છે. તેમનો દૃઢ વિશ્વાસ એવો છે કે મંગળમય પરમેશ્વરના, રાજ્યમાં કદી પણ અમંગળ ઘટના થવાની નહીં તથા જો કદી ઉદર નીર્વાહને માટે કુષ્ટ કરવાં પડે છે. તોપણ તે મંગળને વાસ્તેજ એમ સ્પષ્ટ પણે દેખાય છે.

આ સંસાર અમૃતમય છતાં અસાધુ જન તેને વિષ તુલ્ય ગણે છે, એ મોટી આશ્ચર્યની વાત છે પરંતુ તે તેમનું કહેવું ઠીક છે. કારણ આ, સંસાર અધાર્મિકોને દુઃખ રૂપીજ લાગે, તે તેઓની સામે ભયંકર મુરતી રૂપે ઉભો રહે છે તથા દુષ્ટ પ્રવૃત્તિ બાઇ અનેક પ્રસંગે તેમના ઉપર હુમલા કરે છે. છેવટે તેમને કલેશ સાગરમાં બુડાડે છે. તથાપી મુર્ખ લોકો સમજતા નથી. આ સંસાર તેમને બંદીશાળા સરખો લાગે છે. તોપણ તેમાંજ રહેવાની તેઓ ઇચ્છા કરેછે.

પરમેશ્વર ઉપર દૃઢ વિશ્વાસ રાખીને વર્તે તો આ સંસાર આનંદમય લાગે. ઇશ્વર ઉપર પ્રીતી રાખીને તેનું પ્રિય કાર્ય સાધીને આ સંસારમાં આવ્યાનું સાર્થક કરો અને જગતપતિને ચરણે પોતાનું

મસ્તક મુકીને વ્યવહારીક કામ કરો તથા જે કંઈ કાર્ય કરો તે મહાપ્રભુને અર્પણ કરો. ને કોઈ માત્ર પોતાની કીર્તી વધારવાને માટેજ કૃત્ય કરે છે તો તેમાં તેમનો સર્વશ્રમ નિષ્ફળ થાય છે કારણ ઈશ્વર પ્રત્યે લક્ષ રાખ્યા સિવાય જે કાર્ય કરવામાં આવે છે તે ધર્મ માર્ગમાં ગણાતાં નથી. દુર વિષયમાં આસકત ન થતાં સદાચરણ કરવું એજ એક સાધન કરવામાં આવે તો અમૃત ફળ પ્રાપ્ત થાય. કેવળ સંસાર સાધન કરવો એજ માણુસનો ઉદેશ હોય એમ ન હોવું જોઈએ પરંતુ પર્મ પ્રેમાસ્પદ પરમેશ્વરની પ્રાપ્તિ કરી લેવી એજ ઉદેશ હોવો જોઈએ, કારણ આ જગત એ અમારો વિદેશ છે. અહીંથી પોતાના દેશમાં કઈ વખત જવું થશે એનો કંઇ નિયમ નથી એટલા માટે સ્વદેશ જવા સારૂ સર્વદાજ તૈયારી રાખવી જોઈએ સૃષ્ટીએ એક અમારૂ ઘર, સર્વ મનુષ્ય મળીને એક કુટુંબ, અને કરૂણામય પરમેસ્વર એ અમારો પિતા છે. માટેજ કોઈ માણુને પરભાર્યો સમજી પીડા કરવી, એ ઇશ્વરની આજ્ઞાં ઉલંઘન કીધા સરખું છે વીગેરે સારાંશ કે પરમેસ્વરમાં પ્રીતી રાખી તેનું પ્રિય કાર્ય સાધીને પરલોકમાં જવા માટે નીશદીન તૈયાર હોવું જોઈએ. ત્યાં સ્વદેશમાં અમૃતમય આનંદ પ્રાપ્ત થશે.

## ધર્મ

ઇશ્વરમાં પુર્ણ અંતઃકરણ પુર્વક પ્રિતી સ્થાપન કરી તેનું પ્રિય કાર્ય સાધ્ય કરવું તેને ધર્મ કહે છે. આત્માનું પ્રકૃતભાવ એજ ધર્મની પ્રકૃત અવસ્થા સમજવી. ધર્મ અનેક પ્રકારનો નથી તે તો એકજ ધર્મ મનુષ્ય માત્રને માટે ઉપજાવ્યો હોય એમ અનુમાન ઉઘડપણે થાય છે. તેજ સત્ય ધર્મને અમે વેદ ધર્મ કહીએ છીએ. આ વેદધર્મ પર્મ ધર્મ છે અને તે કાલ્પનીક ધર્મ જેવો નથી જે સત્ય ધર્મ એજ વેદધર્મ અને એજ આ ઇશ્વરની અસીમ રચનાનો એકજ ધર્મ છે. વેદ ધર્મની આજ્ઞાઓમાંથી કોઈના કોઈ પણ પાલન કર્તા નથી, એમ નથી. જે સત્ય બોલે છે, પરોપકાર કરે છે, અથવા ઈશ્વરની શકિત ઉપર જેનું લક્ષ છે, તે તેટલા અંશે વેદ ધર્મનું પ્રતીપાદન કરે છે. કારણ, સત્ય

પરોપકાર, તથા ઇશ્વરની શકિત એ વેદધર્મના અંગ પૈકી છે તે પ્રમાણે ગમે તે માણસ ગમે તે પ્રકારના પરિણામથી ધર્મ પાલન કરે તો પણ તે વેદધર્મના પરિણામથી પાલન કર્યો એમ કહેવાય. એટલા માટે આ શબ્દોનો ઉચ્ચાર કરતાંજ, એટલે વેદધર્મથી, જુદી રીતે નથી આ વેદ ધર્મ પર્મ પવિત્ર છે. યુકિત અથવા તર્કને આધીન નથી એ ધર્મ મનુષ્યમાં સ્વભાવ સિદ્ધ ઉત્પન્ન થાય છે. મનુષ્ય જ્યાં સુધી પ્રકૃતિ અને જડ શરીરમાં રહે છે, ત્યાં સુધી કદી પણ વેદધર્મની બહાર પગ મુકી શકતો નથી પરંતુ જ્યારે જ્યારે વિકારને પામી જાય છે તે વખતે સ્વભાવીક જ્ઞાન તરફ લક્ષ ન રાખતાં કેવળ પોતાનીજ બુદ્ધિ ચલાવીને ધર્મ જાણવાની ઇચ્છા કરે છે. તેથી પ્રકૃત ધર્મ જે વેદધર્મ તેનાથી ભ્રષ્ટ થઈ અને કાલ્પનીક ધર્મમાં પસાર કરે છે. અથવા તો, નાસ્તિક થઇ જાય છે. એવા કારણથીજ અનેક કાલ્પનિક ધર્મ તથા નાસ્તિક મતની ઉત્પત્તિ થાય છે. ઇશ્વરપ્રણીત પુસ્તક એ એક વેદ એજ કહી શકાય છે. પરમેશ્વરે મનુષ્યમાત્રના અંતરમાં ધર્મની સ્થાપના કરી છે ધર્મ એ મનુષ્યનું જીવન છે. કારણ ધર્મ લાભ કરવા માટે પરમેશ્વર જો મનુષ્યને સાધારણ અધીકાર નહીં આપત તો પૃથ્વિ ઉપરના સર્વલોક ધર્મથી ભ્રષ્ટ થઇને પશુ સરખા પોતાનો કાળ ક્રમણ કરત જે એમ કહે કે ઇશ્વરે પોતાનો ધર્મ અનેક પુસ્તકોમાં લખી આપેલો છે તે ચુક કરે છે એમ સમજવા જેવું છે. કારણ એમ કહ્યાથી પરમ દયાળુ અને સર્વજ્ઞ ઇશ્વરને નિર્દય તથા અજ્ઞાન કહયા પ્રમાણે છે—પૃથ્વિની સપાટી ઉપર હજી કેટલાક એવા પણ લોક છે જેને કિંચીત પણ વર્ણજ્ઞાન નથી તથા કેટલાકને તો તેનુ નામ સુદ્ધાંત માલુમ નથી ત્યારે શું ? ઇશ્વરે એવા લોકોને ધર્મ લાભ કરવાનો અધીકાર નહીં આપ્યો હોય ? નાં તેમ નથી. તે લોકો પણ ધર્મ પ્રાપ્તિના અધીકારી છે. તેમને જો ઇશ્વરદત્ત પુસ્તકની ખબર ન હોય તો, તેમને ધર્મ મુળગોજ નથી કે શું ? અને એમ હોયતો ઇશ્વરે તેમને પુસ્તક કેમ આપ્યું નથી ? ત્યારે દયામય ઇશ્વરે તેમને કેવળ પાતકમાંજ ના

ખવાને કીધા છે ? ના, એમ નથી ધર્મજ્ઞાન કરવાને ઈશ્વરે જો એકાદ બીજુ પુસ્તક આપ્યું છે એમ કહેતો જે ભાષામાં તે પુસ્તક લખ્યું હશે તેજ સર્વની એકજ ભાષા હોવી જોઇએ, એમાં કઇ સંશય નથી પરંતુ જ્યારે ભિન્ન ભિન્ન ભાષા ચાલુ છે, એમ આપણને દેખાય છે, ત્યારે કોઇ પણ પ્રકારે ઉપર કહેલી વાત બોલી શકાય નહીં. આપણે જોઇએ છીએ કે પંડીત તથા મુર્ખ આદી કરીને સર્વ મનુષ્યને ધર્મ પ્રકૃતી છે તો સ્પષ્ટ સમજી શકીએ છીએ કે ધર્મ જાણુવા માટે પરમેશ્વરે કોઇ પણ પ્રકારનું બીજું વિશેષ પુસ્તક આપ્યું નથી. તેણે પ્રત્યેક મનુષ્યના અંતરમાં ધર્મ બીજ પ્રેરી મુક્યું છે. મનુષ્ય સ્વભાવીક જ્ઞાન ઉપર લક્ષ રાખીને જે પરિમાણે બુદ્ધિની ચાલણા કરશે તે પરિણામે બીજ પરિસ્ફુટ થશે.

ધર્મજ મનુષ્યનું જીવન છે. મનુષ્ય જેટલો કાળ ધર્માચરણમાં ગાળે છે, એટલાજ કાળ સુધી તેનું યથાર્થ જીવન ગણાય. જે માણસ ૧૦૦ સો વરસ સુધી આ સંસારમાં જીવી તેમાંના વીસ વરસ સુધીજ માત્ર ધર્મ સાધન કરે છે તો તેનું વાસ્તવીક જીવન વીસ વર્ષજ સમજવું. બાકીના એંશી વરસ તેનાં યથાર્થ જીવનમાં ગણી શકાતાં નથી. ગર્ભાસ્થાનમાં બાળક જે દસ માસ રહે તેને જીવન અવસ્થામાં ગણાતાં નથી, એ પ્રમાણેજ અધર્મીનું આયુષ્ય તેના વ્યાજબી જીવનમાં ગણાતું નથી કાર્ય ઉપરથીજ કાળ નીરોપણ થાય છે. મનુષ્યનું મુખ્ય કર્તવ્ય કર્મ ધર્મ છે. યથાર્થ જે કોઇ તે પ્રકૃત કાર્ય નહીં કરે તેમનું જીવન યથાર્થ જીવનમાં ગણાશે નહીં. જેમ એક ચાકરે પોતાના ધણીની ચાકરી જેટલા દિવસ બરોબર રીતે કરી હશે તેટલા દિવસની રોજી તેને મળશે ને જેટલા દિવસની ચાકરી ધણીની કરી નથી તેટલા દિવસનો પગાર તેની રોજીમાંથી કાપી લેવાશે એજ પ્રમાણે અધર્મીકનું જીવન યથાર્થ જીવનમાં ગણાયે નહીં. ફકત ધર્મ પાળવામાં જેટલા દિવસ નિરગમન કરયા હશે તેટલા આયુષમાં ખરા ગણાશે. માટે ધર્મજ મનુષ્યનું જીવન છે. સદોદીત ધર્મ માર્ગમાં ચાલવું તેજ એ

ક ઈશ્વરનું પ્રિય કાર્ય છે. જે કોઇ ધર્મની અવજ્ઞા કરે છે તેના જેવા મુર્ખ બીજા કોઇ નહીં. જો કે તે કેટલાક ઐહિક સુખ ઉપભોગને મા ટે ધર્મનો અનાદાર કરે છે. પરંતુ મૃત્યુ તેમને એક પળમાં તે સર્વ સુખમાંથી દુર કરે છે. એવા પ્રકારના લોકો એમ સમજીને પણ ઠેકા ણે આવતા નથી કે જ્યારે મૃત્યુ તેમના અમુલ્ય ઐશ્વર્યનો સ્નેહભરિ ત પરિવારનો બલાત્કારે નાની વયમાંથીજ વિયોગ કરાવે છે. તે વખત કોઇ પણ તેમની જોડે જનાર નથી જેવા એકલા આવ્યા તેવાજ એકલા જવાનું છે એટવા માટે ક્ષણભંગુર વિષય સુખને આસક્ત થઇ ધર્મનો અનાદર કરી નિત્ય સુખથી વિમુખ રહેવું એ અત્યંત મુર્ખ નુ કામ છે ધર્મજ મનુશ્યનું કાર્ય એમ જે ક્ષણથી કળવામાં આવે તે જ ક્ષણથી પોતાના પ્રાણના સાટાની પ્રતિજ્ઞા કરીને ધર્માચરણ કરવા માંડવું અને એ ધર્મચરણ કરવામાં જો કોઇ દુષ્ટ લોક આપણા સ-ન્માર્ગમાં ભંગ કરવાને પ્રવૃત થાય ને એવી બાબતમા ધર્મનુ પાલન કરવા માટે આપણું માથું પણ જવાનો સંભવ આવે તો તે પણ તેમ ના આગળ ધરીને તે જતા સુધી પણ ધર્માચરણનો ત્યાગ કરવો ન-હીં. આ ક્ષણભંગુર આખું શરીર આપીને પણ ધર્મ લાભ થતો હોય તો તે કરતાં વધારે ફાયદાની વાત બીજી કોઇ નથી.

ધર્મપ્રાપ્તિને માટે સામ્રાજ્યના પરિત્યાગ કરીને ઘેર ઘેર ભીક્ષા માગીને આયુષ્ય ક્રમણ કરવું પડે તેવું હોયતો પણ એ કબુલ કરીને ધર્મનો ત્યાગ કરવો નહી. એટલા માટે પ્રાણ પ્રતિજ્ઞાથી ધર્મ માર્ગમાં ચાલવું અને કોઇ પણ પ્રકારે ધર્મથી ભ્રષ્ટ થવું નહીં. જે કોઈ મુખે થીજ ફક્ત ધર્મ એવા શબ્દો કહાડી મોટી મોટી વાતો કરે પરંતુ તેના કાર્યમાં મન ઘાલતા નથી, તેવા કપટી મહાપાપી લોકના પાપની સિ મા નથી. ફકત મુખથીજ ધર્મ ઉપદેશક કાર્યમાં આણુશ તોજ ધા-ર્મીક થઇ શકશે. એટલા માટે વાચાળ ધાર્મીક થઇને પણ કષ્ટ રૂપ પા પમાં પડશો નહીં. જ્યારથી ધર્મ એ શબ્દનો અર્થ કળાય ત્યારથી જ તેના કાર્યમાં તરત યોજના કરવી જરૂર છે.

ધર્મજ મનુષ્યનું ભૂષણ છે. પરમ કરૂણામય પરમેશ્વર પિતાએ પોતાના બાળકોને અમુલ્ય ધર્મ ભૂષણનો અધિકાર આપેલો છે. સુવર્ણાલંકાર જેવો રત્નભુષણ જડીત થઇ સુશોભિત થાય છે, તેજ પ્રમાણે વિશ્વાસ પ્રીતિ તથા અનુષ્ટાન આ ત્રણે તેજસ્વિ રત્નોથી ધર્મ અમુલ્ય ભૂષણથી સુશોભિત થાય છે. એવું ધર્મનું ભૂષણ છે.

ઇશ્વરનું અસ્તિત્વ તથા તેનું સ્વરૂપ.

આ આખા બ્રહ્માંડનો ઉત્પન્ન કરતા તથા નિયંતા કોઈ પણ મહાપુરૂષ હોવો જોઇએ અને એટલુંજ સિદ્ધ કરવા માટે મોટા મોટા વિચારવંત પંડિતોએ પોતાનો અમુલ્ય સમય ગાળી ઘણો પરિશ્રમ લઇ સારા સારા ગ્રંથો રચ્યા છે. છેવટે તે સજ્જનોએ એમ ઠરાવ્યું છે કે, આ વિષય ઉપર જેટલું વિવેચન થઇ શકે એટલું થોડુજ છે કારણ એ મહા પુરૂષના અસ્તિત્વનું જ્ઞાન આપણને સ્વાભાવિક રીતેજ થવાને તેણે અનેક કારણો તથા કાર્યો દર્શાવ્યાં છે.

આ અઘાત વિશ્વની રચનાનાં કૌશલ્ય જોઇ આનંદ સાગરમાં નિમગ્ન થઇ વિશ્વકર્તા ઉપર અંતઃકરણ પુર્વક પ્રીતિ જડાવી પરિતૃપ્ત થઇ વિચાર કરીએ તો ખાત્રી થાય છે કે પાષાણ હૃદયી મનુષ્યના મનમાં પણ પરમ કૃપાળુ પરમેશ્વરના અસ્તિત્વ વિષે અંદેસો રહી શકે તેમ નથી.

આ સૃષ્ટિનું અસ્તિત્વ એજ એના અસ્તિત્વનું સબળ તથા ઉઘાડું પ્રમાણ છે. પ્રત્યેક વસ્તુનું સુક્ષ્મ રીતે અવલોકન કરીએ તો તેની રચનામાં કંઇ પણ ચમત્કારિક કુશળતા દ્રષ્ટિ ગોચર થાય છે. આ આખી સૃષ્ટિના સર્વ પદાર્થ તેમજ આકશમાંના સુર્ય, ચંદ્ર ઇત્યાદિ ગ્રહ તથા ઉપગ્રહ એમના વેપાર ચમત્કારિક નિયમથી ચાલે છે અને તેમાંનો કોઈ પણ નિયમ તથા પદાર્થ નિર્થક નથી. આ ઉપરથી સ્પષ્ટપણે સિધ્ધ કરી શકાય છે કે આખા બ્રહ્માંડનો સ્રષ્ટા તથા નિયંતા કોઇ પણ મહાપુરૂષ હોવોજ જોઇએ ને તે છેજ ને તેનેજ પરમેશ્વર કહેવો જોઇએ. આ સર્વ વેપારનો તે મુળ ભુત કારણ છે.

તેના અસ્તિત્વની સાબીતીના પુરાવા માટે આટલુંજ લખવું બ સ થશે. વધારે લખવાની કંઇ જરૂર જણાતી નથી. તે છે ને તેનીજ ઇચ્છાથી જે કંઇ બનવાનું તે બને છે એમ આપણે સારી પેઠે માનવું જોઇએ ને તેની ઇચ્છાથી રહિત કંઇજ પણ બનતું નથી તો તે કેવો છે તે પણ આપણે જાણવું જરૂર છે.

એ જ્ઞાની તથા મંગળ ગુણી છે ને તેથીજ તેને જ્ઞાન સ્વરૂપ તથા મંગળ સ્વરૂપ આ બે સંજ્ઞાઓ આપી છે. તેના સ્વરૂપમાં સદર બે લક્ષણો પ્રધાન છે આ બે લક્ષણો સિવાય તેના ખરા સ્વરૂપનું ગ્રહણ થઇ શકતું નથી. તે છે એટલે તેની સાથે તેનું જ્ઞાનસ્વરૂપ તથા મંગળ સ્વરૂપ એ પણ ધારવામાં આવવાં જોઇએજ. કારણ પ્રત્યેક કાર્ય કારણ ની અંદર તેનું જ્ઞાનસ્વરૂપ તથા મંગળ સ્વરૂપ એ સ્પષ્ટપણે દેખાય છે એમ સાધરણ વિચાર કરવાથી ખાત્રી થશે.

સારાંશ સર્વ પ્રકારના કૃત્યની અને તેમજ સર્વ પદાર્થની ઘટનામાં તેમના મંગળ ભાવનો ઉદ્દેશ આવેલો છે, તથા મનુષ્ય, તેમજ પતંગ, કીટ, ઇત્યાદી પ્રાણીઓ સુદ્ધાં તેના જ્ઞાન તથા મંગળ ભાવ વિષે સાક્ષી આપે છે. આ આખા બ્રહ્માંડનો કારણભુત તેજ છે તો તે જ્ઞાની ન હોય તેમ કદીજ થાય નહી. તે ફકત જ્ઞાનવાનજ છે ને મંગળસ્વરૂપ નથી એમ કહીએ તો તે પણ ચાલે નહીં કેમકે આ સૃષ્ટિ જેણે રચી તે જો અમંગળ હોય તો તે ઇશ્વરજ નહીં, તો તે જો જ્ઞાની નથી એમ કહીએ તો તે જડ વસ્તુ છે એમ થાય પરંતુ તેમ પણ નથી. તે જ્ઞાની તથા મંગળસ્વરૂપ છે.

આખા બ્રહ્માંડના સર્વ પદાર્થ તેના જ્ઞાન તથા મંગળ સ્વભાવનું પ્રકટી કરણ કરે છે, એવો કોઇ પણ નિયમ નથી કે તેમાં તેનો મંગળ અભિપ્રાય પ્રકાશિત નથી તથા એવું એક પણ કાર્ય નથી કે જેમાં તેનો મંગળ અભિપ્રાય પ્રકાશિત થયાવિના છે તથા એવું એકે પણ કાર્ય

નથી કે જેમાં તેના અપાર જ્ઞાનની સીમા આવી છે. ઈશ્વરના સ્વરૂપગુણમાંથી જો આ બે ગુણ ગાળી નાખીએ તો તેમાં તેનો તલ માત્ર પણ ભાવ રહેવાનો નહીં, એટલા માટે તેના અસ્તિત્વની સાથે તેનાં જ્ઞાનસ્વરૂપ તથા મંગળસ્વરૂપ એ બે લક્ષણો સ્પષ્ટપણેજ પ્રતીત થાય છે.

એ અનંત છે—ઈશ્વર જ્યારે જ્ઞાનસ્વરૂપ તથા મંગળસ્વરૂપ છે તો તેનું જ્ઞાન તથા મંગળ ભાવ પરીમીત છે કે કેમ? એ સમજી લેવું એ પણ અવશ્ય છેજ તેમજ તે કેટલાકને જાણે છે ને કેટલાકને જાણતો નથી તથા તેની દ્રષ્ટિ કેટલાક દેશો પર છે ને કેટલાક પર નથી એમ છે કે કેમ? વિગેરે વિષે સમજવું જરૂરનું છે. ઈશ્વરને સીમા હશે, પરિમાણ હશે, અગર તેનામાં કંઈ કમીપણું હશે એવી કલ્પના કરવી એ નિર્થક છે કારણ એવું કહ્યાથી તેને ઇશ્વર ના કહેવાય. કારણ હરેક દ્રષ્ટ પદાર્થનો નીર્દેશ કરી શકાય છે પરંતુ ઇશ્વરનો નીર્દેશ થઈ શકવાનો નહીં. તે સર્વ જગ્યાએ પરીપૂર્ણ છે તથા તેજ પોતાનું પુર્ણ સ્વરૂપ સમજી શકે છે. બીજાથી એનું પૂર્ણ સ્વરૂપ ઓળખી શકાતું નથી. કારણ ઈશ્વર શીવાય હરકોઇની બુદ્ધિ ઈશ્વર કરતાં કંઇ અંશે પણ કમી છે. કારણ આપણે અપુર્ણ જ્ઞાનની પાયરી સુધી ચઢી શકીએ છીએ પરંતુ પુર્ણ જ્ઞાનની પાયરી તેના શીવાય બીજાને કેવળ અલભ્ય છે. એટલા માટે જે તેને અસીમ, અપરીમેય, અનંત, ઈત્યાદિ વિશેષણો આપવાં યોગ્ય દેખાય છે. તેનો કોઈ પણ બાબતમાં થાગ લાગી શકતો નથી. એ ઈશ્વર જ્ઞાન, શકિત, મંગળભાવ તથા દેશકાળ આ સર્વના સંબંધમાં પણ અનંત છે.

એ સર્વજ્ઞ છે—તેનું જ્ઞાન તેના અનંત ગુણોમાં મેળવીએ એટલે તે પોતેજ સર્વજ્ઞ એમ જણાય છે. પોતે ભુત ભવિષ્ય, તથા વર્તમાન આ ત્રણે કાળના અર્થ વ્યાપાર જાણે છે. તે બાહ્યાતકારી સર્વ વિષય જાણે છે, એટલુંજ નહીં પરંતુ આપણા મનમાંની સર્વ કામ-

આઓ તથા તેની અંદરના ભાવ પણ સારી પેઠે સમજી શકે છે. સારાંશ તે સર્વ સાક્ષીરૂપ સર્વેત્ર જુવે છે. તેના જ્ઞાનની સીમા નથી માટેજ તેને અનંત કહેવો જોઇએ.

એ પૂર્ણ મંગળ છે—જ્યારે તેના મંગળ સ્વભાવમાં તેના અનંત ગુણો મેળવીએ ત્યારે તે પૂર્ણ મંગળ છે એમ કહેવાય છે. કોઇ પણ દોષ કિંવા કલંક તેને સ્પર્શ કરી શકતો નથી અર્થાર્થ તેના મંગળ પણાનો પાર નથી. માટે એને પૂર્ણ મંગળ સમજવો જોઇએજ.

એ સર્વ શકિતમાન છે—જ્યારે તેની શકિત વિષે વર્ણન કરવામાં આવે છે ત્યારે તે અનંત શકિત અથવા સર્વ શકિતમાન એમ પ્રત્યયમાં આવે છે. એકાદુ સારૂ કામ આપડે છેવટ લઇ જવાની ઇચ્છા રાખીએતો, આપડામાં સર્વ શકિતમાન પણાનો અભાવ છે તેથી તેમ સાર્થ પુર્ણ થઇ શકતો નથી, કારણ આપડી શકિત અપૂર્ણ છે. પરંતુ ઇશ્વર સંબંધે તેમવાત નથી તેની ઇચ્છા મંગળમય છે. શકિત અપાર છે માટે તે જે ઇચ્છે છે તે બને છે. તેની અપાર શકિતના આધારે જે પદાર્થ માત્ર પોતીની શકિત ધારણ કરે છે, તેમજ આકાશમાંના મંડળ નિવાસી જીવ જંતુ આ પ્રમાણે અતિ સુક્ષ્મમાંનું સુક્ષ્મ ચમત્કારીક પદાર્થ જીવ એમની તરફ ઝીણી નજરથી જોઇએ છીએ તો તેની અપાર શકિતની સમાપ્તિ થએલી દેખાતી નથી. સારાંશ તેની શકિત વિલક્ષણ છે, ને પોતે જ સર્વ શકિત માન છે. સૃષ્ટિની સ્થિતી તથા લય તેજ કરી શકે છે તે માટેજ ઇશ્વર અપાર શકિતમાન કહેવાય છે.

તે નિત્ય છે. તેના અનંત ગુણ કાળ સાથે મેળવીને નિત્ય એવી સંજ્ઞા આપવી જરૂર છે. તે પૂર્વે હતો, હાલ છે, તથા હવે પછી પણ રહેશે. જ્યારે આ સર્વ બ્રહ્માંડ ઉત્પન્ન થયુ નહોતુ ત્યાર પહેલાં પણ તે હતો ને જો કે આ સૃષ્ટિનો લય થશે, એમ માનીએ તો પણ તેનો અક્ષય રહેશે એવી ખાત્રી થાય છે માટે સિદ્ધાંત કે કાળની સાથે તેનો કંઇ ફેરફાર થતો નથી તે ઇશ્વર નિત્ય છે તે સંબંધ

એક સરખોજ રહેશે ને કદી પણ નાશ પામશે નહીં.

તે સર્વવ્યાપી છે—દેશે કરીને તેને સીમા આવતી નથી, એ વો કોઇ પણ દેશ, અથવા ભાગ નથી કે જેમાં ઇશ્વરનું અસ્તિત્વ નથી તે સર્વ સૃષ્ટિમાં છે તેમાં અચિંત્ય તારા ગણોમાં પણ તેનો નિ વાસ છે. એવું એક પણ સ્થાન નથી કે જેમાં તે નથી, સર્વથી અ તિ નીકટ જે આપણું અંતઃકરણ તેમાં પણ એ રમી રહયો છે.

તે સર્વ નિયંતા છે—નિયંતા સીવાય કોઇ પણ નિયમ થતો ન થી માટે કોઇ પણ કાર્યનો નિયમ કહયો એટલે એને કોઇ નિયંતા છે એમ કહેવું જોઇએ.

એજ સર્વાશ્રય છે—તેનુંજ અવલંબન કરીને સર્વ માયા સુદ્ધાં ત પોત પોતાના કાર્યમાં નિયુક્ત રહે છે. કારણ તે એકલોજ સર્વ નો આધાર ભુત છે તથા સર્વ તેના આશ્રિત છે. પુર્વે આ સૃષ્ટિ ઉ ત્પન્ન થઇ ન હતી ત્યારે પણ તે સૃજન પણે હતો અને તેના સૃજ નપણે શકિત અવ્યકતરૂપે હતી પછી તેજ શકિત કાર્યમાં પરિસ્ફુટ થઇને જે કંઇ થયું તે તેનીજ અપાર શકિતવડેજ થએલ છે, માટે તેજ સર્વનો આધાર ભુત છે.

તે નીરાકાર છે—તેનો કોઇ પણ પ્રકારનો આકાર નથી. કાર ણ જેટલા સાકાર પદાર્થ છે, તેટલા જડ પદાર્થ છે, તથા જેટલા નીરા કાર હોય તેટલા ચૈતન્ય જાણવા. તે જ્ઞાનસ્વરૂપ છે માટે તેને અવ યવ નથી. ઇશ્વર જડ પદાર્થ એમ જો માનીએ તો સીમા વીસીષ્ટ થાય અને તેમ હોય તો તે ઇશ્વરજ નહીં. સર્વ જડ વસ્તુઓને અવ યવ હોય છે ને તેમના ટુકડા કરવા ધારીએ તો થાય પરંતુ પરમેશ્વર ને આકૃતિ અથવા પરીએપતા આવતી નથી સુર્યના કીરણોમાં દ્ર ષ્ટિ ગોચર થનાર અતિ સુક્ષ્મ કિરણોને પણ આકાર છે, પરંતુ જ્ઞાન શબ્દ તેવો નથી તે નિરંશ છે. આપણો આત્મા જેમ નિરઅવયવ છે તેમ પરમાત્મા પણ નિરઅવયવ છે માટે તે જ્ઞાનસ્વરૂપ તથા મં ગળસ્વરૂપ તથા ચૈતન્યસ્વરૂપ અને નિરાકારજ છે. અને તે એકલો

જ સર્વાધારભુત છે. એકથી વધારે ઇશ્વર માનવાથી તેના અનંતપણા ને આક્ષેપ આવે છે એટલા માટે નિરાકાર ચૈતન્યમય મંગલસ્વરૂપ છે. સૃષ્ટિનાં સર્વ કારણોના વિમળનો તેમ નિયંતા છે. બીજો કોઇ અન્ય ભાવથી તેને સાહ્યકારી નથી ને સાહયકારી માનીએ તો તે પણ તેનુંજ સ્વરૂપ છે. એમ સ્પષ્ટ રીતે દર્શિત થાય છે એજ રીતે તે નિરાકાર સિદ્ધ થાય છે. તેને કોઇ પણ પ્રકારનો આકાર નથી.

તેજ પરીપુર્ણ છે.—તેને કિંચત પણ કમી પણું નથી કારણ તેને કંઇ પણ અંત નથી સીમા નથી, તથા પરિમાણ પણ નથી તે અનંત, અસીમ, અપરીમેય તથા પુર્ણ છે. તેની બરોબરીમાં કોઇની પણ તુળના થઇ શકિત નથી.

તેજ અનાદ્યંત છે—તેને આદિ તથા અંત પણ નથી તેનામાં કિંચીત પણ મલીનતા નથી તથા તે આનંદમય છે. જે કોઇ તેના આનંદનો લાભ કરી લ્યછે તે પરમાનંદનો ઉપભોગ કરવાને તૈયાર થાય છે. પ્રેમળ સાધુ પુરૂષો પ્રત્યેક પદાર્થમાં સે ઇશ્વરનો અપાર મહિમા જોઇને આનંદ સાગરમાં નિમગ્ન થાય છે. તેજ એક આપણી સાહયતા તથા સંપત્તિ એવું સમજીને તેનાથી વિમુકત થવું નહીં, નિશદિન તેનાજ કાર્યમાં નિયુકત થઇ આપણે આપણું આયુષ્ય નિર્ગમન કરવું જોઇએ તથા નીત્ય સુખને પ્રાપ્ત થવું જોઇએ. જે સર્વજ્ઞ પરમેશ્વર તેજ અમારા અંતર્યામિ છે. તે સર્વ સાક્ષીરૂપે આપણા અંતરમાં રમી રહેલો છે એમ ખચીત સમજવું ને તેનું પ્રિય કાર્ય સાધવાને તત્પર થવું જોઇએ તે મંગળસ્વરૂપ છે. તેની પ્રાપ્તિ કરી લેવાની આપણી ઇચ્છા હશે તોજ આપણું કલ્યાણ થશે.

આ માયા વિષે જે ચેતનની છાયા એટલે આભાસ અને માયાનું અધીષ્ટાન (ચેતનના સમાઇક સમુહ આ બનેના બનેલ સ્વરૂપને ઇશ્વર કહે છે). તે ઇશ્વર મેઘાકાશ સમ છે, તથા અંતરયામી છે. કેમકે સર્વના અંતઃકરણમાં પ્રેરણા કરે છે તેમ તે સદા મુકત છે કેમકે તેને પોતાના સ્વરૂપમાં આવર્ણ નથી તેથી તેનામાં જન્મમરણાદીક બંધ

ની પ્રતીતી નથી કેમકે સત્વગુણથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે વાસ્તે પ્રકાશ સ્વભાવ વાળો સત્વગુણ છે એવી સત્વગુણવાળી માયાને વિષે જે ચેતન આભાસ તેને સ્વરૂપ વિષે અથવા બીજા પદાર્થ વિષે આવર્ણ સંતાપે નહી વાસ્તે ઇશ્વર સદા મુક્ત છે, તથા તે સર્વજ્ઞ છે. આ યા એ ઇશ્વરની ઉપાધી (એટલે અતિ મહાન તેજસ્વી પારદર્શક કાચના ઘર જેવો કોશ છે.) જેમાંથી સર્વ સમજી શકાય છે અને જીવની અજ્ઞાન એ ઉપાધી) એટલે અતિ ઝાંખા અપારદર્શક માટીના ઘર જેવો કોશ છે) જેમાંથી કશુ પણ જાણી શકાતું નથી.

### આત્મા.

આત્મા—મનુષ્યનું પ્રકૃત નામ તેનેજ આત્મા કહે છે. જ્ઞાન, પ્રિતી તથા ઇચ્છા એ આત્માંના ત્રણ પ્રકૃત ગુણ છે. વસ્તુતઃ તે ત્રણ ગુણોથીજ આત્મા સુસ્થીત થએલો છે. જ્ઞાનના યોગે સર્વ વિષય જણાય છે. શ્વાસની ઉત્પત્તિ થાય છે, પ્રિતી એ ધર્મની મુળ ભૂમી તથા ઇચ્છા એ ધર્મોપાર્જનનો એકજ ઉપાય છે આં ત્રણ પૈકી એક પણ અંગનો બીગાડ થાય છે તો જીવાત્મા નાના પ્રકારના કલેશથી પીડીત થાય છે, ને તેને એવી સ્થિતિ હોય છે ત્યારે વિકૃત આત્મા કહેવાય છે, જીવાત્મા વિકૃત અવસ્થામાં પડી ભ્રમ સાગરમાં દાખલ થઈ તે ચાગથી જડવત થઇ જાય છે. તથા બુધ્ધિ જ્ઞાનના શંખલામાંથી મુક્ત થઈને નેત્રહીણ શરીર માફક કાર્ય કરે છે. આ પ્રકારે તે ઉત્તરોત્તર ભ્રમ કુપમાં પડીને છેવટ પોતાના પ્રકૃત ધર્મથી ભ્રષ્ટ થાય છે. આથી જગતમાં અનેક પ્રકારના કાલ્પનીક ધર્મ ઉત્પન્ન થએલા છે.

આત્મા એ ચેતન પદાર્થ છે, તેને કોઇ પ્રકારનો આકાર નથી. જ્ઞાન પ્રિતી તથા ઇચ્છા એ ત્રણે તેના જે અંગ તે સાકાર નથી માટે તે પણ સાકાર નથી. આત્મા તથા મન એ બંને એકજ સંજ્ઞા છે, મન એ આત્માનું નામ અથવા અવસ્થા વિશેષ છે આત્મા જે વખત એહિક કામમાં રત હોય છે, તે વખત તેને જીવાત્મા કહે છે તથા જ્યારે પરમેશ્વરની ભક્તિમાં હોય છે ત્યારે તેને આત્મા કહે છે. આત્મા અ.

વિભાજ્ય પદાર્થ છે તેના વિભાગ કરાતા નથી ને જેને આકાર છે, એ ટલે પરમાણું સંયુક્તથી જ થએલો છે તેનાજ ભાગ કરાય છે, પરંતુ આત્મા કંઇ તેવો નથી તે તો ચેતન પદાર્થ નિરાકાર છે. માટે તેના વિભાગ કરાતા નથી.

આત્માની પ્રકૃતિ તથા વિકૃતિ—ધર્મ એ આત્માની પ્રકૃતિ છે ત થા પાપ એ તેની વિકૃતિ છે. જે કોઇ એમ ધારે કે પાપ એ પણ આ ત્માને શોભાવે છે એવું કહે તેનો એ તર્ક ખોટો છે, એમ બેલાશક કહેવાય. પાપ એ મનુષ્યનો સ્વભાવ છે એમ ગણીએ તો ઇશ્વરને સૃષ્ટા ઠરાવ્યા તે પણ એ પ્રમાણે થાય, પવિત્ર પરમેશ્વર પાપનો ઊ-ત્પન્ન કરતા છે એમ કદી પણ કહેવાય નહીં. જે કોઇ ઇશ્વરને પાપ સૃષ્ટા કહે છે તે પર્મ કૃપાળુ પરમેશ્વરની પવિત્રતાનો સ્વીકાર્ય કરતા નથી એમ સિદ્ધ થાય છે. પાપ એજ આત્માની પ્રકૃતિ હોય અને ધર્મ એ વિકૃતિ હોય તો તેને પાપાત્મા કહેવો પડે અર્થાત તેમ થાય ત્યારેતો આ વિકૃતઅવસ્થા તેને કષ્ટ ભોગવવાં પડે છે. ત્યારે પાપના સ્વરૂપ નો સ્વભાવ કેવો માટે આવી હાસ્યાસ્પદ વાત કદી પણ મુખે કહાડ વી નહીં. વ્યાધી એ કોઇ શરીરનો પ્રકૃત ગુણ કહેતાં તેનું કહેવું જેમ અગ્રાહ્ય છે તેમજ ઉપરની બાબત પણ અગ્રાહ્ય છે.

આત્માની સ્વતંત્રતા—આત્મા જે વખતે ધર્મ માર્ગમાં ચાલે છે તે વખતેજ તેને ખરી સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. અને જ્યારે પાપ કર્મ કરે છે ત્યારે પ્રવૃત્તિને આધીન થઇને સ્વતંત્રતાથી ભ્રષ્ટ થાય છે. જે કો ઈ ઇશ્વરને આધીન ન રહેતાં સ્વેચ્છાચારી થાય છે. તેજ પ્રવૃત્તિને આ ધીન થઇ પાપ કર્મ કરવા પ્રવર્ત થાય છે. સર્વ પ્રકારે ઇશ્વરના આધીન રહેવાથી સ્વતઃનું રક્ષણ થાય છે. ઇશ્વરની ઉપર પ્રિતી કરીને તેની આજ્ઞાઓનું પ્રતિપાલન કરીએ તો સ્વતંત્રતા રહે છે. સ્વતંત્રતા એજ મનુષ્યના સત્વનું કારણ છે. મનુષ્યને સ્વતંત્રતા ન હોય તો તેમાં પશુ કરતાં કંઇજ વધારાપણું નહીં કહેવાય તેમજ તેનામાં અને પશુનામાં કંઇ ભેદ રહે નહીં. સ્વતંત્રતા માટેજ મનુષ્ય બીજા સર્વ પ્રાણીથી શ્રેષ્ઠ

છે. સ્વતંત્રતાના બળથીજ તેને ઈશ્વર પ્રાપ્ત કરી લેવાનો અધીકાર આપ્યો છે, તેનીજ મદદથીજ તે નાના પ્રકારની વિધા શોધી કહાડે છે. સ્વતંત્રતાના આશ્રયથીજ મનુષ્ય અજ્ઞાન અવસ્થામાંથી સજ્ઞાન અવસ્થામાં જઈને લાભ પ્રાપ્ત કરી શકે છે. સ્વતંત્રતા એજ ઉત્તમ કાર્યનુ કાર્ય છે એટલી એ જો ન હોયતો આત્મીક અથવા સંસારીક અથવા કોઇ પણ પ્રકારની વૃદ્ધિ આપણી દ્રષ્ટિએ પડત નહીં કેટલાકના મત એવો છે કે મનુષ્યને સ્વતંત્રતા બીલકુલ નથી ઈશ્વર જેમ પ્રેરણા કરાવે છે, તે પ્રમાણે મનુષ્ય કરે છે આ તેમનું કહેવું સયુકિત લાગતું નથી કારણ ઈશ્વર જે પ્રમાણે કરાવે તેજ પ્રમાણે તેઓ કરે, તેમ હોય તો કોઇ પુન્યવાન અને કોઇ પાપી અથવા શ્રીમાન, અને કોઇ દરીદ્રી, કોઇ પંડીત, અને કોઈ મુર્ખ, કોઇ સુખી અને કોઇ દુઃખી આવા ભેદ ન હોવા જોઈએ. કારણ ઈશ્વર નીર અપેક્ષિત તથા મંગળસ્વરૂપ છે. તે કરાવે તેજ પ્રમાણે પ્રત્યેક મનુષ્ય કરે તો સર્વની અવસ્થા એક સરખીજ થવી જોઈએ એમાં કંઈ પણ સંશય નહીં માટે સ્વતંત્રતા નહીં કબુલ કરવી એ એક જાતની ચુક જેવું છે મનુષ્ય સ્વતંત્ર છે એટલે જે પ્રકારનું તે કાર્ય કરે છે તે પ્રકારનું ફળ તેને પ્રાપ્ત થાયછે. જીવાત્મા સીમા વિશીષ્ટ છે અર્થાતતેના જ્ઞાન તથાં શક્તિની સીમા છે ને તે સર્વ વિષય જાણી શકતો નથી તથા જે જે ઈચ્છા તે કરે છે તે સર્વ તેનાથીજ પૂર્ણ કરી શકાતી નથી એ આત્મા ભીન્ન છે, ને તે એક જડયંત્ર જેવો છે તે પ્રમાણે આત્મા વિષે નથી આત્મા તો કેવળ સ્વતંત્ર છે એને કંઈ વિકાર થતો નથી કારણ શરીરથી આત્મા સર્વ પ્રકારે જુદો છે.

**ચૈતન્ય તથા શરીર એ બેનું ભીન્નત્વ.**—કેટલાક એવું કહે છે કે શરીરમાં ચૈતન્ય પ્રથક નથી શરીરમાંના સમાઈક દ્રવ્ય યોગે ચૈતન્યની પ્રતિતી થાય છે એટલે જે પરમાણુઓના યોગે આ શરીર નીરમાણ થયું છે તે પરમાણુઓના યોગે કરીને ચૈતન્યની પ્રતિતી થઇ છે. આનો

ઉત્તર એજ કે પરમાણુ એ જડ પદાર્થ છે. એમના અંગે ચૈતન્ય શક્તિ સંભવતી નથી પરમાણુંની અંદર ચૈતન્ય શક્તિનો સંભવ હોત તો સર્વ પૃથ્વિ, પર્વત, ઈત્યાદી ચોટા મોટા જડ પદાર્થ ચૈતન્ય થાત શરીરમાં જે પરમાણુઓથી પરમાણુ છે એ કરતાં પણ અનેક પટ તથા પૃથ્વિ ઈતર જડ ગો ગોળા પરમાણુ છે પરમાણુ સંયુકતથી ચૈતન્ય શક્તિની ઉત્પત્તિ થઈ શક્તિ હોતતો મનુષ્ય કરતાં પણ પૃથ્વિ અને બીજા મોટા મોટા પર્વતની અંદર અધીક ચૈતન્ય શક્તિ હોય એમાં સંશય નથી પરંતુ જેટલા માટે એક પણ પદાર્થને ચૈતન્ય શક્તિ નથી એટલા માટે એ વાત કેવળ ઉઘાડી છે કે પરમાણુમાં પણ ચૈતન્ય શક્તિ નથી. જે ઉપરથી પરમાણુ સંયુકતથી ચૈતન્યની ઊત્પત્તિ થતી નથી એમ સિદ્ધ થાય છે ને એટલા માટે એ ચૈતન્ય શક્તિને ઓળખી તેની પ્રાપ્તિ કરી લેવી જોઈએ એ પ્રાપ્ત કરવાનાં મહાજ્ઞાનીજનોએ નીચેનાં સાધનો અનુભવેલાં પ્રદર્શીત કર્યાં છે.

૧ નિષ્કામ્ય કર્મનું અનુષ્ઠાન અને કામ્ય કર્મનો ત્યાગ ૨ જેથી નિત્યા નિત્ય વિવેક—૩ જેથી ઐહિક તથા પરલોકિ અર્થનું વૈરાગ્ય ૪ જેથી શમદમ આદિ સંપત્તિ—૫ જેથી ૬૭ મુમુક્ષતા—૬ જેથી ગુરૂપસત્તિ—૭ જેથી મહાવાકયનો ઉપદેશ—૮ જેથી શ્રવણ, મનન તથા નિદધ્યાસ—૯ જેથી બ્રહ્મ સાક્ષાતકાર—૧૦ જેથી અજ્ઞાન સર્વનો નાશ—૧૧ જેથી ભ્રુમ સંશયનો નાશ—૧૨ જેથી પ્રારબ્ધ કર્મ સુક્ષ્મનો નાશ—૧૨ જેથી ક્રિયમાણુનો અસ્લેશ—૧૪ વાસના ક્ષય—૧૫ જેથી મનોજય

૧૬ જીવન મુકતતા— જેથી

૧૭ સ્વતઃ સમાધી ચડાવવા તથા ઉતરવાની દશાની પ્રાપ્તિ—જેથી

૧૮ પોતાની ચડાવેલી સમાધી ઊતારવાનીઅવસ્થા એટલે બીજાને ઊતરાવે ત્યાં સુધી ન ઉતરાવાની દ્રઢતાની દશાની પ્રાપ્તિ—જેથી

૧૯ પોતાની ચઢાવેલી સમાધીની ઊતારવાની ઈચ્છાનો કેવળ ભંગ સમાધી નિમગ્નતા દશાની પ્રાપ્તિ—

ઉપરની સ્થિતિઓ ક્રમશઃ પ્રાપ્ત કરી લઈએ તો પુર્ણ બ્રહ્માનંદમાં મળી ગયા એટલે આત્મા પરમાત્મા એક થઈ ગયો એમાં કંઇ પણ સંશય રહે નહીં.

ઉપર પ્રમાણે પણ જો બની શકે નહીં તો માત્ર સંસાર નિર્વીઘ્ને અને હોંશીઆરોથી પસાર કરવા માટે નિચે બતાવેલી કહેવતો છે તે અનુભવવી એટલે સંસાર બીન અડચણે પસાર કરી શકશો એમ અમારી ખાત્રી થએલી છે.

## કહેવતો.

એક ઇષ્ટને ભાવ રાખીને ભજવો,
ગર્ભ શ્રીમંતાઈ રાખવી,
સવારમાં વહેલા ઉઠી પ્રભુનું સ્મરણ કરવું,
કામ ચડવા દેવું નહીં.
બેદરકારના હાથ નીચે નોકરી કરવી નહીં.
જે કામ કરવું તે પોતાની પૂરી સમજથી કરવું.
વિપ્રનું કદી પણ અપમાન કરવું નહીં,
દેશાવરની દરરોજ ખબર જાણવી,
હરેક બાબતનું યુક્તિસર સમાધાન કરવું,
ખરી મહેનતથી દ્રવ્ય જોડવું.
જે વખતે જે માણસ જે દરજ્જે હોય તેવો તેને માનવો
કોઇનું લાંછન જોવામાં આવે તે ઢાંકવું,
હજાર અડચણો હોયતો પણ મીત્રને ત્યાં જમવા જવુંજ.
નીચની સંગત કરવી નહીં,
જોશી, વૈદ્ય અને પંડિતને હમેશાં મળવું.
નકામો વખત ગુમાવવો નહીં,
આજ થઈ શકે તે કાલ ઉપર રાખવું નહીં,
કોઇની હાંસી કરવી નહીં,
હલકી નજર રાખવી નહીં,
સાહસ કર્મ કદી પણ કરવું નહીં.

પરમેશ્વર તથા લોકથી ડરવું,
દેવું કરીને ખર્ચ કરવો નહીં,
પાછળ કોઇની નિંદા કરવી નહીં,
જ્યાં સ્નેહ બંધાણો ત્યાં વેર કરવું નહીં,
આત્મ વખાંણ કરવાં નહીં,
દુઃખ પરાણે વેઠવું નહીં.
મિત્રને પણ અતિ ગુહ્ય વાત કહેવી નહીં.
પર સ્ત્રીથી હસવું નહીં,
અતિ ભાષણ કરવું નહીં,
જેવી સંપત્ત હોય તેવું ભોજન કરવું,
સુખ આવે છાકી જવું નહીં.
દુઃખ આવે ડરવું નહીં.
આપણાથી અધીકને જોઇને કલેશ કરવો નહીં,
લોભી જનને ધનવડે સાધવો,
ગરવીને હાથ જોડી સાધવો.
મૂર્ખને મનગમતું કરવા દેવું. વચમાં પડવું નહીં.
પંડિતની સાથે સાચી વાણી રાખવી.
ડરી, ગુરૂ તથા માબાપની સેવા કરવી.
લાખ ગમાવીને પણ સાખ રાખવી.
સેહેજ રોટલી મળી તેને દૂરના લાડુ માટે તજવી નહીં.
પોતાના ખોળાના પૂત્રને અળગો કરવો નહીં.
હમેશાં સામા માણુસને શોભા આપવી.
જે કરવાથી પરિણામે હાની તે કરવું નહીં.
પોતે થઇને અર્પણ થવું નહીં.
જ્યાં પ્રીતીની ઇચ્છા હોય ત્યાં ત્રણ વાનાં કરવાં નહીં;
૧ વિવાદ, ૨ ધન વહેવાર, ૩ સ્ત્રી સંભાષણ.
માતા પીતા ઉપર હેત ધરવું.
કોઇથી જબર પ્રીતી કરવી નહીં.
ખાણુ વાંણુ અને દ્રષ્ટિ સીધી રાખવી.
જે ભાવે જે પુછે તેને તેવો ઉત્તર દેવો,

જેના વગર ચાલે નહીં તેની મરજી રાખી રહેવું.
આળસ તથા ક્રોધ તજવાં.
પર દુઃખ દેખી પ્રસન્ન થાવું નહી.
પાખંડ ધર્મ ધરવો નહીં.
મોટા જનની અદબ રાખવી
બાળકને શીખામણ દેવી.
ગુરૂ જનની સેવા કરવી.
દીનતા ઉપર દયા રાખવી.
સ્ત્રીને વશ કરી લેવી.
મોટાની સાથે બગાડવું નહીં.
નૃપ અને જોગીનો આસંગો રાખવો નહીં.
જુના ઘરમાં બનતા સુધીરહેવું નહી.
જાર, જુગારી, તસ્કર વ્યસનીની સોબત કરવી નહીં.
વહેવાર, આહાર, વેપાર, એ ઠેકાણે લાજ ધરવી નહી.
કુડી શાખ્યા ભરવી નહીં,
માણસ જોઈને કામ કરવું
ખોટા માટે હઠ કરવી નહીં,
દીન સગાંને આપીને માગવું
દાના દુશ્મનને ગુણે મારવો,
કોઈને મર્મ વચન કહેવું ન
વાટે જતાનું કષ્ટ કાપવું,
સહુ સાથે મીઠું બોલવું,
કોઈનું ભુંડું કરવું નહીં.
રોમ રોમ જીવ રાખવો,
ગુણવંતની ઇતરાઈ કરવી નહીં,
ગરજ વખતે ગુમાન ધરવું નહીં.
પરઘેર જઈ દુઃખ રોવું નહીં,
પર ઘરમાં અચાનક જવું નહીં,
વાત કરતાં હસવું નહીં,
સર્વ વાતોનો ગુણ લેવો,

ખાણી ચૂકયો સો વરસ, જીવે તે જાણવું,
લખતાં વાત કરવી નહીં,
ક્રોધ ઉપર શાન્તી કરવી જોઇએ.
ધનનો મદ ધરવો નહીં,
જન્મ મરણનો ભય ટાળવો,
ગુણી જનને ધાસવું
રાંક ઉપર રહેવું નહીં.
રાંક થઇને રળવું,
ગરીબ થઇને ભણવું,
૧ ઉત્સાહવંત ૨ સંતોષી ૩ ધૈર્યવાન, ૪શુદ્ધચીત, ૫ શુર, આ પાંચનું સેવન લક્ષ્મી કરે છે,
૧ આભ્રછાયા, ૨ ખલપ્રીતી, ૩ નારીનૈતૃણ, ૪ યૌવન, ૫ ધન એ ઘણા દિવસ ટકતાં નથી.
ચી-તનો જાણનાર મીત્ર, મનોહર સ્ત્રી અને પરદુઃખ જાણનાર એ દુર્લભ છે,
ચતુરની લાત સારી, પણ મુર્ખની વાત સારી નહીં,
અપમાન થાય, તો પણ સ્વામીની સમીપ રહેવું,
ચાર આશ્રમમાં ગૃહસ્થાશ્રમ સઉથી મોટો છે તે પુરો અનુભવવો,
અપકાર કરે તે શત્રુ જાણવો,
૧ અર્થ નાશ, ૨ગ્રહછિદ્ર ૩ દાન ૪ માન ૫ અપમાન ૬ આયુષ, અને ૭ ધન, આ સાત વાનાં ડાહ્યા માણસે પ્રગટ કરવાં નહીં,
સ્વધનનો સદ પ્રતિ વ્યય કરવો.
દેશકાળ પોતાનો મીત્ર કોણ કોણ પોતાની શકિત કેટલી એનો વિચાર નિરંતર કરવો.
જ્યાં બહુ ક્ષુદ્ર હોય ત્યાં સુખ નથી એવું જાણવું,
હિતકર્તાનું વચન માનવું.
પ્રસંગ આવતા પહેલાં તમામ વિચાર કરવો,
૧ ઇર્ષુ, ૨ લજ્જાયમાન, ૩ અસંતોષી, ૪ ક્રોધી, ૫ નિત્યશંકીત ને ૬ પરભાગ્યોપજીવી, આ ૭ જણા દુઃખ ભોગવે છે.

જે કોઇ અકસ્માત અપરિચિત આવે તેનો વિશ્વાસ કરવો નહીં,
બળવંતથી વિરોધ કરવો નહીં.
ઘણા શત્રુ હોય તો તે પૈકી એકનાથી સ્નેહ કરીને સંપૂર્ણનો ક્ષય કરવો
ઉંચના આશ્રયથી શોભા વધેછે,
સ્ત્રીઓ, કુમિત્ર, શત્રુ અને ધુત, આમના આગળ સત્યથી પરીણામ થતો નથી.
સંકષ્ટ સમયે જેની બુદ્ધિ ક્ષીણ થતી નથી તે ડાહ્યો જાણવો.
બળવંત શત્રુને વેરીની મારફત હઠાવવો,
સુજસ મેળવવા હમેશ પ્રયત્ન કરવો.
ઘાતી મીત્રને એકદમ તજવો,
ઇશ્વરની કૃપા સંપાદાન કરવી,
મીઠો અને લાલચી હોય તેને પરહરાવવો,
પુન્યાઇનું ફળ સુખ અને પાપનુ ફળ દુઃખ છે,
સુત, સમૃદ્ધિ, શરીર, એ ત્રણનો ગર્વ કરવો નહીં,
જપ, તપ અને જોગ આ ત્રણે વાનાં છાનાં કરવાં.
સતીનો શ્રાપ લેવો નહીં,
૧ પર પરાક્રમ, ૨ પરચાતુરી, ૩ પરલક્ષ્મી, અને ૪ પરનારી, આ ચાર વસ્તુનો વાદ કરવો નહીં,
અહીં રહેવાનું છે તે કાચું જાણવું.
કશી વાતે ખોટાઇ કરવી નહીં,
મીત્રને સારીજ સલાહ આપવી,
ઘરમાં હમેશાં અન્ન પાણી અને આબરૂ આ ત્રણ વાના ભર્યાં પુરાં રાખવાં,
જતે ત્યાં સુધી તમામ કાણુ પોતાનાજ હાથમાં રાખવું,
કરકસર એ ત્રીજો ભાઇ છે,
હરેક વાતનો રદીઓ તૈયાર રાખવો,
સ્ત્રીનો કેડો લેવો નહીં,
શત્રુ નાનો હોય પણ મોટો સમજવો,
કવખતે કોઇને ત્યાં જવું નહીં,

ચરકારી કામે કોઇની મેં શરમ રાખવી નહીં, અમજમી લાગે તે કરવું,
સંત પદની જોર મેળવવાની ઇચ્છા રાખવી,
આસરીયા થવું નહીં,
ભલાકર ભલા હોયગા,
સોદાકર નકા હોયગા,
ઇશ્વર પાસેથી માફીમેળવવાની ઇચ્છા હોયતો પોતે બીજાને માફ કરવું,
ફાટયું હમેશ સાંધવું,
આપેલી રકમની હમેશ પહોંચ લેવી.
હરકોઇની પાસેથી મીઠાશથી કામ લેવું
પ્રભુનો પુરો વિશ્વાસ રાખવો,
જે વખતે જેવો પ્રસંગ આવે તે ચતુરાઇથી ગાળવો,
ઘડપણને માટે ઘટીત સંભાળ લેવી,
હરેક કામમાં તમામ જોઇતી વસ્તુ પાસે રાખવી,
સબા સોબતું બોલવું એ સારૂ છે,
દરરોજ દરપણમાં મુખ જોવું ને મુખના તેજ ઉપર ધ્યાન રાખી સતેજ રાખવું.
અયોગ્ય કામથી સદા દુર રહેવું.
કોઇને ટુંકારો કરવો નહીં
કામ વિના પર ઘેર જવું નહીં,
વનમાં એકલા જવું નહીં,
હમેશ છુપકી બાતમી મેળવવાનો તપાસ રાખવો,
સર્વે કામ છોડીને પણ ગુરૂ તથા ગોવિંદને ભજવો.
કરવતના જેવો સ્વભાવ રાખવો એટલે બન્ને બાજુ સરખી કરવી
પાનની બીડી તપાસીને ખાવી,
થોડું બોલ્યામાં સુખ શોભા છે,
ગમ ખાવી એ મોટા ગુણ છે,
હરકોઇ આપણી વાટ જુએ તેમ કરવું,ને બનતા સુધી જોઇતી વખતે હાજર થવું,

વચન આપતાં પહેલો પૂર્ણ વિચાર કરવો,
વાણી ૧ મૃદુ ૨ હિતકારક અને સત્ય બોલવી,
ઘરમાં પાંચે ખાળ પુરા રાખવા,
હરકોઇની પછવાડે પણ વખાણ કરવાં.
મીઠા ઝાડનું મુળ કાઢવું નહીં,
હરેક બાબતમાં નાદા મારી રાખવી,
ઘર પાછળ તથા દીકરી પાછળ દેવું કરે તે ગમાર,
પહેલું માગણું ચુકે તેનો બાપ બણગું ફુંકે,
સર્વે વાતે પોતાનો હક સાચવવો,
વેશ્યા સાથે વણજ કરવો નહીં.
૧ છીંક ૨ બગાસુ ૩ પેશાબ અને ૪ પાછલો પવન કદી રોકવો નહીં,
કાચી ભુખે ખાવુ નહીં.
રોગ અને શત્રુ થતાંજ સમાવવાં,
પ્રેમદાનો વિશ્વાસ કરવો નહીં,
પરદેશમાં પ્રીતિ વધારવી નહીં.
ઝાઝી કીડીઓ સાપને તાણે તે જાણવું
તુળસી હાય ગરીબકી કબુન ખાલી જાય.
મુવા ઢોરકે ચામસે લોહ ભસ્મ હો જાય,
ફુલાવ્યા ફુલાવુ નહીં,
વાદે ધન વાપરવું નહીં;
બેર વાગે ભુંગળ વાગે ઉપર વાગેતુરી
જડની આગળ ચૈતન્ય નાચે એ ફજેતી પુરી,
આંથાગંઠી મતહરો, બીચ ગંઠીજીવ જાય,
ટુંકી લેખણ જે લખે તેનુ જડામુળથી જાય,
ચક્રવક અપ્રસાદેન. બ્રાહ્મણો ભવતી રાક્ષસા,
હોનહાર હરદે બસે, વીસરજાત સબ સુદ;
જાકી જેસી હોતવતા યાકી એસી બુધ,
ફુલ ફુલે જબ જાનીએ ગુલ્લાલા કે પોસ;

કામ પડે તબ જાણીએ પહવેરી પહદાસ,
મીઠી મીઠી બાત નહીં મીઠી જાકી ચહાય;
અમલી મીસરી છાંડકે આફુ ખાય સદાય.
લુખાં ભોજન, રણ ઘણું ઘેર કુલક્ષણી નાર;
ચોથાં મેલાં લુગડાં, એ નર્કે નિશાની ચાર,
પાન પુરાણાં ઘી નવાર, ઘેર કુળવંતી નાર;
ચોથી પીઠ તુરંગકી એ સ્વર્ગ નિશાની ચાર,
સત્ય બચન, ઓર દીનતા, પરસ્ત્રી માત સમાન,
ઇતનેકુ ભગવાન ન મીલે તો તુલસીદાસ જમાન;
સજ્જન તબલગ સરસહે જબ લગ પરોન કામ;
હેમ ફુલાકને પરખીએ પીતળ નીકલે શ્યામ,
સદધર્મેથી વર્તવું
કબીર નાણા સાચકા, ફીરતા નવખંડમાંહી;
જેસેકુ એસા કહે ઇસ્મે નિંદા નાહી.
કોણ પાપસે અવતરે, બડે બાપકે પુત;
માગણ માગે પામરી. ઘરમે ન મીલે સુત.
સજન બાત વિવેકકી, કર અપને કુલકી રીત
બરોબરીસેં કીજીએ, બેર બીવાહ ઓર પ્રીત.
અપકારનો બદલે પણ ઉપકાર કરવો
ગુસ્સો ચઢે ત્યારે દશ અંક ગણવા.
તુળસી આ સંસારમેં, ભાત ભાતકે લોક;
સબસે હીલ મીલ ચાલીએ, નદી નાવ સંજોગ
વાવશો તેવું લણશો; ને કરશો તેવું ભોગવશો
આગળનાથી ચેતતા રહેવું
પથ્થર તળેનો હાથ પેરે પેરે કાઢવો.
વિદ્વાન થવા પ્રયત્ન કરવો.
સ્વભાવે ગંભીર થાવું
વિષય સુખમાં લપટાઈ રહેવું નહીં.
મદથી ઉન્મત થાવું નહીં.
દુશ્મને મહોડે છુપી વાત કહેવીનહીં.

નિચેના પાંચ પપ્પા પુરૂષે વહાલા રાખવા:–
પાન, પાઘ, ને પદમણી, પરિમળ, ને પોશાક.
નીચેના પાંચ કક્કા કામનીએ વહાલા રાખવા;–
૧ કંકુ, ૨ કાજળ, ૩ કંચવો. ૪ કસુંબો ને ૫ કચ
ભુખ સર્વેથી ભુંડી છે, માટે વશ કરવી,
એક નન્નો સો દુ:ખને હણે.
સંદેશો સુઘ્ઘ સાથે કહાવવો.
બહુબોલા, બેટી ઘણી, દો નારી ભરથાર;
ઇતનેકુ ક્યા મારના માર રહ્યા કીરતાર.
રાગ, ભાગ્ય અને ચાતુરી, વાણી ચાલ વિવેક;
અક્ષર મીલેના એકસુ, દેખો મુલક અનેક.
કદી કશી ઓઢ બકવી નહીં.
સટ્ટાનો સોદો કરવો નહીં,
શશીચંદન રવી દરપણ, ભુમિઆ નંદન ધનીઆ ચાવે
સુધે રાઇ ભેસ્મત ગુડ, શુકરે દધી ભોજન કરીઓભાઇ,
શનીવારકે દીન વાવડીંગ ચબાકર જાવે વો નાર નવનીધ કમા-
કર લાવે.
ધન ચહેતો ધર્મ કરો દેદાર ચહાતો તપ કરો,
જે લહેજત આબરૂ ગયાથી મળે છે, તે પ્યારી નહીં જાણવી,
બદજાત આદમીને જુના કપડાની મીસાલે રાખવું.
અકલવંત આદમી તેને જાણવો કે જે પોતે પોતાની તકસીર છોટી
હોય પણ મોટી માને,
નાદાન આદમીની પાસે બેસવું તે જીવને બીમારી જેવું છે,
કોઇ બખીલ પાસે સવાલ કરવો તે પોતાની આબરૂ ગુમાવવા
જેવું છે.
મેલા બદન પર લેબાસ મુનાસબ નહીં.
જે ફાયદો જુલમથી થાય તે નુકસાન છે.
ગેર વ્યાજબી બોલ્યા કરતાં ચુપ રહેવુ બસ છે.
હરકોઇ સાથે જલદી દોસ્તી બાંધવી નહીં,
દોસ્ત તેને જાણવો કે જે દીલને આરામ આપે,

૫૫

મારો ઈન્સાફ સરદારીને વધારે છે.
ભણવા પુછવાથી કાયર થાવુ નહીં.
રૂણકર્તા પીતા શત્રુ માતા શત્રુ વ્યભિચારણિ
ભાર્યા રૂપવતી શત્રુ પુત્ર શત્રુ ન પંડીત.
દુશ્મન લડાઇ કરવા આવે ત્યારે તદબીરમાં રહેવું અને જાસુસ
ઘણા રાખવા;
ઓરતની નજદીક મહોબત છેવટના આતસને સળગાવે છે,
જેની પાસે ઇલમ હુનર છે તેને મોટા તવંગર જાણવો,
નેકીનો વિચાર કરવો તે જલદી કરવો
પોતાની હયાતીમાં ધર્મ કરવું એ મોટા ખજાનો છે,
અધુરો ઘડો છલકાય છે,
ઇંદ્રિઓ જીતી તેણે સર્વ જીત્યું,
ઓશાઆળો અવતાર કામનો નહીં,
કર કરનાર જાય પણ કર ન જાય,
ખેડ ખાતરને પાણી તે કર્મને આણે તાણી,
ચાલતા બળદને આર ખોસવી નહીં,
જન્મ જરાને મરણ એ સવેને થાય છે,
ઝાઝાં ઝાંખરાંની વાડ પણ સારી
ઠોકર લાગે ત્યારે સમજણ આવે,
તાંબાની તોલડી તેર વાંનાં માગે
દુધના દુધમાં ને પાણીના પાણીમાં,
ધાનવિના નહીં પણ સાનવિના મરે,
પગતળે રેલો ને પારકી વાત કરવી નહીં,
ફુલ નહી ને ફુલની પાંખડી
બળીઆ સાથે બાથ ભરવી નહીં
સોનીયા વસે ત્યાં ધુતારા ભુખે ન મરે,
વાઘ ને બકરી એક આરે પાણી પીએ તેનુ નામ ઇન્સાફ.
વિખનો વિલાસી જીવ સાકરને સ્વીકારતો નથી,
ખાખરની ખીસોડી સાકરનો સ્વાદ ન જાણે,
કજળા તજે ન શામતા મુક્તા તજે ન શ્વેત;

દુરીજન તજે ન કુટીલતા, સજ્જન તજે ન હેત.
ચીન્તાથી ચતુરાઈ ઘટે દુખસે ઘટે શરીર.
પાપ થકી લક્ષ્મી ઘટે, કહે દાસ કબીર,
ચીંતા બીન ચતુરાઈ નહીં દુઃખ બીન નહીં શરીર.
પાંપ બીન લક્ષ્મી નહીં, કહત દાસ કબીર.
ધર્મના સોગન કદી ખાવા નહીં.
મળતો નફો નહી ખાય તેને માથે જુતિઆં
ઉંમગી રાજ્ય કર્તાની, પ્રજા ઉદ્યોગ હોય છે,.
ઈશ્વર સૃષ્ટીમાં સ્પષ્ટ દેખાય છે.
શરીર સંપત્તીવિના દ્રવ્ય સંપતી નકામી છે,
રોતો જાય તે મુવાની ખબર લાવે,
જરકે મહોબત, જરકે તાબે. જરતો જગમે ખ્વાર હોવે.
જીએ જગોપે હોબા યારો જરસે બેડા પાર હોવે.
વાહલાથી વઢીએ નહીં દુબી ન દઈએ ગાળ;
ધીરે ધીરે છાંડીએ જેમ સરોવર છાંડે પાળ

## ( દોહરો )

કેળ, દેરી, કામની પીયુ મિત્ર પ્રધાન;
એ સર્વ પાકાં ભલાં, કાચાં ન આવે કામ.

## કવિત.

બચન એસો બોલીએ, બચન પંચમાં સોહાવે,
બચન એસો બોલીઓ બચને કોઇ દુઃખ ન પાવે.
બચન એસો બોલીએ, બચને હોય બડાઇ.
બચન એસો બોલીએ, બચને દુશ્મન હોવે ભાઇ

## ( કવિત )

પુત્ર કપૂત કુલહીન નાર, લડાક પડોસી લજાવન સાળો,
બાંધ બાદુક પુરોહીત બંપટ ચાકર ચોર દીવાન સુકારો,
સાહેબ સોમ કઠોર હી કરસન, રંગ. કુરંગ ચલિત ધુતારો.
કવીગંગ કહે સુણો શાહ અકબ્બર એ બારહી બાંધકે સમુદ્રમે ડારીએ

( કવિત )

સાહી વેન બીરબાએ ગુરૂપંડીત કવી, ચાર;
બેટા બીનતા બાહર, જગ કરાવન હાર,
જગ કરાવન હાર, રાજ્ય મીત્ર જો હોય,
પિતા પડોસી બઇદ, ઓર જો કરે રસોઇ.
કહે ગીરધર કવીદાશ, સુણોરે મેરેસાંઇ.
ઉનતેર તે;રદય બની આવે ભાઇ,

## મનુષ્યના જન્મનું સાર્થક.

આ સ્રષ્ટિસૌંદર્યમાં જો કોઇ પણ સહેજ નજર ફેંકશે તો અનંત પ્રકારના પદાર્થ તેની દ્રષ્ટીએ પડશે તે પૈકી કેટલાએકને જીવત્વ હોય છે તથા કેટલાક જીવત્વ રહીત હોય છે. એકંદર પ્રાણીમાત્રની મુળની સ્થીતીનો ઉપર ઉપરથી વીચાર કરીને જોઇએ તો એવુ દીસી આવશે કે ઇશ્વરે મનુષ્ય એ એક કેવળ દુર્બળ એવું પ્રાણી ઉત્પન્ન કર્યું છે. તથા તેના ઉપર પોતાની કૃપા પણ ઓછી હોય એમ દેખાડયું છે કારણ આપણે એવું જોઇએ છીએ કે પશુ ઇત્યાદી પ્રાણી જ્યારે જન્મે છે ત્યારે તે વખતે જ તતક્ષણ જ આમ તેમ હીંડવા ફરવા લાગે છે અને પોતાનું ઉપજીવન તેમને પોતાની મેળે કરવાની સોકાદ હોય છે. ઉદાહરણ કે ગાય જ્યારે વાય છે ત્યારે તેનું વાછડું જન્મતાંજ માતાના બાવડા તરફ જઇ દુધ પીવા માંડે છે, પશુ પેદા થયું કે તરતજ પોતાને પોતાનો બચાવ કરવા માટે સીંગડાં ઇત્યાદિક સતત રહેનારાં સહજો પ્રાપ્ત થાય છે મનુષ્યનો એવો પ્રકાર નથી તે જન્મ્યા પછી આમ તેમ ઉંધા ચતા પડવાને પણ તેને ચાર પાંચ મહિના લાગે છે. પછી પોતાની મેળે ઉદર પોષણ કરવાને માટે તો પંદર સોળ વરસ જોઇએ એટલું છતાં પણ પશુ ઇત્યાદિ પ્રમાણે શરીરે પણ એટલું મોટું કિંવા બૂલવાન હોતું નથી. કેટલાંક જનાવરોને પોતાનાં આત્મ સંરક્ષણ કરવાં માટે ઉપર કહેલાં સત્તર તરેહના આયુધો જે પરમેશ્વરે આપ્યા છે તેવાં પ-

ણ મનુષ્યોને પરમેશ્વરે આપ્યાં નથી. બાળપણમાં બે ચાર વર્ષ પર્યંત તથા વયોવૃદ્ધિપણાની સ્થીતીમાં શકિત રહીત થયા પછી કેવળ પર સ્વાધિનતા જ હોય છે. આવી જો કે મનુષ્યની ખરેખરી સ્થિતિ છે તો પણ સુક્ષ્મ વિચાર કરી કોઇ જુએ તો તેને ખાતરી થશે કે મનુષ્યના કલ્યાણ તરફ ભગવતની કૃપા દ્રષ્ટિ અધિક છે કારણ વિવેકરૂપી એક અમુલીક દેણગી જે તેણે મનુષ્યને આપી છે તેને લીધે તેણે મોટાં બલાઢ્ય અને ભયંકર પશુઓને પણ પોતાને તાબે કરી કામે લગાડેલાં હોય છે. એજ પ્રમાણે, અગ્નિ, વાયુ, પાણી વિજળી, ઇત્યાદિક મહત્તત્વોને પણ પોતાના સ્વાધીન કરી લઇ આખર જગતનું આધીપત્ય મેળવીને આ સૃષ્ટિસૌંદર્યનો ઉપભોગ લે છે. આ લોકમાં મનુષ્યનો મુખ્ય ઉદ્દેશ પોતાના જન્મનું સાર્થક કરી લેવું એજ હોવો જોઇએ એટલું છતાં મનુષ્યથી પોતાનો ધર્મ કર્તવ્યકર્મ કેટલું બજાવાય છે તેનો વિચાર કરવો જરૂરનો છે. એવો વિચાર કરવા જતાં એવું નજરે પડે છે કે મનુષ્યનામાં મનોવૃત્તિઓ અનેક હોય છે તે પૈકી કેટલીએક દુષ્ટ છે. વળી કેટલીએ ઉત્તમ છે કામ, ક્રોધ લોભ, મોહ, મદ વ મછર ઇત્યાદિ વૃત્તિઓ દુષ્ટ કહેવાય છે તે જ પ્રમાણે વિવેક, સંતોષ, પુજય બુદ્ધિ, પરોપકારં બુદ્ધિ, દયા, ક્ષમા, પ્રીતી ઇત્યાદિ વૃત્તીઓ ઉત્તમ કહેવાય છે. મનુષ્યને ભુખ તરશ ઇત્યાદિ અનેક વાસનાઓ હોય છે. વાસનાઓની યોગ્ય તૃપ્તી થવી વ મનોવૃત્તીઓ ઉપર દાબ રહેવા માટે ઇશ્વરે મનુષ્યને એક યુકતા યુકત વિવેચન શકિત આપી છે તેને અંગ્રેજીમાં "કોનશ્યન્સ" અને સંસ્કૃત ભાષામાં "મન" એમ કહે છે. તે બળહિન થઇને મનુષ્યનું સર્વ આયુષ્ય કેવળ સંસારમાં ગરક થઇ જાય છે. તેના સઘળા આયુષ્યની વેચણ થઇ છે, બાળપણ, તારૂણ્ય અને વૃધ્ધાવસ્થા એવી તેના આયુષ્યની ત્રણ અવસ્થાઓ છે. મનુષ્ય જન્મે ત્યારથી તે મરે ત્યાં સુધીમાં આ ત્રણે અવસ્થાના સંસાર કામોમાં ગુંથાઇ જાય છે અને ઇશ્વરે દયાળુ થઇને જે ઉપર કહ્યા પ્રમાણેની જ્ઞાનરૂપ અમોલીક દે-

સુધી તેને આપી છે તેનું સાર્થક કરવાનું તેને ભાન રહેતું નથી.

મનુષ્ય માતાના ઉદરમાં નવ મહિના સુધી અનેક પ્રકારના કલેશ ભોગવીને નરકમાંના કીડાની પ્રમાણે બહાર પડે છે. તે વખતે તેને અનેક તરેહની પીડાઓ થતી હોય છે. સ્વમુખે તે વેદનાઓ તેનાથી કહી શકાતી નહિ હોવાથી તેને અતિશય દુઃખ થાય છે, તેને થતી પીડાઓ ઉપર વિદ્વાનોએ અનુમાનથી કલ્પનાઓ કરી લેવાની છે. રોગ હોય છે એક અને ઓષધ થાય છે બીજું તેથી તેને અધિક વેદના થાય છે. એવી અતિસય અજ્ઞાંન દશામાં બાળક અવસ્થાનો કેટલોક ભાગ મળ મુત્રમાં આળોટીને કાઢવો પડે છે. ત્યાર પછી તે બાળક કાંઈ મોટું થયા પછી તેનો કેટલોક વખત અનેક તરેહની રમતો રમવામાં અને કેટલોક વખત વિદ્યા સંપાદન કરવામાં જાય છે. હાલના વિદ્યા શિક્ષણના ક્રમમાં ઘણા ખરા વિષય ચકલા ચકલીની વાતોના હોવાથી મનુષ્યને ધર્મ વિષયનું જ્ઞાન થવા સરખા નથી એવી સઘળે ઠેકાણે હાલના પ્રસંગમાં બુમ થએલ જ છે. ધર્મ શિક્ષણ કિંવા નિતિ શિક્ષણનો તો હાલમાં કેળવણી ખાતામાંથી તથા બીજા ઠેકાણામાંથી નાશજ થએલો છે તે વિશે હમણાં હમણાં ઘણી ચર્ચા પણ ચાલી છે પરંતુ ફક્ત ચર્ચા ઉપર કિંવા સરકાર કરે તોજ થાય એવો વિચાર કરી નિરાંતે બેશી રહેવાનો હાલ વખત નથી. આ સારા કામને ધાર્મીક અને દેશાભિમાની લોકોએ જ તન, મન અને ધન ખર્ચી કમર બાંધી આગળ વધવું જોઈએ. બાળક દશામાં છોકરાં ઉપર વિદ્યા સંપાદન કરવા વગેરેના બોજા પડીને ઘણું કરીને બાલ્યાઅવસ્થા તેમાં જ જાય છે. ઘણું કરીને એ વયમાં જ છોકરાનાં લગ્ન કરી નાંખવાના સાંપ્રદાય હોય છે. આ સ્થિતિમાં બાળપણુ નીકળી ગયા પછી તારૂણ્ય અવસ્થાની તેમના ઉપર છાયા પડે ન પડે એટલામાં તેમનાં ચિત્ત સંસાર તરફ લાગે છે.

આ સૃષ્ટિ સંસારમાં ઘણું કરીને લોકોને નજર આગળ બે સ્થિ

પધ દેખાય છે. કાન્તા (સ્ત્રી) અને કનક (પૈસો) અને એ પદાર્થ પ્રાપ્ત કરવાને માટે હજારો કૂષ્ટ ઉપાય યોજવા લાગે છે. કોઇની પાસે પુષ્કળ પૈસો અને સુંદર તરૂણ સ્ત્રી મુકી હોય તો તેનો અભિલાષ કર્યા વિના કેટલા નીકળશે વારુ ? ઘણા જ થોડા એમ કહેવાને કાંઇ હરકત નથી. અને એજ કારણને માટે લોક પોતાના પૈસા તથા સ્ત્રીની ઘણી સંભાળ રાખે છે સારાંશ જગતમાં આ બે મોટી મોહક વસ્તુઓ છે એટલા માટે કબીર કવિ કહે છે કે "કનક ઓર કામની એ દો બડે હરામજાલ જાતે હઇહર મીલનકું તો બીચમે પડે માર"

સંસારમાં પુત્ર સુશીલ, સ્ત્રી પતીવ્રતા અને પાસે પુષ્કળ પૈસો સ્વસ્ત્રીની ઉપર વિષય ભોગવવાની રતી, આજ્ઞા ધારક ચાકર, પોતાના ઇષ્ટ ઉપર પ્રિતી, મીષ્ટાન ભોજન અને સદ્પુરૂષોના સમાગમ આટલી સર્વ વાતો ગૃહસ્થાશ્રમમાં જેને અનુકુળ થઇ હોય તેને સંસારમાં રહેવાનું સાર્થક છે પણ આવી સર્વ વસ્તુઓ મોટા સાર્વભોમ રાજાને પણ હોતી નથી એટલા માટે સમર્થ રામદાસ સ્વામીએ કહ્યું છે કે સંસારમાં સર્વ પ્રકારે સુખી એવો કોઇ પુરૂષ નથી, સંસાર સુખ એ અનેક વસ્તુઓ ઉપર અવલંબીને રહેલ હોવાથી તેમાં જો એકાદી વસ્તુની કમતાઈ પડે તો તેમાંથી તે સંસાર તાપત્રયનું કારણ થાય છે તો જેને ઉપર કહેલી બધીજ વસ્તુની કમતાઇ હોય તેને શું સંસારમાં સુખ હોય ? કાંઇજ નહિ પરંતુ એવી બરોબર સ્થિતિ છતાં મૃગજલને ભુલીને તરસ્યા હરણ પાણી મળવાની આશાથી જે પ્રમાણે આમ તેમ દોડા દોડ કરી મુકે છે તે પ્રમાણે આ સંસારમાં સુખની આશાએ માણસ પોતાને વધારે વધારે આ સંસારમાં ગુંથી નાંખે છે. દ્રવ્ય મેળવવાનું એક યત્ન નિષ્ફળ થાય તો બીજું કરે છે અને બીજું નિષ્ફળ થાય તો ત્રીજું કરે છે એક સ્ત્રી મરે તો અથવા નીકળી જાય તો બીજી કરે છે એ પ્રમાણે પાંચ દશ સુધી પણ કરે છે એક પુત્ર નઠારો નીકળે તો બીજા પુત્રની આશા રાખે છે, એક કામમાં નુકશાન પહોંચે તો

બીજા કામમાં ફાયદો મળશે એવું ધારી બીજુ કરે છે, સારાંશ સુખ-ની આશા એ મનુષ્ય સંસારમાં મરતાંસુધી યત્નકર્યા કરેછે પરંતુ "ભાસ સુખનો અને અનુભવ દુખનો " એવી સ્થિતિ થાય છે કીંવા સુખ સુખ ગોખતાં દુઃખનો વારો આવે છે. આ સમર્થના સિદ્ધાંત પ્રમાણે સઘળા આયુષ સુધીમાં તેને સુખનો અનુભવ કદીજ થતો નથી કારણ આ સંસારમા ખરૂં સુખ મુદ્દલ નથી. સ્ત્રી, પુત્ર, ઘરબાર પૈસો ટકો બંગલા વાડીઓ વીગેરેમાં ક્ષણીક સુખ છે, ખરૂં સુખ જેને કહીએ તે એ પદાર્થોમાં નથી. સંસારમાંના પદાર્થો સુખ દુઃખ રૂપી નથી તેમને તો જેવા માનીએ તેવા હોય છે એ પદાર્થોમાં જો સુખ હોય કીંવા તે સુખ રૂપ છે એમ હોય છે. તો તે સર્વને સુખ રૂપ હોવા જોઇતા હતા. પરંતુ તેવો પ્રકાર નથી કેટલાક પદાર્થ કેટલાક લોકને સુખ રૂપ લાગેછે તેજ પદાર્થ કેટલાકને દુઃખરૂપ ભાસે છે. આ ઉપરથી એમ થાય છે કે પદાર્થમા સુખ નથી પરંતુ તે સુખ તેમાં થોડા વખત સુધી માનવામાં આવે છે. મોટાપણુ પણ માણસ પોતપોતાની સમજપ્રમાણે માને છે વિદ્વાન, અધિકારી શુર દાતાભીમાની. ધર્માભીમાની ઇત્યાદીકોને લોક પોતપોતાની સમજ પ્રમાણે મોટા માને છે.

દ્રવ્ય એ એક મોટી મોહક વસ્તુ છે માટેજ તેનાથી ભુલ થાય બાઇને દ્રવ્યવાન પુરૂષની આસપાસ સ્ત્રી, પુત્ર, આપ્ત મિત્ર વગેરે મંડળી હમેશ વીંટાઇ રહે છે. તરૂણ અવસ્થામાં પુરૂષ પોતાની આસપાસ એટલો બધો સંપાદન કરી રાખે છે કે તેની ભાંજગડ કરવામાં તેનું સઘળુ તારૂણ્ય વહી જાય છે. અને વૃદ્ધાવસ્થાની છાપ પડવા માંડી એટલે તેનાથી તારૂણ્યની ખટપટોને પોહોચી શકાતું નથી એવી એની રૂજેતી ઉઠે છે. અને તેથીતે હમેશ કહે છે કે કેમ કરીએ હવે તો વયપરત્વે એ બધી ખટપટો આંપડાથી પુરી પડતી નથી અને આ સંસારમાં ભાર કોઇના ઉપર નાખીએ એવો માણસ પણ કોઇ ઘરમાં નથી એવી હમેસ ચીંતા કરે છે. તેમાં વળી વૃદ્ધાવસ્થામા સંતાન વીગેરે નહીં

હોયતો તથા સ્ત્રી ગુજરી ગઇ હોતતો ફરી પરણવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે. આ બાજુએ યમરાજના ચોપડામાં તેના હીસાબનું છપનમું પાનું ખોળવા માંડ્યું હોય છે. અને આ ભાઇસાહેબને તો તરૂણ સ્ત્રીની સંઘાથે પરણવાનું હોય છે. આવા સમયે કેવી ફજેતી ઉડે છે તે પુષ્કળ લોકના અનુભવમાં હશેજ મતલબકે સંસાર સંબંધી કામો અપુર્ણ રહી જાય છે અને વૃદ્ધાવસ્થાની છાયા પડે છે સર્વ લોક, તારૂણ્ય, સ્ત્રી અને પૈસા એનાજ લોભથી ઘસડાઇ જાય છે. એકંદરમાં બાલ્યદશા અને તારૂણ્ય આ બન્ને અવસ્થામાં પુરૂષ કેવળ સંસાર પદાર્થમાંજ ગર્ક થઇ જાય છે અને પોતાના જન્મનું સાર્થક કરવા વિષે વિચાર કરવાની તેને સવડ મળતી નથી. પરમાર્થ વિષે વિચાર કરવાનું કામ બહુ કરીને ઘરડપણ ઉપર ધકેલવાનો ચાલ હોય છે. વૃદ્ધ પુરૂષો પરમાર્થ માર્ગે લાગેલાની પુષ્કળ લોકોને ખબર હશે પણ તે પરમાર્થ એટલે ફક્ત કદી પુરાણ સાંભળવા માટે મંદીરોમાં જવું, કાશી યાત્રાદીક તીર્થ કરવાં એવો એક જુનો પ્રવાહ છે. તથા હાલમાં રવીવારે એકાદ સમાજમાં જવું વગેરે. પણ તેની સંસાર ઉપરની પ્રીતિ કાંઇ કમી થઇ હોય છેએમ નથી પરંતુ તેની આશા ઊત્તર વયમાં વધતી જાય છે એમ દખાય છે તેની આશા દિવસે દિવસે વધતી જાય છે તેથી તે આશા બંધ થઇને અંતકાળ પર્યંત એક સરખો સચીન્ત રહે છે. પરંતુ પરમાર્થ તરફ કાંઇ પણ લક્ષ આપતો નથી, સ્ત્રી. પુત્રાદીક, મરણ પામવાથી શોક કરે છે, પરંતુ પોતાના આયુષ્યનો નાશ થાય છે તે બદલ તે પોતે બીલકુલ વીચાર કરતો નથી, પરંતુ જ્યારે મરણની ઘડી પાસે આવે છે ત્યારેજ માત્ર યમયાતનાના આવતા દુઃખોને સંભારીને પોતે મનમાં ભયભીત થાય છે જે પ્રાણી ઉત્પન્ન થયો તેને મૃત્યુ છે આવો મૃત્યુનો ક્રમ છતાં આપડે શા માટે બીવું જોઇએ રામદાસ કવીએ એક ઠેકાણે કહ્યું છે કે શુક્રાચાર્ય સરખા યોગી, બ્રહ્મનિષ્ટ, વશિષ્ઠ, વામદેવ, વિશ્વામિત્ર સરખા તપોનીષ્ઠ વ્યાસ વાલમીક સરખા ત્રીકાલ જ્ઞાની ઈંદ્ર સરખા ચીરંજીવ એમને પણ ઉત્પતી સ્થિતિ અને લયના ફેરા લાગેલા છે. એટલા માટે, મનુષ્યે જન્માંતરમાં આવ્યાનું કાંઇ પણ સા

ધંક કરવું જોઇએ આહાર, નિદ્રા, મૈથુન ઇત્યાદી વ્યવહાર પશુ પ-
ક્ષીઓ પણ કરે છે. તેથી તે કૃત્યો મનુષ્યે.એ કરીને પોતાના કુટુંબ
નું પોષણ કર્યું તેમાં કાંઇ વધારે મોટાપણું નથી; સ્ત્રી, પુત્રાદીક પૈકી
કોઇ મરણ સમયે ઉપયોગી પડવાનાં નહી. જ્યાં સુધી પ્રાણી સં
સારમાં હોય છે તથા જ્યાં સુધી તેનો સારો ચાલતો કાળ હોય છે ત્યાં
સુધી તેનાં આપ્ત ઇત્યાદીકને લાભ થાય છે અને તેથી તેઓ તેના
ઉપર પ્રીતી કરે છે. અને તેઓ તેના મરણ સમયે પોતાના નુકશાન આ
ટેજ માત્ર તેઓ બધાં રડે છે, પરંતુ તે પુરૂષે સઘળા કુટુંબનું પોષણ
કરીને પોતાના આત્માનું કાંઇ એક કલ્યાણ કર્યું નહી તેને માટે તે-
ઓને કીંચીત પણ દુખ થતું નથી અંતકાલે દુખનો ભોકતા પ્રાણી
એકલોજ થાય છે. તે વખતે કોઇ ભાગ લેઇ શકતું નથી. મનુષ્યના
અંત સમયે નિતી અનિતીનો વિચાર નહી કરતાં ખોટું કુભાંડ રચીને
તથા લોકનાં ઘર મારીને એકઠું કરેલું દ્રવ્ય તેની તે જગોએ રહે
છે. હજારો રૂપીઆ ખરચીને સારી સુંદર બાંધેલી હવેલી જેની તે
જગોએ પડી રહે છે. સર્વ માલમતાની, તથા શરીરની કરી મુકેલી ધ
ણીયાણી જે અત્યંત પ્રીતિની ભાર્યા તે પણ માત્ર ઘરના આંગણા સુ-
ધી વળાવવા આવે છે. અને બંધુ, મીત્ર, ઇત્યાદી જન સ્મશાન સુધી
આવે છે, અને અનેક પૌષ્ટીક મિસ્ટાન્નોથી પુષ્ટ કરેલું તથા અનેક
સુગંધી દ્રવ્યોથી મર્દન કરીને સતેજ રાખેલો પોતાનો દેહ તેની સ્મ-
શાનમાં ચિતા થાય છે. પરંતુ પોતાના પાપ પુણ્યનું રૂપ જે સુખ
દુખ તે ભોગવવા માટે જીવ એકલાનેજ માત્ર એકલા આગળ જવું પ
ડે છે. સારાંશ, મનુષ્યે પોતાના આયુષ્યના સર્વ દીવસ કેવળ સંસા
રના ભરણપોષણમાંજ ગાળવા એ બરોબર નથી. બાળપણ તારૂણ્ય
વૃદ્ધપણું આ ત્રણે અવસ્થાઓ જો પ્રપંચનીજ ખટપટમાં ગા-
ળવામાં આવે તો પછી આત્મકલ્યાણ કરવાનો વખત કયો બાકી ર-
હ્યો. આત્મ વીચાર કરવામાં સંસારનો ત્યાગ કરીને ભેખ લગાવીને
જંગલમાં જઇ વસવું જોઇએ એમ નથી. સંસારમાં રહીનેજ આત્મક

ધ્યાણ તરફ લક્ષ આપવું જોઇએ. આજ પેટ ભરાણું કાલે કેમ ભરાશે, સ્ત્રી કેવી મળશે, છોકરો ક્યારે થશે, સંસાર કેમ ચાલશે તથા પોતાના મરણ પછી છોકરાં છૈયાનું રક્ષણ કેમ થશ, ઈત્યાદીકનાજ વિચારમાં આયુશ્ય ગાળવું એ અપમાનનું કારણ છે. કારણ જે બાબતો પોતાના હાથમાં નથી, જે થવાનું તે જતે વખતે બનવાનુંજ તો તે બદલ હંમેશાં વીચાર ક્યો કરવામાં શો ફાયદો. આ સંસારમાં મનુષ્યના અતી મીતીના પદાર્થ સ્ત્રી પુત્ર તથા ધન એ છે. વખતે બીજા સર્વ પદાર્થનો નાશ થએ પરવડે પણ આ ત્રણ પદાર્થનો નાશ થવે પરવડે નહીં. રાત દીવસ આપડા મનમાં એજ વિષયો ઘોળાયા કરેછે અને એ વિષયો સિવાય આપડું મન કોઇ દીવસ પણ વેગળું રેહતુ નથી એમ છતાં પણ કેટલીક ભગવત ભકતોએ પોતાના સંસારની કાંઇ પરવા રાખી નથી. સ્ત્રી, ધન, તથા પુત્ર એમની તેઓએ પરવા રાખી નથી એટલુંજ નહીં પરંતુ તેનાથીં અધીક પ્રીય પોતાનો જે જીવ એની પણ તેઓને ઓછી પરવા હતી, ફક્ત પ્રીયમાં પ્રીય તે ઈશ્વરજ એજ જે જન્મનું સાર્થક તે તેઓએ કર્યુ છે અને આ જન્મ મરણના ફેરામાંથી છુટયા છે સંસારના વિષય (પદાર્થ) ખોટા છે તેમના તરફજ પોતાનું મન લાગવાથી ઇશ્વર તરફ મન ઓછું લાગે છે પરોપકાર કરવો એ પુણ્ય અને પરપીડા કરવી એ પાપ છે. પીપા ભગતે કહ્યું છે કે પાપ નહીં કરવું એજ પુણ્ય છે. એ પ્રમાણે પરોપકાર કરવો તથા સંસારમાં ખરે વખતે બીજાને ઉપયોગી પડવું એ મનુષ્યના જન્મના સાર્થકનો મોટો ભાગ છે. એક વખતે મોટો દુષ્કાળ પડવાથી મનુષ્યો પટોપટ મરવા લાગ્યા તે વખતે દુષ્કાળ પીડીત લોક બેદર બાદશાહના કારભારી દામાજી પંત કરીને ઇશ્વર ભકત હતા તેની પાસે આવીને તેઓએ અન્નની યાચના કરી તે વખતે દામાજી પંતે આખો કોઠાર લુંટાવી દીધો હતો એવી દંતકથા છે. કબીર એક મુસલેમાન છતાં રામ ભક્ત હતો તેથી કરીને તેનું મન રામાકાર થયું હતું તેથી તેને સબાહ્યભ્યન્તર રામ દીસતા હતા. એ પ્રમાણે ભજન કરવાથી તેના મનની સ્થીતી થઈ હતી ઈશ્વરનું ધ્યાન કરતી વ

અને સંસાર પદાર્થ બીલકુલ મનમાં નહીં આવતાં એક દેવજ ધ્યાન-માં આવે તથા સતત તેલની ધાર પ્રમાણે મન દેવાકાર થાય તેનું નામ ધ્યાન. સગુણોપાસનાથી મનુષ્યની પ્રીતી ઈશ્વર ઉપર ઉત્પન્ન થ-ઇને નિષ્ઠા બેસે છે તથા તેનું મન સમાધાન પામે છે.

પરંતુ કોઇ વખતે કેટલાકના મુખમાંથી એવાં વચન પણ સાંભળવામાં આવે છે કે મુર્તી પુજા વેદાંતમાં નથી પરંતુ એ વચન ખોટાં છે કારણ તેમાં ઇશ્વર આધીષ્ટાનરૂપે રહેલ છે ઘણી બારીકાઇથી શોધ કરીને જોઇએ તો જણાશે કે પ્રાચીનકાલથીજ પૃથ્વિ ઉપ-રના સર્વ દેશોમાં મુર્તીપુજક લોક હતા અને ત્યાં બધે એ મુર્તી પુજક લોકોનો વેદ ધર્મજ ચાલુ હતો. બ્રહ્મદેશ, સિંહલદ્વીપ, ચીન જાપાન, ટીબેટ, ઇત્યાદી પ્રદેશો જેમાં બૌધ ધર્મ ચાલવાનું જણાય છે તેનો આદિ પુરૂષ જે બુદ્ધ તે આપણા દેશમાં ગૌતમ ગોત્રમાંના વૈદીક ધ-ર્મીય માતા પીતાના પેટે જન્મેલો હતો. શ્રી કૃષ્ણ એ મનુષ્ય કરતાં કેવળ ભકત કાર્યાર્થેજ મનુષ્ય શરીર ધારણ કરીને સર્વ શકતીમાન અને સર્વ ફળ જે ઇશ્વર તેજ આ જગતમાં પ્રગટ થયા હતા તેમણે પોતાનું અંગ એટલું મોટું ફુલાવ્યું કે કાલીઆ સર્પના અંગમાંથી સર્વે વિગલીત થઇને મુર્છીત પડયો. તે વખતે તેની સ્ત્રીયોની, શ્રી કૃ-ષ્ણને ઘણી દયા આવી અને તેઓએ શ્રી કૃષ્ણની પ્રાર્થના કરી કે હે સર્વ શકતીમાન પરમેશ્વર તું અમારા પતીનું રક્ષણ કરીને અમને ચુડાદાન આપ તે તેમની વીનતી સાંભળીને કૃષ્ણને દયા આવી. ને કાલીયાને જીવદાન આપ્યું તથા તેને કહ્યું કે હવેથી તારે અહીં રહેવું ન-હીં. એમ આજ્ઞા કરી પણ કાળીયો હાથ જોડીને બોલ્યો કે ગરૂડના ભયથી આ નદીમાં સંતાઇ રહયો છું હું હવે કયાં જાઉં જ્યાં જઇશ ત્યાંથી મને તે મારશે તે ઉપરથી શ્રીકૃષ્ણે તેને આજ્ઞા કરી કે તું અમરકદ્વીપમાં જા ત્યાં ગરૂડ આવી શકશે નહીં કારણ ત્યાં ઘણા ઋષિઓ રહે છે તેમનો ગરૂડને શ્રાપ છે તેથી તે ત્યાં આવી શકશે નહીં. ત્યાં એટલે અમરક દ્વીપમાં ઘણા ઋષિયો રહે છે. પછી કાળીયો સર્પ શ્રી

કૃષ્ણને વંદન કરીને જમનાં નદીમાંથી નીકળી અમરક દીપમાં જઈ
મ બાજુએ એક અખાતમાં પોતાનું રેહાણુ કરીને રહ્યો. ને કાળીયા
ના નામ ઉપરથી તે અખાતને 'ગલ્ફ ઓફ કાલીફોર્નીયા' કહે છે. અ-
મરક આ શબ્દાનો અપભ્રંશ થઈને તેને હાલ અમેરીકા એમ કહે છે
એમ લાગે છે, એ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે પ્રાચીન કાળમાં ત્યાં
હિંદુ ધર્મીય લોક હતા.

ગોકુળની ગોપીચોનો ઇશ્વર ઉપર એટલો બધો પ્રેમ હતો કે તે
મની ચીત્ત વૃત્તિઓ કૃષ્ણરૂપ થઈ ગઇ હતી તેમને કામ ધંધામાં વાર
વાર કૃષ્ણ દેખાતો હતો, દળતાં લીપતાં, ગાયો દોહતાં વારંવાર તેમ
નાં મન કૃષ્ણરૂપ થતાં હતાં. તેથી તેમનાથી પોતાનાં કામ પણ જલ-
દી થઇ શકતાં નહીં હતાં. સ્વપ્નામાં મનુષ્ય બીજાની સાથે બોલે છે,
હસે છે, તે પ્રમાણે તે ગોપીઓ જાગ્રતીમાં બોલતી અને હસતી અને
તેમને પોતાનાં છૈયાં, છોકરા, પતી, સંસાર ઇત્યાદિક કાંઈ નહીં દેખાતાં
તેમને એક કૃષ્ણજ વારંવાર દ્રષ્ટીએ પડતો. આ પ્રમાણે થવું એ અ-
તિ અભ્યાસનું ફુલ છે. એવી મનની સ્થીતીઓ અતિ પ્રીતિથી, અથવા
અતિ ભયથી અગર અતિ દ્વેષથી થાય છે, ગોપીઓને અતિ પ્રીતિને
લીધે સઘળા કામ ધંધામાં શ્રીકૃષ્ણ દેખાતો હતો. કંસને અતિભયને લી
ધે, જળે સ્થળે, પાષાણોમાં કૃષ્ણ દેખાતો હતો તથા રાવણને અતિ
દ્વેષને લીધે જ્યાં ત્યાં રામ દેખાતો હતો. સારાંશ જ્યાં સુધી આપણને
મનુષ્ય દેહ છે. તથા અનુભવ જ્ઞાન પ્રાપ્ત થયું છે ત્યાં સુધી આપડે
આવ્યા કયાંથી જવાના કયાં, તથા આપડે કોણ છીએ- તેનો વીચાર
કરવાનાં સાધન છે. મનુષ્ય દેહમાં એ બાબતનો આપણને વી-
ચાર કરવાની સમજ છે. તે તે વખતમાં આપણે સમજી નહીં
લઇએતો પછી જો આગળ આપણને પશું પક્ષઆદિકોની યોનીઓ
ફરવી પડવાની હોય તો આપડે બળદ અવતર્યા પછી ગાડીચો ખેંચવી
જ પડવાની. એકવાર એ દેહમાંનું જ્ઞાન જે કામધેનુ રૂપ છે તે હાથ-
માંથી ગંઇ એટલેસર્વ ખોયું એટલા માટે મનુષ્યોએ સંસારમાંની કોઇ

સઘળુ બાબત ઉપર પોતાના સુખદુ:ખાથે અવલંબીને રહેવું નહીં અ-
ગર તેના ભરોસો કરવો નહીં, એટલે ઐશ્વર્ય પ્રાપ્ત થતાં સંતોષ અથ-
વા તે ગયાનું દુખ મનમાં નહીં આણતાં સદા શાંત વૃતિથી રહીને
ઈશ્વરની નિર્મળ અંતઃકરણથી સેવા કરવી. જ્યાં સુધી આ શરીર નિ-
રોગી છે જ્યાં સુધીમાં વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઈ નથી ઈંદ્રિયોની શક્તી કમી
થઈ નથી તથા આયુષ્ય પુરૂ થયુ નથી ત્યાં સુધીમાં મનુષ્યે પોતાના
જન્મનું સાર્થક કરવાનો યત્ન કરવો. અગર નહી તો આગ લાગે કુવો
ખોદવાનો યત્ન જેમ નિષ્ફળ થાય છે તેમ પછી છેલી અવસ્થામાં સર્વ
યત્ન નિષ્ફળ જશે.

આ લોકમાં પ્રિતીથી વર્તન કરીને પરમાર્થ સાધવો સર્વ જાતના.
લોકોથી પ્રીતીથી આચરણ કરવું, દુરાભીમાન છોડીને સત્તાનો સ્વીકાર
કરવો, દીન તથા ગરીબ લોકો પર દયા કરીને તેમનાથી નમ્રતાથી વર્તવું
તેમને બને તેટલી દ્રવ્ય દ્વારા શરીર દ્વારા કિંવા જ્ઞાન દ્વારા મદત કરવી
તેઓ આ લોકમાં નિકૃષ્ટાવસ્થામાં હોય છે તેથી તેમનો ધીક્કાર કરવો
નહીં એવી ઈત્યાદીક વાતો મનુષ્યે સત્કર્મથી આયુષ્ય ગાળવું એ ખરૂં
જન્મનું સાર્થકછે, વિદ્યા વૈભવ અધીકાર વૈભવ સંપતી વૈભવ ઈત્યાદી
પ્રાપ્ત થયાં એટલે જંન્મનું સાર્થક થયું એમ બહુ લોક સમજે છે. પરં-
તુ ખરૂ જોઈએ તો સઘળું આયુષ્ય ઈશ્વર સેવામાં ગાળવું તથા સર્વ પ-
દાર્થને તુચ્છ માનીને તે સર્વ સુખનો સંગ્રહ જે પરમેશ્વર તેના પ્રત્યે
આપણી સર્વ ચિત્ત વૃત્તિ સ્થાપન કરવી એટલે તે સર્વ વૃત્તિને વિષયને
ને એક ઈશ્વરનેજ એમ કરીને દેહાંતે તેમનો લય ઈશ્વર સ્વરૂપમાં કર-
વો એજ મનુષ્ય જન્મનું ખરૂ સારથક છે.

# યોગ અને સમાધિ.

न निन्दा निंद निन्दन्तु प्रवर्तते अपि तु विधेय स्तोतुम् ।

જે એક બીજાના મતમાં એક બીજાની નિંદા જોવામાં આવે છે તેનું તાત્પર્ય અન્યના મતનું ખંડન કરવામાં નથી પણ પોતાનો જે વિધેય વિષય-પ્રસંગ પતિત વાર્તા-તેની સ્તુતિ કરવામાંજ વિશેષ તાત્પર્ય રહેલું છે માટે સાધકે શંકા નિવૃત્ત થયી તથા બદ્ધપરિકર થયી પ્રમાદાલસ્યનો તિરસ્કાર કરી અન્ય ક્રિયાઓનો પરિત્યાગ કરી પરમ પુરૂષાર્થ રૂપ જે યોગ છે તેને પ્રાપ્ત કરવા સતત સાવધાન થઇ પ્રયત્ન કરવો ઉચીત છે.

પરમ મહાન વિશ્વસ્રષ્ટાજ વિધાતા ( બ્રહ્મા ) એ, પણ આ યોગરૂપ મહા વિદ્યાને સેવેલી છે તેથી યોગ માર્ગના પ્રવર્તક વા યોગ વિદ્યાના વકતા અર્વાચીન થયેલા છે અથવા પતંજલિ મુનિજ પ્રથમ છે એમ કાંઇ નથી એ વિષે યોગી યાજ્ઞવલકયે કહ્યું છે કે ( हिरण्य गर्भो योगस्य नान्यो वकता पुरातनः ) ( યોગ વિદ્યાનો પુરાતન વકતા અન્ય - કોઇ નહિ પણ બ્રહ્માજ યોગના ચિરંતન વકતા છે, વકતુત્વ માન સુવ્યાપાર પુર્વક થાય છે; માટે મનમાં જે ઇષ્ઠ વસ્તુ પર અત્યંત પ્રીતી હોય તેનુંજ કથન વિશેષ કરાય છે અન્યને પણ તેજ બતાવાય છે. શ્રુતિ પણ એમજ કહે છે કે ( यन्मनसा ध्यायाति तद्वाचा वदति. ( મન જેનું ધ્યાન કરે છે તેને વાણી વદે છે ) માટે શ્રી પાર્વતીએ શ્રી શંકરપાસે ગુહ્યતમા ગુહ્ય વસ્તુની યાચના કરતાં શ્રી શંકરે પોતાને ઇષ્ટ જે યોગ વિષય તેનોજ ઉપદેશ કર્યો છે વળી સુરાસુરે એકઠા થઇ જ્યારે સમુદ્ર મથન કર્યું ત્યારે જે ત્રૈલોકને નાશ કરનારૂં હલા હલ વિષ નીકળ્યું તેને પોતે શ્રી સદા શિવે સર્વના ઉપર દયા કરી પોતાની મહાયોગ શકિતવડે પ્રાણા પાનની સંધિમાં પવનને સ્થિર કરી કંઠમાં વિષને ધારણ કર્યું જે નીલકંઠ શીતકંઠ એવા નામોથી મોટા મોટા દેવો વડે સ્તવન કરાય છે એ શાસ્ત્રોમાં પણ પ્રસિદ્ધ છે માટે શ્રી સદાશિવતો પ્રસિદ્ધ યોગી છેજ વળી પોતાને પ્રિય એ યોગ વિદ્યાનોજ ઉપદેશ શ્રી કૃષ્ણ ભગવાન પણ પોતાના અનન્ય ભકત ઉદ્ધવાદિકને કરેલો છે માટે આ મહા વિદ્યા સર્વોત્તમ દેવતાઓ કે જેમને આપણે ઇશ્વર કોટીમાં માનીએ છીએ, એવા શ્રી બ્રહ્મા શ્રી વિષ્ણુ અને શ્રી શંકર એઓવડે પણ સેવાયેલી છે તથા શેષ નારાયણ

સનતકુમાર નારદ, વશિષ્ટ, વિશ્વામિત્ર પરાશર અગસ્ત્ય અત્રિ માર્કંડેય, અગ્નન દત્તાત્રેય પ્રભૃતિ મહર્ષિઓએ પણ એ યોગ વિદ્યા ઉપાસેલી છે.તેમજ સાંપ્રતકાળમાં પણ મત્સ્યેંદ્રનાથ, ગોરક્ષ, જાલંધર, મંથાન, ભર્તૃહરિ, ગોપીચંદ, આદિ સિધ્ધોએ યોગ વિદ્યાનું ઉપાસન કરેલું છે વળી બીજા સઘળા મત તથા ધર્મવાળાઓએ પણ યોગ વિદ્યાને માન્ય પુર્વક ગ્રહણ કરી છે જેમકે જૈન બૌધ, કાપાલિક, વૈશેષિક નૈયાયિક સાંખ્ય,શૈવ વૈષ્ણવ શાક્ત વગેરે પણ યોગને માને છે કદાપી તેમના મતમાં પ્રમેય પદાર્થ ભિન્ન ભિન્ન દર્શાવ્યા હશે પરંતુ યમનિયમાસનરૂપ અષ્ટાંગ યોગને એકજ પ્રકારનો માન્યો છે. વળી આધુનિક સમયમાં એ પરમતત્વરૂપ મહા વિદ્યાને પ્રીતિ પુર્વક તત્વ ગ્રહણાર્થે ઉદ્યુક્ત રહેનાર પ્રાશ્ચિમાત્યોએ પણ માન્યપુર્વક વખાણી સ્વીકારી છે એ સર્વત્ર પ્રસિદ્ધ છે ભાગવત વગેરે કેટલાંક પુરાણોમાં તથા વૈષ્ણવ, શૈવ, શાક્ત વગેરે ધર્મમાં જે ભગવાનના સગુણ સ્વરૂપનું ધ્યાન બતાવ્યું છે તથા પોતાના ઇસ્ટદેવકે ગુરૂની મૂર્તિનું ધ્યાન અથવા માનસિક પૂજા વગેરે દર્શાવેલાં છે તે સઘળા ઉપાય એ યોગમાં પ્રવર્તાવવા રારૂપ પ્રથમ ચિત સ્થિતિને માટે દર્શાવાયેલા છે તે અને યોગ શાસ્ત્ર પ્રમાણ છે **यथाभिमत ध्यानाद्वा** ( અથવા અભિમત દેવના ધ્યાનથી ચિત સ્થિર થાય છે; )એમ શ્રી પાતંજલ સુત્રના પ્રથમ પાદમાં કહ્યું છે માટે સર્વ માન્ય યોગનું ઉત્સાહ પુર્વક અનુમાન કરવું એજ મુમુક્ષુનું કર્તવ્ય છે— . .

સાધકને કદાપિ અભ્યાસ કરતા છતાં પણ યોગ સિદ્ધ ન થયો હોય અથવા યોગ અપકવ છતો પણ જો દૈવ વશાત્ મૃત્યુ પ્રાપ્ત થાય તો પણ તે અભ્યાસીનો કરેલો શ્રમ મિથ્યા જતો નથી એતો ભાવી જન્મમાં પણ પૂર્વ જન્મની વાસાનાનુસાર બુદ્ધિમાં પ્રેરણા થાય છે જેથી પુર્વાભ્યાસ અપૂર્ણ યોગને પુર્ણ કરી તે સાધક પ્રાપ્તવ્ય સ્થાનનેજ પામે છે શ્રીગીતામાં પણ આ ભાવ પ્રતીત થાય છે.

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥
प्राप्य पुण्यकृतॉंल्लोकानुषित्वा शाश्वतीः समाः।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥
अथवा योगिनामेव कुले भवति धीमताम् ।

एतादि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनंदन ॥
पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥
प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥

અર્થ—હે પાર્થ તે યોગથી ભ્રષ્ટ થયેલા પુરૂષનો આલોક તથા પરલોકમાં કદાપિ નાસ થતો નથી કેમકે હે તાવ સુભ કર્મ કત કોઇ પણ દુર્ગતીને પામતો નથી તે યોગ ભ્રષ્ટ પુરૂષતો સુકત કર્મ કરનારના લોકોને ત્યાં દીર્ઘ સમય સુધી રહીને પછી પવિત્ર અને શ્રીમાનના ગૃહમાં જન્મે છે અથવા ધીમાન યોગ વેત્તા પુરૂષના કુલમાં ઉત્પન્ન થાય છે જે આવા પ્રકારનો જન્મ લોકોમાં દુર્લભતર મનાય છે પૌર્વદેહિત બુદ્ધિ સંયોગને પામે છે અને ત્યાર પછી હે કુરૂનંદન ત્યાં પુનઃ યોગની સંસિધિ • ૨.૨ યત્ન કરે છે. ત્યા અતિશય પ્રયત્ન નહિ કરતાં છતાં પણ પુર્વના અભ્યાસને લીધે ખેંચાય છે અર્થાત અલ્પ પ્રયાસે અધિક સાધ્ય થાય છે નિશ્ચય યોગ જિજ્ઞાસુ વેદમાં કહેલાં કર્માનુષ્ઠાનના ફલને પણ ઉલ્લંઘી જાય છે. જે યોગી પ્રયત્ન વડે યત્ન કરે છે જે કિલ્વેરથી શુદ્ધ થયેલો છે અને અનેક જન્મના પુણ્ય કર્મ વડે જેનો છેલ્લો જન્મ પ્રાપ્ત થયો છે એવો એ યોગી ત્યાર પછી પરમ ગતિને પામે છે.

માટે જેટ જેટલો યત્ન યોગા અભ્યાસમાં થાય તેટ તેટલો અવશ્ય કરવોજ. અભ્યાસ કરતાં કરતાં અવસાન પ્રાપ્ત થાય તો પણ તેમાં આશકિત રહેવાથી ભાવી જન્મમાં સાધન સહીત તે વસ્તુ પ્રાપ્ત થવાનો માર્ગ બુદ્ધિ સંયોગથીજ લબ્ધ થાય છે એજ ભાવ ને સ્પષ્ટ કરવા શ્રી યજુર્વેદના બૃહદારણ્યકની શ્રુતિ કહે છે ‘ तदेव सक्तः सह कर्मणैति लिंगं मनो यत्र निषक्तमस्य ’ (અંત કાળમાં જે પુરૂષનું મન જે વસ્તુમાં આશકત હોય છે તેજ વસ્તુ સહિત તે અપ જન્મમાં પ્રાપ્ત થાય છે)

બહુશા મનુષ્યને દૃષ્ટ• તથા અનુભવેલા વિષય વસ્તુનુ સ્મરણ ધ્યાન જેવું સંભવે છે તેવું અદૃષ્ટ તથા નહિ અનુભવેલાનું સંભવતુ નથી માટે યોગી ને યોગાભ્યાસ• વડે સ્વરૂપ સાક્ષાત્કારનુભવ થયેલ હોવાથી તેને

વૃત્તિઓ પણ અખંડ પ્રવાહે સ્વરૂપા ભિમુખ હોવાથી આત્મ સ્મરણ ધ્યાન પરાયણ નિરન્તર રહે છે તેથી તે યોગી પ્રારબ્ધ પ્રેરણા વડે બાહ્ય વ્યવહાર કરતો છતાં પોતાના બ્રહ્મ સ્વરૂપના નિશ્ચયથી ક્ષણ પણ ચુકતો નથી કોની પેઠે કે—

पुंखानुपुंखविषयेक्षणतत्परोऽपि
ब्रह्मैव लोकधीषणं न जहाति योगी ।
संगीततालपरिनृत्यवशंगतापि
मौलिस्थकुंभ परिरक्षणधी र्नटीव ॥

ટીકા:—જેમ ધનુર્વિદ્યામાં નિપુણ યુધ્ધના પ્રસંગને પામેલો વિર પુરૂષ બાણ મુકવાના સમયે પુંખાનું પુંખ ( બાણનો અગ્ર અને પૃષ્ટ ભાગ ) જોવાની ક્રિયામાં તત્પર છતાં પણ પોતાના વેધ્ધ્ય લક્ષને ચુકતો નથી તેમ યોગ સિધ્ધી વડે જેણે નિઃસદેહ જગતને બ્રહ્મરૂપ તથા સ્વસ્વરૂપની નામ રૂપના અધિષ્ઠાનરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપને યથાર્થ જાણેલું છે એવો યોગી પ્રારબ્ધાનુસારે લૌકિક વ્યવહારમાં તત્પર છતાં પણ પોતાના બ્રહ્મ સ્વરૂપ નિશ્ચયનો પરિત્યાગ કરતો નથી; કોની પેઠે કે જેમ નટી, સંગીત તાલ અને નૃત્યને વશ થએલી છતાં પણ સ્વશરિરસ્થ કુંભના પરિરક્ષણ રૂપ નિશ્ચયથી ચૂકતી નથી તેમ યોગી પણ બાહ્ય વ્યવહારમાં નાનાવિધ ક્રિયાપરાયણ દેખાતો છતાં હું કુટસ્થ, નિર્લેપ અને સાક્ષીરૂપછું એ દૃઢ નિશ્ચયથી પ્રચલિત થતો નથી,

જે પુરૂષને યોગ વડે સ્વરૂપ સાક્ષાત્કારદ્વારા યથાર્થ અપરોક્ષ બોધ થયો છે તથા સમાધિમાં વાણી વડે અવર્ણ્ય એવા અપરિમિત સ્વરૂપાનંદ સુખને જેણે અનુભવેલું છે તે પુરૂષ સંસારમાં પ્રાકૃત જનોથી સુખરૂપ મનાયેલાં લૌકિક વિષયસુખને અંતરમાં અસુબ્ધ રહેતાં, દુરથીજ ક્ષુલ્લક, નિરસ અને દુઃખરૂપ જાણી, તેને મેળવવાનો પ્રયત્ન નહિ કરતાં પોતાના અખંડ સ્વરૂપાનંદના સુખમાંજ નિત્ય તૃપ્ત રહે છે. પ્રારબ્ધવશાત્ અનાયાસ પ્રાપ્ત થતા ભોગોને આસક્તિ રહિત ભોગપ્રદ કર્મના ક્ષયનેજ અર્થે, અન્ય પુરૂષોનાથી વિલક્ષણ રીતિએ ભોગવે છે. આવો સંયમી, બહિર્વ્યવહારની ચેષ્ટામાં ગુથાયેલો દેખાતાં છતાં પણ તેની વૃત્તિઓ નિમેષમાત્ર સ્વરૂપ વિમુખ ન થતાં, નિરંતર સ્વરૂપાનંદમાંજ સલગ્ન રહે છે મહામુનિ શ્રીવસિષ્ઠજીએ પણ આ ભાવને સ્પષ્ટ કરતાં કહ્યુંછે કે:—

परव्यसनिनी नारी व्यग्रापि गृहकर्मणि ।
तदेवास्वादयत्यन्तः परसंगरसायनं ॥
एवं तत्वे परे शुद्धे धीरो विश्रांति मागतः।
तदेवा स्वादयत्यन्त र्बहिर्व्यवहरन्नपि ॥

ટીકાઃ—પરપુરૂષના વ્યસનવાળી વ્યભિચારિણી સ્ત્રી ઘરના કામમાં લા
ગેલી છતાં પણ અંતરમાં પરપુરૂષના સંગરૂપી રસનેજ અનુભવે છે તેમ
પરમાત્મ સ્વરૂપમાં વિશ્રાંતિ પામેલો ધીર પુરૂષ, બાહ્ય વ્યવહારમાં તત્પર
છતાં પણ અંતરમાં તો તે પરમતત્વનોજ અનુભવ કરે છે.

અર્ધ નિદ્રામાંથી ઉત્થાન પામેલો પુરૂષ જેમ અન્ય ક્રિયાને ન ઇચ્છ
તાં પુનઃ શયનજ ઇચ્છે છે તેમ સમાધિવડે એકજ વાર અનુભવેલા સ્વ
રૂપાનંદને યોગી અન્ય વિષયસુખોની સ્પૃહા ન કરતાં પુનઃ પુનઃ ઇચ્છે છે
અને વૃત્તિયો પણ સહજ જ સ્વરૂપાભિમુખ રહ્યા કરે છે; જેથી તેને વૃ-
ત્તિઓ સ્વરૂપાનુસંધાનમાં રાખવા પ્રયત્ન કરવો પડતો નથી. આવા યોગનું
બ્રહ્માસ્મિપણું કદાપિ નિમેષ માત્ર પણ વિસ્મરણ થતું નથી. ઉત્ક્રાંતિકાળે
પણ તે યોગીનું ચિત્ત વ્યગ્ર ન થતાં, પોતાના પ્રિયતર આત્મતત્વના અનુસં
ધાનમાં જ તત્પર રહી, જીવન્મુક્તત્વના અવધિને પામી વિદેહ મુક્ત થાય
છે. જે યોગીએ ધ્યાનવડે પોતાના ધ્યેય સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કર્યો છે
તેને અવસાન પ્રાપ્ત થયે પણ અંતરમાં અન્ય બાધક વૃત્તિયો ઉદ્ભવતી
નથી; અને કેવલ સ્વરૂપાકાર તન્મય જ વૃત્તિઓ રહેવાથી પરમ નિર્વાણ
પદ પામે છે. પણ યોગહિન પુરૂષને તેમ થતું નથી કારણ કે તે યોગવિ-
હિન પુરૂષને તો યાવત્પર્યંત શરીરની સ્વાસ્થતા હોય, તાવત્પર્યંતજ અહં-
બ્રહ્મ વદવાનું સામર્થ્ય હોયછે; પણ મૃત્યુસમય સમીપ આવતાં તો અવસા
નની અસહ્ય વેદનાવડે મુર્છિત થવાતાં, ચિત્તવૃત્તિઓ જડતાને અનુભવેછે;
વા તત્કાલ અન્ય પદાર્થાકાર બની જાયછે; કે ક્યાં તો આધિક મિથ્યા પદાર્થ
માં આસક્ત થઇ જવાથી જન્માંતરના કારણ રૂપ બનેછે; પણ બ્રહ્માસ્મિ
બોલવા કે વાક્યાર્થ વિચારવાનો એ મહાદુઃખના સમયમાં સંભવ રહેતો નથી.
અયોગીને યથાર્થ પ્રમેયમાં નિસ્સંશય થયેલો હોતો નથી, તેથી પરમપદનો
માર્ગ અગમ્ય હોય છે; અને યોગયુક્ત મનુષ્યને તો પ્રમેય વસ્તુવિષે ગત-
સંશય પણું તથા ગમ્ય માર્ગ હોવાથી, તેને અહંબ્રહ્મ એ સ્મૃતિ સંભવે
છે; માટે તેને દુર્ગતિનો પરિણામ આવતો નથી, તે યોગ રહિત પુરૂષને

તો અંત કાલે વૃત્તિઓ બ્રહ્મમાં આશક્ત તથા અક્રિય રહે છે એનો અનુભવ રહે છે; કારણ કે મૃત્યુસમયની અનંત વિંછીની વેદનામાં એ બ્રહ્મ વિચાર સ્થિર રહેતો નથી એ વિષે શ્રીશંકરે પાર્વતીપ્રતિ કહ્યું છે કે:—

पिपीलिका यदा लग्ना देहे ध्यानाद्विमुच्यते ।
असौ किं वृश्चिकैर्दष्टो देहान्ते वा कथं स्मरेत् ॥

ટીકા:—હે શિવે ! જ્યારે યોગહિન પુરૂષના શરીરમાં માત્ર કીડીનોજ સ્પર્શ થાય છે, તો ત્વરિત ધ્યાનથી વ્યુત્થાન પામે છે; તો દેહાન્તકાલે કે જે સમયે અનેક વૃશ્ચિકોના દંશસમાન વ્યથાને પામેશે જ્ઞાની કેવી રીતે અહંબ્રહ્મ એમ સ્મરણ કરી શકે ? નજ કરી શકે

પોપટ, ઇશ્વરનામોચ્ચારણ, અનુભવી વાક્યો, તથા કેટલાંક શિક્ષાવચનો અને મહાવાક્યો વગેરે પાઠિત વચનોને ક્યાં સુધી બોલી શકે ? કે જ્યાંસુધી તેની દૃષ્ટિએ માંજાર પડ્યો નથી; પણ જ્યારે માંજારનું દર્શન થાય છે કે તત્કાલ ઉપરનાં સુલભતાથી બોલી શકાય એવાં બોધક વચનોને ભૂલી સ્વભાવા ( ટેં ટેં )નોજ ઉચ્ચાર કરવા મંડે છે. તેમ વાચિક જ્ઞાની પણ જ્યાં સુધી શરીરની આ યોગ્યતા હોય છે; ત્યાં સુધીજ વાર્તાલાપ કરી શકે છે; પરંતુ દુ:ખનો સમય પ્રાપ્ત થતાં તો હરે ! હરે ! એવા ભગવન્નામવાચક શબ્દના ઉચ્ચારને બદલે વિકલ થઇ અરે ! અરે ! એવા નિરર્થક શબ્દ ઉચ્ચારણ કરે છે ! તો જ્ઞાનની વાતજ શી ? આ અયોગીને માટે છે, યોગીને તેમ થતું નથી કારણ કે યોગીને તો સ્વેચ્છામૃત્યુ થાય છે, તેથી તેને તો બ્રહ્મવિચાર અને સ્વરૂપ સ્મરણ સંભવે છે ઉદ્દાલક, વીતહવ્ય, શુકદેવ વગેરેને સ્વેચ્છાનુસાર શરીરનો પરિત્યાગ કરવાથી મોક્ષપદની પ્રાપ્તિ શાસ્ત્રોમાં કથન કરી છે શ્રીયજુર્વેદની કઠ ઉપનિષદમાં પણ કહ્યું છે કે:—

शतंचैका च हृदयस्य नाड्यस्तासां मूर्द्धानमभिनिःसृतैका ।
तयोर्ध्वमायन्नमृतत्वमेति विष्वङ्ङन्या उत्क्रमणे भवन्ति ॥

ભાવાર્થ:—હૃદયની એકસોનેએક મુખ્ય નાડીઓ છે: તેમાં પણ સુષુમ્ણા નામની એક નાડી મસ્તકમાં બ્રહ્મરંધ્રપર્યંત ગયેલી છે; તે નાડીદ્વારા જે પુરૂષ બ્રહ્મરંધ્ર ભેદન કરી પ્રાણનો પરિત્યાગ કરે છે, તેજ મોક્ષ પામે છે; અને જે પુરૂષનો પ્રાણ મુખ નાસિકા વગેરે દ્વારોથી નિર્ગમન થાય છે

તે મનુષ્યાદિ લોકને; તથા અન્ય અધમ ઇંદ્રિયોહાસ જે પ્રાણુ નિર્મુક્ત થાય છે તે સર્વ પશુ વિગેરેને નીચા અવતારો તથા નરક આદિની ગતિને પામે છે, માટે અવશ્ય મોક્ષપ્રાપ્તિમાં યોગની આવશ્યકતા છે.

આગળ જે જ્ઞાન વડે મોક્ષ થાય છે, એમ જે શ્રુતિઓ તથા અન્ય શાસ્ત્ર વચનો કહે છે, તે વસ્તુતાએ સત્ય છે; અને મોક્ષ થવામાં જ્ઞાનજ હેતુરૂપ છે. પણ તે જ્ઞાન પરોક્ષ નહિ અપરોક્ષ સમજવું અને એ યથાર્થ અપરોક્ષ જ્ઞાન થવામાં યોગ એ હેતુરૂપ છે; માટે યોગાભ્યાસ કરવા સાધકે સતત સાવધાન થવું જોઇએ. જ્ઞાનનો અર્થ પણ યોગવડે જે સ્વરૂપને ઓળખવું—જાણવું—એજ છે. પણ કોઇ વાક્યો ઉચ્ચારવા, કે તેના શબ્દાર્થથીજ માત્ર વાણીવિનોદ કરવો, તેનું નામ જ્ઞાન નથી. મોક્ષ કથન કરનારી શ્રુતિઓનો સંદર્ભ પણ જ્ઞાન એટલે યોગવડે જે સ્વરૂપસાક્ષાત્કાર થાય છે તે એમ સુચવેછે માટે તેવા જ્ઞાનનેસારૂ યોગસંપાદન કરવો. યોગનો અર્થ આ પ્રમાણે છે:—

युजू समाधौ ( યુજ ધાતુ, સમાધિના અર્થમાં પ્રવર્તે છે ) એ યુજ્ ઉપરથી યોગ નામ થયેલું છે. અને એ યોગનો અર્થ योगोऽपूर्वार्थसंप्राप्तौ संगतिध्यानयुक्तिषु અપૂર્વ અર્થની સંપ્રાપ્તિ સંગતિ અને ધ્યાનની યુક્તિઓમાં યોગ શબ્દ વપરાય છે. એમ કોષકર્ત્તાર કહેછે. તથા શ્રી વિષ્ણુપુરાણમાં યોગનો અર્થ આ પ્રમાણે દર્શાવ્યો છે:—

आत्मप्रयत्नसापेक्षा विशिष्टा या मनोगतिः ।
तस्या ब्रह्मणि संयोगो योगइत्यभिधियते ॥

॥ विष्णुपुराणषष्ठांश ॥

અર્થ:—અપેક્ષાપૂર્વક આત્મપ્રયત્ન વાળી જે મનની ગતિ, તેનો બ્રહ્મમાં જે સંયોગ, તે યોગ; એમ કહેવાય છે.

તથા શ્રીગીતામાં અરજુન પ્રતિ શ્રી કૃષ્ણ ભગવાને યોગ શબ્દનો અર્થ નીચે પ્રમાણે નિરૂપણ કર્યો છે:—

तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।

ભાવાર્થ—દુઃખના સંબંધનો જેમાં અત્યંત વિયોગ તેને યોગ શબ્દનો અર્થ જાણવો. અર્થાત્ જેમાં દુઃખનો અભાવ છે એવી અખંડ પરમાનંદાકાર વૃત્તિ તે યોગ.

યોગનો લાભ સ્પષ્ટ કરતાં યોગી યાજ્ઞવલ્ક્ય કહે છે:—

ज्ञानं योगात्मकं विद्धि योगश्चाष्टांगसंयुतः ।
संयोगो योग इत्युक्तो जीवात्मपरमनोः ॥

ટીકાઃ—જ્ઞાનને યોગાત્મક જાણ; અને એ યોગ અષ્ટાંગ ( યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ, ) યુક્ત છે. જીવાત્મા ને પરમાત્માનો જે સંયોગ, તેને યોગ એ પ્રકારે કહ્યો છે.

યોગ એટલે દીર્ઘ સમયસુધી અધ્યાત્મવિચારમાં સ્થિર ભાવ. યોગનું સ્વરૂપ વર્ણાવતાં શ્રીદક્ષસંહિતામાં કહ્યું છે કે—

वृत्तिहीनं मनः कृत्वा क्षेत्रज्ञं परमात्मनि:
एकीकृत्य विमुच्येत योगोऽयं मुख्य उच्यते ॥

અર્થઃ—ત્રણે દેહના સાક્ષીરૂપ પરમાત્મામાં, મનને વૃત્તિ રહિત એકાકાર કરીને જે મુક્ત થવું, તે મુખ્ય યોગ કહેવાય છે તેમજ પાતંજલ શાસ્ત્ર પ્રણેતા શ્રી પતંજલિ ભગવાને યોગનો અર્થ આ પ્રમાણે નિરૂપણ કર્યો છે.

**योगश्चित्तवृत्ति निरोधः**( ચિત્તવૃત્તિનો જે નિરોધ, તે યોગ ) પૂર્વોક્ત ચતુષ્ટ અંતઃકરણને આ સ્થલે માત્ર ચિત્તસંજ્ઞાવડે વ્યવહર્યું છે. અને તે ચિત્તની સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, ચેષ્ટા તથા પ્રીતિ એ તેની વૃત્તિઓ છે. એ બધા પરિણામોની જે નિવૃત્તિ, અર્થાત્ બાહ્યવસ્તુના સંબંધથી રહિત થઇ જે ક્રમે ઉદ્ભવે તેજ ક્રમે લય થાય તેનું નામ યોગ કહેવાય છે.

સત્વાદિ ત્રિગુણવશાત્ ચિત્તની પાંચ પ્રકારની ભૂમિકાઓ પાતંજલસૂત્રના ભાષ્યકાર શ્રીવ્યાસે દર્શાવી છેઃ—' **क्षिप्त मूढं विक्षिप्तमेकाग्रं निरुद्धमिति चित्तभूमयः॥**'( ક્ષિપ્ત મુઢ વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂદ્ધ એ પાંચ પ્રકારની ચિત્તની ભૂમિયો છે. ) રજોગુણાધિક્યત્વને લીધે સર્વદા વિષયલોલુપ ચિત્તને ક્ષિપ્ત ભૂમ્યારૂઢ કહેવાય છે. અને તમોગુણના પ્રભાવે મોહ તથા અજ્ઞાનપૂર્ણ ચિત્તને મૂઢ ભૂમિકાવાળું કહેવામાં આવે છે; તથા સત્વગુણનો અલ્પાંશ હોવાથી, કિંચિત્ સમય ચિત્ત સ્થિર થાય છે. ત્યારે તેને વિક્ષિપ્ત ભૂમિમાં વર્ણાય છે; સત્વગુણના પ્રાધાન્યપણાને લીધે જ્યારે એક વિષયમાંજ મગ્ન રહે છે તથા એકજ વસ્તુને લક્ષ્ય કરી સ્થિર ભાવે સ્થિત રહે છે. ત્યારે તે ચિત્તને એકાગ્રભૂમિપ્રાપ્ત મનાય છે.

અને જ્યારે બધી એ વૃત્તિઓ વિરામી કેવલ સંસ્કારમાત્ર અવશેષ રહે છે, ત્યારે ચિત્તને નિરૂદ્ધ ભૂમિકાંતર્ગત કહેવાય છે.

ઉપરની મૂઢ ભૂમિકાવાળા ચિત્તથી યોગ થઇ શકતો નથી; કારણ કે તેમાં અજ્ઞાનનું વિશેષ પણું હોય છે. ક્ષિપ્તમાં પણ સ્થિરતાના અભાવને લીધે યોગ થતો નથી માટે આ બે ભૂમિકાઓવાળું ચિત્ત એક વિષયને લાંબા કાલ સુધી ધારી શકતું નથી; તેથી તેમાં દીર્ઘ કાલ પર્યંત અધ્યાત્મવિચાર થઇ શકવાનો કે ટકી શકવાનો અસંભવ છે. અને વિક્ષિપ્તભૂમિમાં રહેલા ચિત્તમાં કિંચિત્ સ્થિરતા દેખાય છે. પણ એ સ્થિરતા બહુકાલ સ્થાયી રહેતી નથી. સ્થિર થવા જતાં સ્થિર થયું હોતું નથી, એટલામાં તો રજોગુણની પ્રબલતાથી પાછું ચંચલ થઈ જાયછે. માત્ર એટલુંજ કે વિક્ષિપ્ત, ક્ષિપ્તથી શ્રેષ્ઠ છે.

એકાગ્ર અને નિરૂદ્ધ એ બે ભૂમિકાઓ યોગના ઉપયોગની છે. ઉક્ત યોગ પણ દ્વિવિધ છે, સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત તેમાં ચિત્તની એકાગ્રભૂમિમાં જે સમાધિ થાય. તેને સંપ્રજ્ઞાત યોગ કહેવાય છે. આ સમાધિમાં ધ્યેય વસ્તુનો સમ્યક્ પ્રકારે સાક્ષાત્કાર થાય છે; બધા ક્લેશો નિવૃત્ત થાય છે; કર્મબંધનો શિથિલ પડે છે. તથા આ યોગ ક્રમશઃ પરવૈરાગ્યદ્વારા ચિત્તને સંપૂર્ણ નિરાવસ્થામાં સ્થાપે છે.

સંપ્રજ્ઞાત સમાધિ સમયે બધી વૃત્તિઓનો નિરોધ હોતો નથી; કારણ કે તત્સમયે ધ્યેયવસ્તુના સાક્ષાત્કાર વાળી વૃત્તિઓનો સદ્ભાવ રહે છે. તે વૃત્તિઓ પણ જે અવસ્થામાં અદૃશ્ય થઇ જાય છે તેનેજ નિરૂદ્ધભૂમિકા કહેવાય છે. એ ભૂમિમાં જે સમાધિ થાય તેને અસંપ્રજ્ઞાત યોગ કહેવાય છે,

અસંપ્રજ્ઞાત કહેવાનું કારણ એ છે કે તેમાં ધ્યેયવસ્તુનું ભાન પણ રહેતું નથી; ચિત્ત ધ્યેયવસ્તુમાં લીન થઇને કેવલ અનિર્વાચ્ય આનંદમાં નીમગ્ન થઇ રહે છે.; અર્થાત્ ચિત્ત સંપૂર્ણપણે પોતાના ચિત્તભાવને ભૂલી તદાકાર થઇ રહે છે.

પ્રકાશ, પ્રવૃત્તિ અને સ્થિતિ એ ત્રણ પ્રકારના સ્વભાવ વાળા અંતઃકરણમાં બાહ્ય પદાર્થોનાં પ્રતિબિંબ પડવાથી, તે તે પ્રતિબિંબ વસ્તુઓના જ્ઞાનનો ઉદય થાય છે.

ચિત્ત ( અંતઃકરણ ) ના સત્વગુણમાં સ્વયં પ્રકાશ અર્થાત્ સ્વચ્છ

આદર્શસદૃશ નિર્મલતા, અને રજોગુણમાં ધર્મ, પ્રવૃત્તિ તથા તમો ગુણમાં અંધકાર એ ત્રણુ અનુભવવામાં આવે છે. ચિત્તની અવસ્થાંતરપ્રાપ્તિનું નામ વૃત્તિ કહેવાય છે. માત્ર બાહ્ય પદાર્થોનાં પ્રતિબિંબ પડવાથીજ ચિત્ત ભૂમિકાંતર પ્રાપ્ત થાય છે, એમ નથી; પણુ એ ચિત્તના ઉપાદાનરૂપ સત્વ, રજસ્, અને તમસ્, એ ગુણત્રયની અધિકન્યૂનતાને લીધે પણુ ચિત્ત અવસ્થાંતર પ્રાપ્ત થઇ શકે છે કેમકે ચિત્તમાં જ્યારે સત્વગુણુ આધિક્ય પણે વર્તે છે. ત્યારે અંતરમાં આનંદની પ્રતીતિ થાય છે. બધી વૃત્તિઓ શાંત, સુખમય તથા ધર્મ અને વૈરાગ્ય પર પ્રીતિવાળી થાય છે. તથા ચિત્તમાં રજોગુણ પ્રાધાન્ય વર્તતાં વૃત્તિઓ અનેક ઇચ્છા–અપેક્ષા–વાળી, અનંત ચેષ્ટાયુક્ત તથા ભૌતિક પદાર્થો પર રાગ વાળી હોય છે; તથા ઐશ્વર્ય અને ભોગપ્રાપ્તિ પર પ્રીતિ થાય છે તેમજ તમસ્ પ્રધાન થતાં ચિત્ત વૃત્તિઓ પાપમય દુઃખાન્વિત, શોકાકુલ અને પ્રમાદ, નિદ્રા આલસ્ય વગેરેથી વ્યાપ્ત હોય છે. સારાંશ એજ કે ચિત્તની શુભ પણુ વૃત્તિ, ને અશુભ પણુ વૃત્તિ; ત્યારે જ્યારે એ બધીએ વૃત્તિઓ ઉપશમ પામી જાય, ત્યારે ચિત્તની નિર્વિકાર સ્થિતિ થાય છે; ત્યારે સુખ, દુઃખ, ઇચ્છા, ચેષ્ટા વગેરે કાંઇપણુ રહેતું નથી તેનું નામ યોગ કહેવાય છે. એ યોગ સંપૂર્ણ પ્રાપ્ત થવાથી ચિત્તમાં કેવલ શુદ્ધ અખંડૈકરસ આત્મસ્વરૂપનું પ્રતિબિંબ પડે છે. ત્યારે ચિત્ત પણુ આત્માની સાથે એકત્વ ધારણુ કરે છે. આત્મા, જેમ સુખદુઃખ રહિત કેવલ ચૈતન્યરૂપ છે; તેમ ચિત્ત પણુ તદ્વત્ તદ્રુપજ થઇ જાય છે. તે સમયે આત્મા તથા ચિત્તનું ભિન્નત્વ પ્રતીત થતું નથી. એજ યોગીની અંતિમ અવસ્થા અને એજ અસંપ્રજ્ઞાત સમાધિ કે જેને યોગી પુરુષો પરમ પ્રિય માની નિત્ય સેવનમાં અહર્નિશ તત્પર રહે છે માટે સાધક પણુ સતત સાવધાન થઇ તે સંપાદ્ય અસંપ્રજ્ઞાતસમાધિ પ્રાપ્ત કરવા અપ્રમત્તપણે ઉદ્યુક્ત રહેવું.

યોગનું મહત્વ પૂર્વાચાર્યોએ ઘણે સ્થળે સમ્યક્ પ્રકારે દર્શાવેલું છે. જપ, તપ, તીર્થ, યજ્ઞ, દાન વગેરે સત્કર્મની પરિસમાપ્તિ પણુ એ ઉત્તમોત્તમ યોગનો લાભ થતેજ થાય છે એ સંચય સાધ્ય થયે સાધક કર્તવ્ય પ્રાપ્તવ્યના અંતને પામી પૂર્ણકામ થાય છે.

# CERTAIN SAYINGS

## ABOUT THE EXISTENCE OF

# GOD.

## HIS FORMS, AND THE QUALIFICATIONS OF HIS DEVOTEES.

1 'Thou seest many stars at night in the sky, but findest them not when the sun rises. Canst thou say that there are no stars, then in the heaven of day? So, O man, because thou beholdest not the Almighty in the days of thy ignorance, say not that there is no God!

2 As one and the same material, viz water, is called by different names by different people—one calling it 'water', another 'Vari' a third 'acqua', and another 'Pani' or 'Udak,' so the one Satchidanand, the everlasting intelligent Bliss, is invocked by some as God, by some as Allah, by some as Hari, and by others as Brahma.

3 Two persons were hotly disputing as to the colour of a chameleon. One said, the chameleon on that palm-tree is of a beautiful red colour. The other, contradicting him, said 'you are mistaken, the chameleon is not red, but blue. Not being able to settle the matter by arguments, both went to the person who always lived under that tree and had watched

the chameleon in all its phases of colour, one of them said 'Sir' is not the chameleon on that tree of a red colour?' The person replied, 'yes, sir.' The other disputant said, 'what do you say? How is it? It is not red, it is blue! That person again humbly replied, 'yes, sir'. The person knew that the chameleon is an animal that constantly changes its colour; thus it was that he said 'yes' to both these conflicting statements.

4 The Satchidanand likewise has various forms. The devotee who has seen God in one aspect only, knows him in that that aspect alone; but he who has seen Him in His manifold aspects, is alone in a position to say, "All those forms are of one God, for God is multiform. He has forms and has no forms, and many are His forms which no one knows."

5 Many are the names of God, and infinite the forms that lead us to know Him. In what-so-ever name or form you desire to call Him, in that very form and name you will see Him.

6 Four blind men went to see an elephant. One touched the leg of the elephant, and said, 'The elephant is like a pillar! The second touched the trunk and said, 'The elephant is like a thick stick or club; The third touched the belly, and said 'The elephant is like a big jar.' The fourth touched the ears, and said, 'The elephant is like a winowing basket.' Thus they began to dispute amongst themselves as to the figure of the elephant. A passer-by seeing them thus

quarrelling said, 'What is it that you are disputing about? They told him every thing, and asked him to arbitrate. That man said, 'No one of you has seen the elephant. The elephant is not like a pillar, its legs are like pillars. It is not like a big water-vessel, its belly is like a water-vessel. It is not like a winowing basket, its ears are like winowing baskets. It is not like a thick stick or club, but it proboscis is like that. The elephant is the combination of all these. In the same manner those quarrel who have seen only one aspect of the Diety.

7. As the same sugar is made into various figures of toys and such other objects, so one sweet mother Divine is worshipped in various climes, and ages under various names and forms, different creeds are but different paths to reach the Almighty.

8. As with on gold various ornaments are made having different forms and names, so one God is worshipped in different countries and ages, and has different forms and names. Though He may be worshipped variously, some to call Him Father others Mother but yet it is one God that is being worshipped in all those various relations and modes. If the God of every religion is the same, why is it then that the God is painted differently by different religionists? (A) God is one, but his aspects are different; as one master of the house is father to one, brother to another, and husband to a third, and is called by these different names by those different persons, so one God is described and called in various

ways according to the particular aspect in which He appears to His particular worshipper.

9. In a potter's shop there are vessels of different shapes and forms. viz Pots, Jars, Dishes, plates &c. but all are made of one clay. So God is one but is worshipped in different ages and climes under different names and aspects.

10. God is one, but His aspects are many. One and the same substance may be made to taste differently, according to the different modes of preparing it, so one God is enjoyed variously (i. e in his various aspects) by His devotees.

11 Man is like a pillow-case. The colour of one may be red, another blue, another black, but all contain same cotton. So it is with man.–One is beautiful, one is black, another is a holy, a fourth wicked but the Divine dwells in them all.

12 All waters are brooded over by Narayan, but every kind of water is not fit for drink. Similarly though it is true that the Almighty dwells in every place, yet every place is not fit to be visited by man. As one kind of water may be used for washing our feet, another may serve the purpose of ablution, and others may be drunk, and others again may not be touched at all, so there are different kinds of places We approach some, we can enter into the inside of others, others we must avoid, even at a distance.

13 It is true that God is even in the tiger but we must not go and face the animal. So it is true

that God dwells even in the most wicked, but it is not meant that we should associate with the wicked

14 The manifestation of the Divinity must be understood to be in greater degree in those who are honoured, respected, and obeyed, by a large following than in those who have gained no such influence.

15 The Master said 'Everything that exists is God'. The pupil understood it literally, but not in the true spirit while he was passing through a street, he met with an elephant. The driver (Mawat) shouted aloud from his high place 'Move away, move away'. The pupil argued in his mind. Why should I move away?. I am God so is the elephant also God. What fear has God of Himself? Thinking thus he did not move. At last the elephant took him up by his trunk and dashed him aside. He was severly hurt and going back to his Master he related the whole adventure. The Master said,—All-right you are God. The elephant is God also, but God in the shape of the elephant driver (Mawat) was warning you also from above. Why did yon not pay heed to his warnings?

16 God, His scripture (The Bhagwat) and His devotee, are all to be regarded as one i. e. in one and the same light.

17 Every being is Narayan; Men or animal, sage, or knave, nay the whole Universe, is Narayan, the Suprime Spirit.

18 As many have merely heard of snow but not seen it so many are the religious preachers who

have read only in books about the attributes of God but have not realised them in their lives. And as many may have seen but not tasted it so many are the religious teachers who have got only a glimpse of Divine glory, but have not understood its real essence. He who has tasted the snow can say what it is like. He who has enjoyed the society of God in different aspects, now as a servant, now as a friend, now as a lover, or as being absorbed in Him, &c. he alone can tell what are the attributes of God.

19 As the lamp does not burn without oil, so men can not live without God.

20 The human body is like a boiling pot, and the mind and the senses are like water, rice or potatoes, &c, in it. Put the pot with its ingrediants on the fire, it will be so hot as to burn your finger, when you touch it. But the heat does not belong to the pot, nor anything contained in it but is in the fire. So it is the fire of Brahma in man that causes the mind and the senses to perform their functions and when that fire ceases to act, the senses also, or the organs stop.

21 Says God 'I am the snake that biteth and the charmer that healeth, I am the judge that condemneth and the executioner that whippeth.,

22 God tells the thief to go and steal, and at the same time warns the honseholder against the thief.

23 How doth the Lord dwell in the body? He

dwells in the body like the plug of a syringe i. e. in the body, and yet apart from it.

24. The Lord can pass an elephant through the eye of a needle. He can do whatever He likes.

25 As fishes playing in a pond covered over with reeds and scum can not be seen from outside, so God plays in the heart of a man invisibly, being screened by Maya from human views.

26. A man sitting under the shade of the Kalpa-Vraksha (wishing tree) wished to be a king, and in an instant he was a king. The next moment he wished to have a charming damsel, and the damsel was instantly by his side. The man then thought within himself if a tiger came and devoured him, and alas in an instant he was in the jaws of a tiger. God is like that wishing tree, whosoever in His presence thinks that he is destitute and poor, remains as such; but he who thinks and believes that the Lord fulfils all his wants, receives everything from him.

27 The landlord may be very rich but when a poor cultivator brings an humble present to him with a loving heart, he accepts it with the greatest pleasure and satisfaction.

28 While a bell is being rung, the repeated ding-dongs can be distinguished one from the other, but when we stop ringing an undistinguishable sound only remains audible. We can easily distinguish one note from the other, as if each distinct note had a certain shape, but the continued and unbroken sound when the ding-dongs have ceased is undistinguish-

able and formless. Like the sound of the bell, od is both with and without form.

29 As a boy begins to learn writing by drawing big scrawls, before he can master the small-hand so we must learn concentration of the mind by fixing it first on forms and when we have attained success therein we can easily fix it upon the formless.

30 As a marksman learns to shoot by first taking aim at larger and big objects, and the more he acquires the facility, the grater becomes the ease with which he can shoot at the smaller marks on the target, so when the mind has been trained to be fixed on images having forms, it becomes easy for it to be fixed upon images having no forms.

31 God is like Shri Rama, the absolute and Eternal Brahma, as well as the Father of the Universe. The indivisible Brahma is like a vast-shoreless ocean, without bounds and limits, in which I can only struggle and sink. But when I approach the always sportive (active) persona Deity (Hari) I get peace, like the sinking man who nears the shore.

32 God is formless and is with form too, and He is that which transcends both forms and formlessness. He alone can say what else He is.

33 At a certain stage of His path of devotion, the devotee finds satisfaction in God with form, at another stage, in God without from.

34 God with form is visible, nay, we can touch Him face to face as with one's dearest friend

35 As at one time I am clothed, and at another time naked, so Brahma is at one time with attributes and at another without them.

36 As water when congealed becomes ice, so the visible form of the Almighty is the materialised manifestation of the all-pervading formless Brahma. It may be called in fact, Satchidanand-solidified. As the ice being part and parcel of the water, remains in the water for a time and afterwards melts in it, so the Personal God is part and parcel of the Impersonal. He rises from the Impersonal, remains there and ultimately merges into it and disappears.

37 His name is Intelligence; His abode is Intelligence too, and He, the Lord, is Intelligence Himself.

38 Two are the occasions when the Lord smiles; first, when brothers remove the chains which partition off the family property, saying, 'This is mine and that is thine; and secondly, when the patient is on the point of death, and the Physician says, 'I will cure him.'

39 Lunatics, drunkards, and children sometimes give out the truth unconsciously, as if inspired by Heaven.

40 The sun is many times larger than the earth but owing to great distance it appears like a small disk, so the Lord is infinitely great but owing to our being too far from Him we fall very short of comprehending His real greatness.

41 Knowingly or unknowingly, consciously or unconsciously, in whatever state we utter His name,

we acquire the merit of such utterance. A man who voluntarily goes in a river and bathes therein gets the benefit of the bath; so does likewise he who has been pushed into the river by another, or who while sleeping soundly has water thrown upon him by an other.

42 *Satan* never enters the house wherein are always sung the praises of Hari.

43 A King having committed the mortal crime of Killing a Brahmana, went to the hermitage of a sage to learn what penance he must perform in order to be purified. The sage was absent from home, but his son was there. The son hearing the case of the king, said, 'Repeat the name of God ( Rama ) three times and your sin will be expiated, when the sage came back and heard the penance prescribed by his son, he said to him, in great wrath. Sins committed in myriads of births are purged at once by but once uttering the name of the Almighty. How weak must be thy faith, O son, that thou hast ordered that name to be repeated thrice ! For this offence of thine go and become a Chandala and the son became the Guhaka Chandal of the Ramayana.

44 Consciously or unconsciously, in whatever way one falls into the trough of nector, one becomes immortal. Similarly, whosoever utters the name of the Deity voluntarily or involuntarily finds immortality in the end.

45 As a large and powerful steamer moves swiftly over the water, towing rafts and barges in

its wake, so when a Saviour descends, He easily carries thousands accross the ocean of Maya (illusion.)

46 When the flood comes, it overflows rivers and streams, and makes one watery surface of all adjacent lands. But the rain-water flows away through fixed channels. When the Saviour becomes incarnate all are saved through His grace. The Siddhas (perfect ones) only save themselves with much pain and penance.

47 When a mighty raft of wood floats down a stream, it can carry a hundred men, and still it does not sink. A reed floating down may sink with the weight of even a crow. So when a Saviour becomes incarnate, innumberable are the men who find Salvation by taking refuge under Him. The Siddha only saves himself with much toil and trouble.

48 The locomotive engine reaches the destination itself, and also draws and takes with it a long train of loaded waggons. So likewise act the Saviours. They carry multitudes of men, heavily laden with the cares and sorrows of the world, to the feet of the Almighty.

49 When Bhagwan Shri Ramchandra came to this world, seven sages only could recognize Him to be the *God* incarnate. So when God descends into this world, few only can recognize His Divine nature.

50 On the tree of Satchidnand there are innumerable, Ram's, Krishna's, Shiv's etc. One or two of them, come down into this world now and then

and produce mighty changes and revolutions.

51 The Avatara or Saviour is the messenger of God. He is like the Viceroy of a Mighty monarch. As when there is some-disturbance in a far off province the King sends his viceroy to quell it so whenever there is any wanting of religion in any part of the world, God sends His Avatara there.

52 It is one and the same Avatara that having plunged into the ocean of life, rises up in one place and is known as Krishna, Rama etc, and diving again rises in another place and is known as Christ, Mahomed or Exsa, etc.

53. In some seasons water can be obtained from the great depths of the wells only and with great difficulty, but when the country is flooded in the rainy season, water is obtained with ease everywhere, so ordinary God is reached with great pains through prayers and penances, but when the flood of incar nation deconds, God is seen any where and every where.

54 A Siddha purush (perfect one) is like an archaeologist who removes the dust and lays open an old well which was covered up during ages of disuse by rank growth. The Avtara on the other hand, is like a great Engineer who sinks a new well in a place where there was no water before great man can give salvation to the one only who have the waters of piety and goodness hidden in themselves, but Savior saves him too whose heart is devoid of all love and, dry a desert.

55 Think not that Rama, Sita, Shri Krishna

Radha, Arjun &c. were not historical personages, but mere allegory or that scriptures (Shastras) have an inner and esoteric meaning only. Nay, they were human beings of flesh and blood just as you are, but because they were Divinities their lives can be interpreted both historically and spiritually.

56 None knoweth the immensity of the sacrifice which the Godhead maketh when it becomes incarnate or becomes flesh.

57 The saviours are the Brahmans as the waves are to the ocean.

58 What is the state which a Siddha attains? (a perfect man and well cooked food are both called *Siddha*. There is a pun here on the word). As potato or *Bringal* &c. when boiled properly (Siddha) becomes soft and tender so when a man reaches perfection (Siddhata) he becomes all huminity and tenderness.

59 Five are the kinds of Siddhas in the world by means of dream asperation.

(1) The Swapana Shiddhas are those who attain perfection by means of dream asperation.

(2) The Mantra Siddhas are those who attain peafection by means of any sacred mantra.

(3) The Hath of Siddhas are those who attain perfection suddenly. As a poorman may suddenly become rich by finding a hidden treasure, or by marrying into a rich family. So many sinners become pure all of a sudden, and enter the Kingdom of Heaven.

(4) The Kripa Siddhas are those who attain perfection through the tangible grace of the Almighty, as a poor man is made wealthy by the kindness of a king.

(5) The Nitya Siddhas are those who are ever perfect. As a guard or pumpkin creeper brings forth fruit first and then its flower, so the ever-perfect is born a Siddha, and all his seeming exertions after perfection are merely for the sake of setting examples of humanity.

60 There is a fabled species of birds called 'Homa' which live so high up in the heavens, and so dearly love those regions that they never condescend to come down to the earth. Even their eggs, which when laid in the sky, begin to fall down to this earth attracted by gravity, are said to get hatched in the middle of their downward course and give birth to the young ones. The fledgelings atonce find out that they are falling down, and immediately change their course and begin to fly up towards their home drawn thither by instinct. Man such as Shukadeva Narada, Shankracharya, Jesus, and others are like those birds, who even in their boyhood give up all attachments to the things of this world aud betake themselves to the highest regions of true knowledge and Divine light. These men are called Nitya Siddhas.

61 The Divine sages form, as it were the inner circle of God's nearest relatives. They are like friends, companions, Kinsmen of God. Ordinary beings form

the outer circle or are the creatures of God.

62 When the shell of an ordinary coconut is pierced through the nail enters the kernal of the nut too. But in the case of the drynut, the kernal becomes separate from the shell and so when the shell is pierced the kernal is not touched. Krishana was like the drynut i. e. His inner soul was separate from His physical shell, and consequently, the sufferings of the body did not affect him.

